પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. 30-૧૨-૨૦૨૫, મંગળવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૫૦

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જયારે દુઃખ અને કડવી વાતો બંને સહન થઈ જાય ત્યારે સમજી લેવાનું કે જીવતા આવડી ગયું છે...


**રોકડિયા પાકમાં શાકભાજીએ મેદાન માર્યુંઃ સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ભીંડાનું ઉત્પાદન**

(વાંચો છેલ્લા પાને)

ભણતરનો ‘‘ભાર’’ ઉતારવા સરકાર સજ્જ

# કોલેજોમાં દર ૧૦૦ વિદ્યાર્થીએ એક મનોવિજ્ઞાન પ્રોફેસર રાખવા ફરજિયાત

## વધતા જતા માનસિક તણાવ અને આપઘાતની મનોવૃત્તિને ટાળવા માટે ગુજરાત સરકારે રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થીઓ માનસિક સ્વાસ્થ્ય તણાવમુક્ત રહે અને તે માટે ગાઈડ લાઈન જારી કરી રાજ્ય કક્ષાની નીતિનો અમલ કરવા આદેશ



**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓમાં ભણતરનો ‘‘ભાર‘‘ ઉતારવા સરકાર હવે સજ્જ બની છે. વધતા જતા માનસિક તણાવ અને આપઘાત કરવાની મનોવૃત્તિને ટાળવા માટે ગુજરાત સરકારે રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કોલેજો માટે વિદ્યાર્થીઓના માનસિક (અનુ. આઠમા પાને)

**રેંગીગ કે સેક્સયુઅલ હેરેસમેન્ટ સામે રક્ષણાત્મક સિસ્ટમ બનાવવી પડશે**

સેક્સયુઅલ હેરેસમેન્ટ, રેગિંગ, જેન્ડર કે જાતિગત ભેદભાવ, દિવ્યાંગતા, ધર્મ કે વંશીય રીતે કે અન્ય પ્રકારની સતામણી સામે શૈક્ષણિક સંસ્થાને મજબૂત, વિશ્વસનીય અને સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવી સિસ્ટમની સ્થાપના કરવી પડશે. જેના થકી તાત્કાલિક રીતે વિદ્યાર્થીને સાયકોલોજીકલ સપોર્ટ મળી શકે. એટલું જ નહીં તેની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. ફરિયાદી સામે કિન્નાખોરી પણ રાખી શકાશે નહીં.

**ધો.૧૦થી ડિપ્લોમા સુધીના ૩૮૭૬ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી**

સમગ્ર દેશમાં ગુજરાત પણ આપઘાતની સંખ્યામાં મોખરે છે. વર્ષ ૨૦૨૩ના જારી આંકડા મુજબ ગુજરાતમાં કુલ ૮૯૪૮ લોકોએ જીવન ટૂંકાવ્યું હતું. સમગ્ર દેશમાં થતી આત્મહત્યાઓમાં ગુજરાતમાં ૫.૨ ટકા લોકોએ આપઘાત કર્યાનું પ્રમાણ છે. ગુજરાતમાં આપઘાત કરનારામાં ૬૨૬૦ પુરુષ, ૨૬૮૫ મહિલા અને ૩ ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓમાં વિવિધ કક્ષાએ માનસિક તણાવ સહિતના કારણોથી આપઘાત નોંધાયા છે. ૨૦૨૩માં ધો. ૧૦થી ડિપ્લોમા સુધીના ૩૮૭૬ વિદ્યાર્થીની આત્મહત્યા નોંધાઈ છે.

# ગુજરાતીઓ રોકાણ, ખરીદીની સાથોસાથ સાયબર ફ્રોડનો ભોગ બનવામાં પણ અવ્વલ નંબરે

## ચાલુ વર્ષના ૧૧ માસમાં સાયબર ફ્રોડની ૧૩,૧૨૨ રાવઃ સાયબર ગઠીયાઓ રૂ. ૫૬૪.૭૭ કરોડ ઉસેડી ગયા

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૫ ના મેં મહિનામાં ગુજરાતમાં રજીસ્ટર્ડ રોકાણકારોનો આંકડો એક કરોડને આંબી જતાં સૌથી વધુ રોકાણકારોની યાદીમાં ગુજરાત દેશભરમાં ત્રીજા ક્રમાંકે આવી ગયો હતો. સિક્કાની બે બાજુની જેમ રોકાણકારો વધતા ફાયદાની સાથે ગેરફાયદાઓ પણ હોય તેમ રોકાણ સંબંધિત સાયબર ગુનાઓ માટે ગુજરાત એક મુખ્ય લક્ષ્ય તરીકે ઉભરી આવ્યું છે. વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન દ્વારા નોંધાયેલા ૧૩,૧૨૨ છેતરપિંડીના કેસોમાં ગુજરાતીઓએ રૂ. ૫૬૪.૭૭ કરોડ ગુમાવ્યાનુ સામે આવ્યું છે.

**ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડની અધધધ ૧.૬૧ લાખ ફરિયાદો**

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાતમાં ૩૭ શ્રેણીઓમાં ઓનલાઈન છેતરપિંડીની વિશાળ શ્રેણી નોંધાઈ છે. જેમાં રોકાણ કૌભાંડો નાણાકીય નુકસાનનું સૌથી મોટું કારણ બની રહ્યા છે. સાયબર ક્રાઈમ ફરિયાદોમાંથી સંકલિત ડેટા અનુસાર ગુજરાતના ઈન્વેસ્ટમેન્ટ છેતરપિંડીના નુકસાનનો



હિસ્સો આ સમયગાળા દરમિયાન નોંધાયેલી ૧.૬૧ લાખ ફરિયાદોમાં તેના નાગરિકો દ્વારા ગુમાવવામાં આવેલા કુલ રૂ.૧,૩૩૪.૦૬ કરોડના નુકસાનમાંથી લગભગ ૪૨% હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની છેતરપિંડીના ભોગ બનેલાઓમાં ઉદ્યોગપતિઓ, અધિકારીઓ, ડોકટરો અને અન્ય શિક્ષિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

૧.૬૧ લાખ ફરિયાદોના પ્રતિ-કેસ વિશ્લેષણ દર્શાવે છે કે ગુજરાતના નાગરિકોએ પ્રતિ ફરિયાદ સરેરાશ ૮૨,૮૮૪ રૂપિયા ગુમાવ્યા છે. જો કે, સરેરાશ નુકસાન છેતરપિંડીના પ્રકાર દ્વારા તીવ્ર રીતે બદલાય છે.

**ડિજિટલ અરેસ્ટમાં દરેક પીડિતોએ સરેરાશ રૂ.૧૫.૪૬ લાખ ગુમાવ્યા**

ડિજિટલ અરેસ્ટ કૌભાંડોમાં દરેક કેસ દીઠ સૌથી વધુ નુકસાન (અનુ. આઠમા પાને)

**ન હોય.. સાયબર અવેરનેશ કાર્યક્રમોની હારમાળા વચ્ચે ૫૦% ઠગાઈ તો ફક્ત આઈડી-ઓટીપી આધારિત**

વર્ષ ૨૦૨૫ માં ગુજરાતની સાયબર ક્રાઈમ ફરિયાદોમાંથી લગભગ અડધી ફરિયાદો નકલી ઓળખ છેતરપિંડી, ઓતીપી છેતરપિંડી અથવા ઓનલાઈન શોપિંગ કૌભાંડોથી સંબંધિત હતી. જેમાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન દ્વારા મળેલી ૧.૬૧ લાખ ફરિયાદોમાંથી ૮૮,૭૫૩ કેસ આ ત્રણ શ્રેણીઓમાં નોંધાયેલા હતા. ૪૫,૧૫૨ કેસ સાથે નકલી ઓળખ છેતરપિંડી સૌથી વધુ નોંધાયેલી શ્રેણી હતી. ત્યારબાદ ઓટીપી આધારિત છેતરપિંડીના ૨૩,૪૮૧ અને ઓનલાઈન શોપિંગ છેતરપિંડીના ૨૦,૧૨૩ કેસો નોંધાયા છે. ડેટા દર્શાવે છે કે કુરિયર, ક્રિપ્ટો, વીજળી બિલ ચુકવણી અને સોશિયલ મીડિયા ફેક આઈડી કેસ ૧૦૦ થી નીચે રહ્યા હતા. ૧૦ અન્ય શ્રેણીઓમાં ૧૦૦ થી ૧,૦૦૦ કેસ નોંધાયા છે. નોકરીની છેતરપિંડી (૫,૩૨૭), બુકિંગ છેતરપિંડી (૬,૯૪૬), લોન અરજી છેતરપિંડી (૭,૪૯૪) ૫,૦૦૦-૧૦,૦૦૦ કેસની રેન્જમાં આવી ગયા હતા. સેકસટોર્શન કોલ્સની ૧,૧૫૭ ફરિયાદો નોંધાઈ હતી જેમાં લોકોએ રૂ. ૩.૨૫ કરોડ ગુમાવ્યા હતા.

# વિશ્વમાં રેર અર્થ મિનરલ્સમાં ભારત ત્રીજા ક્રમે હોવા છતાં માળખાગત સુવિધાના અભાવે અન્ય દેશો પર નિર્ભર


## ભારત પાસે ૬૯ લાખ ટન રેર અર્થ ઓક્સાઈડનો જથ્થો ઉપલબ્ધઃ ચીન અને બ્રાઝીલ બાદ ભારત પાસે સૌથી વધુ રેર અર્થ

**અબતક, નવી દિલ્હી**

ભારત પાસે વિશ્વમાં ત્રીજી સૌથી મોટી માત્રામાં રેર અર્થનો જથ્થો છે, પણ તેનું ઉત્પાદન વિશ્વના મોટા દેશોની તુલનામાં ખૂબ જ ઓછું છે. આમ, સંસાધનો અને વાસ્તવિક ઉત્પાદન વચ્ચે મોટો તફાવત છે, તેવું ’એમિકસ ગ્રોથ’ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે.

ડેટા અનુસાર, ભારત પાસે ૬૯ લાખ ટન રેર અર્થ ઓક્સાઈડ (આરઈઓ)ના જથ્થા છે. તે ચીન અને બ્રાઝિલ પછી ત્રીજા ક્રમે છે. ચીન પાસે ૪૪ કરોડ ટન જથ્થા છે, જે વિશ્વમાં સૌથી વધુ છે. બ્રાઝિલ પાસે ૨૧ કરોડ ટન છે. અન્ય દેશોમાં ઓસ્ટ્રેલિયા (૫૭ લાખ ટન), રશિયા (૩૮ લાખ ટન), વિયેતનામ (૩૫ લાખ ટન) અને અમેરિકા (૧૯ લાખ ટન) જેવા જથ્થા છે.

જો કે, ભારતનું ઉત્પાદન ખૂબ જ મર્યાદિત છે. ૨૦૨૪માં ભારતે માત્ર ૨,૯૦૦ ટન રેર અર્થ ઉત્પાદન કર્યું, જે વિશ્વમાં સાતમા ક્રમે છે. તુલનામાં, ચીનએ ૨,૭૦,૦૦૦ ટન ઉત્પાદન કર્યું, જે વિશ્વમાં અગ્રણી છે. અમેરિકા બીજા ક્રમે ૪૫,૦૦૦ ટન સાથે, મ્યાનમાર ત્રીજા ક્રમે ૩૧,૦૦૦ ટન સાથે છે. ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ અને નાઈજીરિયા દરેકે આશરે ૧૩,૦૦૦ ટન ઉત્પાદન કર્યું.



અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, નિયમોની મુશ્કેલીઓને કારણે ભારતમાં રેર અર્થનું ખનન ઘણા વર્ષો સુધી ધીમું રહ્યું. દાયકાઓથી, ઉત્પાદન મોટે ભાગે મર્યાદિત હતું અને તે મુખ્યત્વે ’ઈન્ડિયન રેર અર્થ લિમિટેડ’ (આઈઆરઈએલ) દ્વારા થતું, જ્યાં આ તત્વોને મુખ્ય સંસાધનોને બદલે ઉપઉત્પાદન તરીકે જોવામાં આવતા.

ખનન પછી, પ્રોસેસિંગ અને શુદ્ધિકરણ સૌથી મોટી સમસ્યા છે. વિશ્વમાં ઘણા દેશો પાસે જથ્થા છે, પણ પ્રોસેસિંગ ક્ષમતા મોટે ભાગે ચીન પાસે છે. ચીન વિશ્વના ૯૦ ટકા રેર અર્થના શુદ્ધિકરણને નિયંત્રિત કરે છે અને ભારે રેર અર્થ તત્વોનું લગભગ સંપૂર્ણ પ્રોસેસિંગ પણ કરે છે. આથી ચીનને આખા વેલ્યુ ચેઈનમાં મોટું ફાયદો મળે છે.

ભારત પાસે પ્રોસેસિંગ અને શુદ્ધિકરણની ક્ષમતા ખૂબ જ ઓછી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું, ‘‘વાર્ષિક ઉત્પાદન માત્ર થોડા હજાર ટન જ છે, અને ભારત વૈશ્વિક રેર અર્થ વેપારમાં લગભગ કોઈ ભૂમિકા ભજવતો નથી.‘‘

નિષ્કર્ષમાં, અહેવાલ કહે છે કે ભારતની સમસ્યા સંસાધનોની કમી નથી, પણ અમલીકરણ, પ્રોસેસિંગ ક્ષમતા અને વેલ્યુ ચેઈનમાં જોડાણની કમી છે. જો આ સમસ્યાઓ ન સુધારાય, તો ભારતના મોટા જથ્થા વૈશ્વિક રેર અર્થ ક્ષેત્રમાં તેને મોટી શક્તિ નહીં બનાવે.

વૈશ્વિક જથ્થા ૯૦-૧૧૦ (અનુ. આઠમા પાને)

# ગુરૂવારથી ઓસ્ટ્રેલિયામાં નિકાસ ડ્યુટી ફ્રી

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેના વેપાર કરારને ત્રણ વર્ષ પૂર્ણ થયાઃ એક વર્ષમાં ભારતની નિકાસમાં ૮ ટકાનો ઉછાળોઃ હવે ડ્યુટી ફ્રી થતા નિકાસમાં હજુ મોટો ઉછાળો આવવાની સંભાવના

**અબતક, નવી દિલ્હી**

ભારત-ઓસ્ટ્રેલિયા વેપાર કરાર એ ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. દરમિયાન, વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જાહેરાત કરી છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ઓસ્ટ્રેલિયામાં ૧૦૦% ભારતીય ઉત્પાદનો પર શૂન્ય ડ્યુટી લાગશે. આ કરાર અમલમાં આવ્યા પછી, ભારતની ઓસ્ટ્રેલિયામાં નિકાસમાં ૮% નો વધારો થયો છે. કાપડ અને ઘરેણાં ક્ષેત્રોને આનો ફાયદો થયો છે.



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના આર્થિક સહકાર અને વેપાર કરારના ત્રણ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે, ભારતીય નિકાસકારો માટે મહત્વપૂર્ણ સમાચાર છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સોમવારે જાહેરાત કરી હતી કે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી ઓસ્ટ્રેલિયામાં ભારતીય માલનું બજાર સંપૂર્ણપણે ડ્યુટી-મુક્ત થઈ જશે. આ પગલું ભારતના શ્રમ-સઘન ક્ષેત્રો માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે, કારણ કે તે કાપડ, રત્નો અને ઘરેણાં અને ચામડા જેવા ક્ષેત્રોને કોઈપણ કર અવરોધો વિના ઓસ્ટ્રેલિયન બજારમાં પ્રવેશવાની મંજૂરી આપશે.

વાણિજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ભારતની ઓસ્ટ્રેલિયામાં નિકાસમાં ૮%નો વધારો થયો છે. રસાયણો, કાપડ, પ્લાસ્ટિક, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને રત્નો અને ઝવેરાત જેવા મુખ્ય ક્ષેત્રોએ આ વૃદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. (અનુ. આઠમા પાને)

# બાંગ્લાદેશના પ્રથમ વડાપ્રધાન ખાલિદા ઝિયાનું નિધન

## ખાલિદા ઝિયા લાંબા સમયથી બીમાર હતા અને ઢાકાની એક હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી

**અબતક, નવી દિલ્હી**

બાંગ્લાદેશના પૂર્વ મહિલા વડાપ્રધાન અને વિપક્ષી પાર્ટી (BNP) ના મુખ્ય નેતા ખાલિદા ઝિયાનું ૮૦ વર્ષની ઉંમરે મંગળવારે સવારે નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને ઢાકાની એક હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. તેમને હૃદય,



લીવર અને કિડની જેવી ગંભીર બીમારીઓ હતી. તેમના નિધનથી બાંગ્લાદેશના રાજકારણમાં એક મોટા યુગનો અંત આવ્યો છે. ખાલિદા ઝિયા બાંગ્લાદેશના ઈતિહાસમાં વડાપ્રધાન બનનારા પ્રથમ મહિલા હતા. તેમણે બે વખત દેશનું શાસન (અનુ. આઠમા પાને)

ડોનાલ્ડ ટ્રમ્પને ‘ગેસ’ ચડે તો પણ વિશ્વભરને ‘અપચો’ થઈ જાય

# ‘ડોલર’ને ડુલ કરવો મુશ્કેલ જ નહીં નામુમકીન!!

## ડોલર નબળો પડે તો પણ તેની સર્વોપરિતા તોડવી અશક્ય જેવી અમેરિકા પાસે સોનાનો ભંડાર પણ અપાર

**અબતક, રાજકોટ**

અમેરિકાને જગત જમાદાર કહેવામાં આવે છે આ બિરૂદ ૧૦૦ ટકા શોભે તેવું છે અમેરિકાના રાષ્ટ્રપતિને ગેસ પણ ચડે તો આખા વિશ્વના બજારોને અપચો ઉપડી જાય. વિશ્વમાં ૫૬ ટકા વેપાર અમેરિકાની કરન્સી ડોલરમાં થાય છે. વિશ્વના કોઈપણ દેશ માટે ડોલરને ડુલ કરવો મુશ્કેલ જ નહી નામુમકીન છે. અમેરિકા પાસે સોનાનોપણ અપાર ભંડાર છે જે તેના અર્થતંત્રને વધુ મજબુત કરે છે.

જયારે કોઈ એક દેશની કરન્સી વિશ્વના ૫૬ ટકા દેશોપર પોતાનું સામ્રાજય વિકસાવીને અડીખમ રાજકરી રહ્યું હોય ત્યારે તે દેશની આર્થિક તાકાતને તોડવી કોઈ એકાદ બે દેશ કે સંગઠનની શકિત હોતી નથી.અમેરિકા આખી દુનિયામાં એવું વર્ચસ્વ ધરાવે છે કે વાઈટ હાઉસથી લેવાતા નાનામાં નાના નિર્ણયની અસર વિશ્વના તમામ દેશોમાં વદતા ઓછા પ્રમાણમાં પડે છે. અમેરિકાને તમે નફરત કરો કે પ્રેમ કરો પરંતુ તેની આર્થિક તાકાતને કયારેય અવગણી શકો નહી કોઈપણ દેશના મજબૂત અર્થતંત્ર માટે તેની પાસે રહેલું સોનાનું અનામત ભંડોળ બહુ જ મહત્વ પૂર્ણ માનવામાં આવે છે.હાલ યુએઈ પાસે સોનાનો ભંડાર છે. જેના



કારણે ડોલર સામે તેની કરન્સી તુટતી નથી જયારે અન્ય દેશોની કરન્સી ડોલર સામે સતત નબળી પૂરવાર થઈ રહી છે.

વિશ્વના ૫૬ ટકા વેપાર ડોલરથી થાય છે તે અમેરિકાની સૌથી મોટી તાકાત છે. સાથોસાથ અપાર સોનું જે અનામત છે તે અમેરિકાની તાકાત વધારી રહ્યું છે. (અનુ. આઠમા પાને)

**વિશ્વ વેપારમાં ડોલરની હિસ્સેદારી ૫૭ ટકા!!**

યુએસ ડોલર હજુ પણ વિશ્વના અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ બની રહ્યો છે. વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા રાખવામાં આવતા કુલ અનામતમાં ડોલરનો હિસ્સો આશરે ૫૭% જેટલો છે. જેની કિંમત લગભગ ૭ ટ્રિલિયન ડોલર (આશરે ૫૭,૦૦૦ ટ્રિલિયન યુનિટ્સ) નોંધાઈ છે. ડોલર સામે પડકાર છતાં વિકલ્પનો અભાવ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક બજારમાં ’ડી-ડોલરાઈઝેશન’ની ચર્ચાઓ વચ્ચે ડોલરનો હિસ્સો ધીરે ધીરે ઘટ્યો છે પરંતુ આંકડાકીય દ્રષ્ટિએ કોઈ પણ અન્ય ચલણ હજુ સુધી ડોલરનું સ્થાન લેવા માટે સમર્થ જણાયું નથી. યુરો, જાપાનીઝ યેન અને બ્રિટિશ પાઉન્ડ જેવા ચલણો હજુ પણ ડોલરની સરખામણીએ ઘણા પાછળ છે.

હૃદયથી હૃદય સુધીની વિચાર યાત્રા

# વિચારોમાં પ્રેમ, હુંફ, લાગણી અને સધીયારો ભળે ત્યારે જ તેમાં વસંતોત્સવનો આનંદ ખીલે

## કોઈપણ સંબંધ જયારે અલ્પવિરામ માંગે ત્યારે, જબરદસ્તી કરવા કરતાં તેને વિરામ આપી દેવો યોગ્ય છે, નહીં તો સંબંધમાં પૂર્ણ વિરામ આવતા વાર નથી લાગતી: જે તમને સમજે છે, તેને તમારી કોઈપણ ચોખવટની જરૂર નથી: પૃથ્વી પરનો માણસ માત્ર એના સંબંધોને આધારે જીવે છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણા વિચારો એટલા શુદ્ધ અને સકારાત્મક હોવા જોઈએ કે જયારે બીજા તેને સાંભળે કે વાંચે ત્યારે તેમના મનમાં પણ સારા વિચારોનો સંચાર થાય. જેમ સૂર્યના કિરણો જ્યાં પડે ત્યાં પ્રકાશ અને ઉષ્મા ફેલાવે છે, તેમ આપણા શબ્દો અને વિચારોએ પણ સાંભળનારના હૃદયમાં આશા, હિંમત અને સારાઈનો દીવો પ્રગટાવવો જોઈએ. સંબંધ તો આકાશ જેટલો વિશાળ છે. તમારૂ થોડું હાસ્ય કોઈકના જીવનમાં ખુશીયા લાવી શકે છે. નાના બાળક નિર્દોષતા સાથે ઓળખાણ વગર હાસ્ય વેરે ત્યારે ધરતી પર સ્વર્ગ ખડુ થાય છે. સમજણ આવે પછી બાળક પણ તરુણ કિશોર કે યુવા બનતા તેનામાં પણ સ્વાર્થ વૃત્તિ આવી જવાથી તે પણ મા-બાપ કે પરિવારનું અનુકરણ કરે છે. ૨૧મી સદીમાં બાળકોને જીવન મૂલ્યો આધારીત તેનો વિકાસ કરવો તે દરે મા-બાપની ફરજ છે. દેશો પણ પાડોશી દેશો સાથે સંબંધ વિકસાવે છે, જયારે આપણે પાડોશ કે સગાભાઈ સાથે બોલતા નથી.

માનવ જીવનમાં સંબંધનું બહુ જ મહત્વ છે. પરિવારમાં સગાસ્નેહી, મિત્ર વર્તુળ સાથે પાડોશીનો સંબંધ સંસાર યાત્રામાં મહામૂલો છે. તમારો સ્વભાવ પણ સંબંધ વિકસાવવામાં મદદરૂપ થતો હોય એ હમેંશા સારો રાખવો જરૂરી છે. જુના લોકો ભાવુક હતા તેથી તે સંબંધને ગમે તે ભોગે સંભાળતા હતા. આજના તકવાદી કે સ્વાર્થના જમાનામાં લોકોને સંબંધની સાચી વેલ્યુની ખબર જ નથી પડતી. સોશિયલ મીડિયામાં ગમે તેટલા ફ્રેન્ડલ કે ગ્રુપ હોય ખરે ટાણે કોઈ મદદ કરતું નથી. આજે બધા જ સ્વીકારે છે કે લોકો સંબંધનો ફાયદો ઉઠાવે છે. કેટલાક તો ફાયદા માટે જ સંબંધ વિકસાવે છે. સારા દેખાવ માટે ન જીવો, પણ સારા બનવા માટે જીવો એ જ જીવનની સાર્થકતા ગણાશે.

જો આપણે એવા વિચારો રાખીએ જે બીજાને વિચારતા કરી દે, એટલે કે તેમને વધુ ઊંડું વિચારવા માટે પ્રેરણા આપે, તેમના જીવનમાં સકારાત્મક ફેરફારની શરૂઆત થઈ શકે છે. એક જ સારો વિચાર કોઈના પણ મનમાં નવી દિશા, નવી આશા કે નવું સપનું જગાડી શકે છે. આથી જ આપણી જવાબદારી છે કે આપણે જે વિચારીએ, બોલીએ કે લખીએ તે બીજાના મનને ઉજાસ આપનારું અને ઉત્તેજન આપનારું હોય.




આજે આપણે શ્રીમંત ગરીબના વિભાગો પાડીને પણ એકબીજાથી દુર થતાં જાય છે. નાનુ બાળક આવો ભેદભાવ ક્યારેય આવતો નથી. દરેકે નાનકડા બાળક પાસેથ પણ ઘણું શીખવાની જરૂર છે. વર્ષો પહેલાની આપણી કુટુંબ વ્યવસ્થામાં સંયુકત કુટુંબ પ્રથામાં સંબંધો સોળે કલાએ ખીલ્યા હતા. પરિવારમાં કોઈ નબળો ભાઈ સબળા ભાઈઓનાં લોહીના સંબંધોએ જીવન પૂર્ણ કરી જતો હતો. સંબંધો સમોવડીયા સાથે જ હોય એ જરૂરી છે પણ નાના કે મોટા વચ્ચે પણ એક શ્રેષ્ઠ નિસ્વાર્થ સંબંધોની ગાંઠ હોય છે. આપણાં સ્વભાવ, ગેર સમજણ કે કોઈની વાતોમાં આવીને આપણે સંબંધ બગાડીએ છીએ પછી સાચી વસ્તુની ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

વિચાર ભેદ હોય શકે પણ મન ભેદ ન હોય ત્યાં સંબંધો ટકી જતા હોય છે. સંબંધોની માવજત જરૂરી હોય છે એકબીજાની સહનશકિત અને સમજદારી જ તેને વધુ ઘટ્ટ કરે છે. કોઈ સલાહ આપે એનો મતલબ એ નથી કે તે સમજદાર છે. માણસ તેના અનુભવોથી માણસને વધુ ઓળખતો થાય છે. માણસે માણસ પાસેથી શીખવવાનું છે પણ શરત એટલી કે માણસ માણસ બની જીવે તે એક અગત્યની બાબત છે.

પક્ષીઓ કયારેય બાળકોના ભવિષ્ય માટે માળો બનાવીને નથી રાખતા, તે ફકત તેના બચ્ચાને ઉડવાની કળા શીખવે છે. માનવી પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના સ્વભાવ કે જીદ કે સ્વાર્થ વૃત્તિને કારણે હેરાન થાય છે. સારા સંબંધો જીવનમાં કયારેય એકલવા આવવા જ નથી દેતી. સંબંધો બગડે ત્યારે જ માનવ જીવનમાં એકલતા આવે છે. પરિવારમાં સંબંધોનું બહુ જ મહત્વ છે ત્યારે તેને જાળવવો સૌની વિશેષ જવાબદારી છે.

સંબંધના દાયરામાં મા-બાપ, પતિ-પત્ની, પુત્રો-પુત્રી કે નજીકનાં તમામ સગા આવી શકે છે. મા-બાપ વચ્ચેના ઝગડા કે ગેર સમજણ તો પરિવારને છિન્નભીન્ન કરી નાંખે છે. આજના યુગમાં છૂટાછેડાના વધતા બનાવોમાં આવા સબંધોની ગેરસમજણ કે સહનશીલતાનો અભાવ જોવા મળે છે. મોટાભાગના ઉમરમાં મોટા થયા હોય પણ સંબંધો વિકસાવવામાં નિષ્ફળ ગયા હોય છે. ઘણી વાર આપણે પણ વિચારતા હોય કે આપણો પણ સમય આવશે પણ છેલ્લે તો આપણે આપણાં ભૂતકાળના દિવસોને જ સારો સમય ગણાવીએ છીએ.



આપણાની સામે કયારેય આપણે સચ્ચાઈ સાબિત કરવાની ન હોય, એ સંબંધો જ ખોટા ખરાબ માણસ પણ સારા સંબંધો નિભાવી જાણતો હોય છે. સંબંધોમાં પ્રેમ, હુંફ, લાગણી ને સધિયારો ભળે ત્યારે જ તેમાં વસંતોત્સવનો આનંદ ભળે છે. અંધારાને દૂર કરવાની મહેનત કરવા કરતાં સૌએ એક સંબંધનો દિવો પ્રગટાવીને બધાના ભલા માટે આગળ આવવાની જરૂરી છે. સંબંધ ડેવલપ કરવા ઘણું ધ્યાન રાખવું પડે છે. કોઈ માણસ હૃદયથી વાત કરતો હોય ત્યાર તમારે તમારુ મગજ લગાવવાની જરુર જ નથી હોતી, પણ બધા અહિં જ ભૂલ કરે છે તેથી સંબંધો તુટે છે. કોઈ માણસ તૈયાર હોય અને તે તમારી સાથે મગજ ચલાવીને વાત કરે ત્યારે તમારે હૃદય સભર ન જ થવું એ પણ એટલું જ સત્ય છે.

### સંબંધ એ જીવનનું સપ્ત સુરમય સંગીત

અંગત સંબંધોમાં કયારેય સમીકરણો માંડવાના ના હોય, એક બીજાના સહવાસમાં જ સઘળું ઉકેલાય જાય છે. મૈત્રીનું કે સંબંધોનું એવું રસાયણ છે જેમાં સંસાર યાત્રાના હજારો કિલોમીટર ઓગળી જાય છે. સંબંધોમાં તિરાડ કે ગાંઠ પડી જાય તો તેને ખોલવા કે સાંધવામાં બન્નેની સમજદારી છે. સંબંધ એ જીવનનું સપ્ત સુરમય સંગીત છે, જેમાં સુરતાલમાં ગડબડ થાય તો જીવન બેસુરુ બની જાય છે. દરેક માનવી પોતાની જીવન યાત્રા દરમ્યાન કોઈને કોઈ પ્રકારના સંબંધથી જોડાયેલા હોય છે. એક બીજા વગર જીવી ન શકનાર જેવા પ્રેમ સંબંધો પણ હોય છે. જીવનની ઢળતી સંધ્યાએ એકબીજાના પ્રેમ હુંફ અને લાગણીના સંબંધો શુદ્ધ સોના જેવો પ્રેમ વરસાવે છે. આજે વ્યવસાયિક સંબંધો, મતલબી સંબંધો, ઋણાનુબંધ કે કુદરતે નકકી કરેલા સંબંધો હોય છે. પૂર્વ ગ્રહ યુકત રિલેશન અને ઘણા તો વેરની વસુલાત પુરતા પણ સંબંધો જોવા મળે છે.

મિત્રતા અને સંબંધ તો એકબીજા માટે મદદરુપ થવાની પવિત્ર ભાવના જ છે તેમાં કયારેય લાભની વાત ન આવે, સુખ કરતા જે દુઃખમાં તમારી સાથે ઉભો રહે તે તે જ સાચો સંબધી, સગા-સંબંધી આપણે એટલે કહીએ છીએ.

આજની મતલબી દુનિયામાં લોકો સબંધને વાપરે છે. સંબંધી એ કરેલી મદદ એ ઋણ છે તેને કયારેય ભૂલશો નહી. કેટલાક તો તમારુ જ ખાઈને તમારું જ ખોદતા હોય છે. ઘણા લોકો તમારી આસપાસ કે પરિવારમાં હોય તેને બધા કહેતા હોય કે તે 'સંબંધ' રાખવા જેવો માણસ છે. જીવનમાં કયારેય કોઈ સાથે છળકપટ કરશો નહી. સંબંધ વિકસાવીને દગો આપવો નહી. આજે તો આ યુગમાં નજીક ના જ સંબંધો તમને હેરાન કરતા જોવા મળે છે. સાચા લોકો હોય તેની પરિક્ષા ન લેવી. ઈશ્વર અને ભકત વચ્ચે પણ અતુટ સંબંધો જ મોક્ષ માર્ગ અપાવે છે.સફળ જીવનના બે મંત્રો હમેશા યાદ રાખવા જેવા છે જેમાં ઉતાવળ ધીરજથી કરવી, અને ક્રોધ શાંતિથી કરવો. પૃથ્વી પર નો માણસ માત્ર એના સંબંધોને આધારે જીવે છે. અભણ, શ્રીમંત, લુચ્ચો, ભોળો, લાગણી શીલ કુ પ્રેકધટીકલ કે સમાર્ટ બધાને પોતાના સંબંધો હોય છે. અપેક્ષા વગરના સંબંધો આખા જીવન ભર ટકી રહે છે. આજના યુગમાં સંબંધની એકપણ સ્પષ્ટ વ્યાખ્યા મળવી મુશ્કેલ છે. જીવનના ખાલીપાને દુર કરવામાં 'સંબંધ' જ રામબાણ ઈલાજ છે. કોઈપણ સંબંધ જયારે આપણી સાથે હોય ત્યારે તેનું મુલ્ય સમજાતું નથી, એ જયારે તૂટે છે ત્યારે જ તેની સાચી કિંમત આપણને ખબર પડે છે. એકબીજા પ્રત્યે કંઈક કરી છુટવાની ભાવનાને જ સાચો સંબંધ કહેવાય છે.

# આગામી કેન્દ્રીય બજેટ શેરબજાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ

## એફઆઈઆઈની સતત વેચવાલીથી શેરબજારનું મોરલ તૂટ્યું છે: અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં વિલંબથી શેરબજાર પર અસર

## ટેરિફના પ્રશ્નોનો જો સમાધાન નહીં થાય તો નિકાસની સ્થિતિ ખરાબ થવાની શક્યતા: બજેટમાં એક્સપોર્ટરોને ઈન્સેન્ટિવ અથવા અન્ય રાહતની પ્રબળ સંભાવના

### આવનારા ત્રિમાસિક પરિણામો એટલે કે ક્વાર્ટર ત્રણના કોર્પોરેટસના રીઝલ્ટ પણ મહત્વના સાબિત થશે



અબતક, રાજકોટ

આવનારા કેન્દ્રીય બજેટમાં એટલે કે ૨૦૨૬-૨૭ ના બજેટમાં દેશના સામાન્ય નાગરિકો માટે ઉપરાંત કોર્પોરેટ્સ અને ખાસ કરીને શેરબજારના રોકાણકારો માટે શું નવું આવશે તેની ચર્ચા બજેટ ના એક મહિના પહેલા જ શરૂ થઈ ગઈ છે. હાલમાં શેર બજારની સ્થિતિ હાલક-ડોલક છે. ભલે નિફ્ટી- સેન્સેક્સ ની સપાટી જળવાયેલી છે પરંતુ, મીડકેપ અને સ્મોલકેપ ની હાલત જોઈએ,તેવી સારી તો નહીં બલકે ખરાબ જોવા મળી રહી છે. આવનારા એકાદ અઠવાડિયા પછી કવાટર ત્રણના પરિણામો જાહેર થશે. જે શેરબજાર માટે ખૂબ જ મહત્વના સાબિત થશે.

ખાસ કરીને જી.એસ.ટીના ઘટાડા પછી જે રીતે ઓટો થી લઈને દરેક વસ્તુ ઓ માં જે રીતે ખરીદી થઈ છે,તે જોતા આંકડાઓ સારા આવવાની શક્યતા પૂરેપૂરી છે. વ્યાજદરો ના ઘટાડાની અસર પણ જોવા મળશે.

જો બજેટમાં લોંગ ટર્મ કે શોર્ટ ટર્મ ટેકસમાં વધારો જાહેર થશે,તો બજાર માટે ખૂબ જ કપરો અને અઘરો સાબિત થશે. જો વ્યાજદરો યથાવત રહેશે તો બજારમાં ખાસ કોઈ વધઘટ જોવા નહીં મળે,પરંતુ જો શોર્ટ ટર્મ કે લોંગ ટર્મ ટેક્સ માં રાહત આપવામાં આવશે તો બજારમાં તેજી ફાટી નીકળશે. પરંતુ ટેક્સ માં ઘટાડાની શક્યતા નહીંવત છે.બીજી બાજુ એસ.ટી.ટીમાં પણ ઘટાડો આવે તો બજાર માટે ખૂબ જ પોઝિટિવ કારણ બનશે. કારણ કે,ભારતીય શેરબજાર અત્યારે મલ્ટીપલ ટેક્સ થી પરેશાન છે. એસ.ટી.ટી, જી.એસ.ટી, એલ.ટી.સી.જી, એસ.ટી.સી.જી ઉપરાંત સેબી ફી, એકસચેન્જ ચાર્જીસ, ડી.પી ચાર્જીસ અને શેર બ્રોકરની બ્રોકરેજ વગેરે ખર્ચાઓ ટેક્સ ભર્યા પછી રોકાણકારો માટે કંઈ બચે તો ભલે બાકી નુકસાની જ વેઠવાનો વારો આવે છે.

એફઆઈઆઈની વેચવાલીના કારણોની વાત કરીએ તો એફઆઈઆઈએ રોકાણ કર્યું હોય ત્યારે ૭૮ ના ડોલરના ભાવથી ૧૦૦ શેર ખરીદ્યા હોય તો ૧૦૦ ડોલરમાં ૧૦૦ શેર ૭૮ ના ભાવથી કોઈપણ કંપનીમાં રોકાણ કર્યું હોય તેમ માની લઈએ અને આજે એ કંપનીના શેરોના ભાવ ૯૧ રૂપિયા હોય તો એફઆઈઆઈને કંઈ જ ફાયદો નથી. કેમકે એ ૧૦૦ શેરના ૯,૧૦૦ મળે પરંતુ ૧૦૦ ડોલર લેવા ૯,૧૦૦ જ ખર્ચવા પડે, માટે એફને રૂપિયા ના અવમૂલ્યનથી મોટું નુકસાન જતું હોય, તે માટે એફઆઈઆઈ શેરો વેચી રહી છે. ટૂંકમાં એફઆઈઆઈને વર્ષો સુધી રોકાણ કર્યા પછી પણ નફો મળતો નથી. કારણ કે આ નફો ડોલર ઊંચા ભાવે ખરીદી કરવામાં સેટ ઓફ થઈ જતો હોય છે. અમુક દેશોમાં ડોલર સામે લોકલ કરન્સીમાં એટલો ઘસારો જોવા મળતો નથી. એટલે એફ.આઈ.આઈ પણ આવા જ દેશોમાં રોકાણ કરવાનું મુનાસીબ માની રહી છે. શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર ભારત-અમેરિકા વચ્ચે વ્યાપાર સંબંધમાં જે રીતે વિલંબ થઈ રહ્યો છે, તે ચિંતા નો વિષય છે. આવનારા બજેટમાં નિકાસકારોને જો રાહત આપવામાં આવે તો તે પોઝિટિવ સાબિત થશે.કોઈ પણ પ્રકારનો ટેક્સ માં વધારો શેર બજાર માટે ઘાતક સાબિત થશે.એસટીટી,એલટીસીજી અને એસટીસીજીમાં રાહત બજારમાં નવા પ્રાણ ફૂંકશે. સરવાળે હવે શેરબજાર માટે ત્રીજા ક્વાટરના પરિણામો અને આવનારૂ વર્ષે ૨૦૨૬-૨૭નું બજેટ ખૂબ જ મહત્વનુ સાબિત થશે.

# આઈએમએ દ્વારા ઈ.એન.ટી. સર્જન ડો.હિમાંશુ ઠક્કરને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત

## ડો. હિમાંશુ જગદીશચંદ્રની ઉત્તમ માનવતાભરી સેવાને બિરદાવાઈ

અબતક, રાજકોટ

સમાજ પ્રતિષ્ઠિત અને સન્માન જનક પાત્ર તબીબોની સેવા માત્ર કારકિર્દીલક્ષી નહીં પરંતુ માનવતાના ધોરણે સમાજમાં ખૂબ જ આદર્શ ગણવામાં આવે છે તાજેતરમાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન ની નેશનલ કોન્ફરન્સમાં ૨૭ મી ડિસેમ્બરે અમદાવાદ ખાતે યોજાયેલા ધ ફોરમ સેલિબ્રેશન એન્ડ કન્વેન્શન ક્લબ ૭ ના કાર્યક્રમમાં જાણીતાઈએન ટી સર્જન ડોક્ટર હિમાંશુ જગદીશચંદ્ર ને કબીબી જગતના પ્રતિષ્ઠિત ગણાતા ડોક્ટર એ કે એન સિંહ નેશનલ એવોર્ડ થી નવાજવામાં આવ્યા હતા. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના રાષ્ટ્રીય સેમિનારમાં દેશભરના પ્રતિષ્ઠિત તબીબો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડોકટર હિમાંશુ જગદીશચંદ્રને એવોર્ડ એનાયત




કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાંડો. દિલીપ ભાનુશાળીડો. સરબરી દત્તા ડો. આર. વી અશોકન ડો. મેહુલ પટેલ (પ્રેસિડેન્ટ, IMA ગુજરાત સ્ટેટ બ્રાન્ચ) ડો. અનિલ પટેલ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ગૌરવપૂર્ણ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકેજય શાહ (ચેરમેન - ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ, ICC), માનદ અતિથિ તરીકે શંકર ચૌધરી તથા માનદ અતિથિ તરીકે મયંકભાઈ નાયક ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંતડો. કેતન દેસાઈ ડો. અનિલકુમાર નાયક ડો. આર. વી. અશોકન ડો. પીયૂષ જૈનખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ડો. હિમાંશુ ઠક્કરે ઈએનટી ક્ષેત્રમાં. ખાસ કરીને બાળકો અને પ્રૌઢોમાં શ્વાસનળી તથા અન્નનળીમાં ફસાયેલા વિવિધ વસ્તુ એન્ડોસ્કોપી (દુરબીન) દ્વારા કાઢી. અનેક અતિ જટિલ અને જોખમી કેસમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. તેમણે અનેક જીવ બચાવતી સર્જરીઓ સફળતાપૂર્વક કરી છે.

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૧૨-૨૦૨૫ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાવ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૬:૦૦ લોયાધામ: મુક્તમુનિ મહોત્સવ (લાઈવ)
day-10 - session -02
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૩૦ શ્રી હનુમાન ચાલીસા યુવા કથા (લાઈવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૧૨-૨૦૨૫ બુધવાર**
૦૬:૦૦ થી ૦૯:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૦૯:૦૦ થી ૧૨:૦૦ લોયાધામ: મુક્તમુનિ મહોત્સવ (લાઈવ)
day-11 - session -01

### અબતક પંચાગ

**તા.૩૧-૧૨-૨૦૨૫ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** પોષ શુદ બારશ
**નક્ષત્ર** કૃતિકા
**યોગ** આધ્ય **કરણ:** બવ
**સુર્યોદય** ૭.૨૬ **સુર્યાસ્ત:** ૬.૧૪
**ચંદ્ર રાશી** મેષ સવારે ૯.૨૨થી વૃષભ
**રાશિ અક્ષર** અ.લ.ઈ/બ.વ.ઉ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૮ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

### સૂડોકુ -૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | | | | ૧ | ૫ | |
| | ૧ | | | | ૫ | | ૩ | |
| ૨ | | | ૯ | | | | ૪ | |
| ૪ | | | | | ૭ | | ૧ | |
| ૩ | | | ૫ | | ૯ | | ૮ | ૨ |
| | | | ૧ | ૩ | | | ૬ | ૭ |
| ૧ | ૨ | | | | ૮ | | | |
| | ૫ | | | | | ૬ | | |
| ૬ | ૪ | | ૨ | | | | ૯ | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૨૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૪ | ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ |
| ૨ | ૮ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૭ | ૬ | ૫ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૩૧.૧૨.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૨, પોષ સુદ બારસ, કૃત્તિકા નક્ષત્ર, સાધ્ય યોગ, બવ કરણ આજે સવારે ૯.૨૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** જીવનમાં યોગ્ય વિચારપદ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.

**મિથુન (ક,છ,ઘ) :** વાદ વિવાદથી દૂર રહેવું, જામીનગીરી ના કરવા સલાહ છે, અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.

**સિંહ (મ,ટ) :** વેપારીવર્ગને સારું રહે, નવી દિશાઓ ખુલતી જણાય, પ્રગતિ થાય, નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.

**કન્યા (પ,ઠ,ણ) :** ધ્યાન યોગ મૌનથી લાભ થાય, દાન ધર્મ કરી શકો, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.

**તુલા (ર,ત) :** દૂર દેશથી સારા સમાચાર મળે, લાગણીની વાત વ્યક્ત કરી શકો, સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**વૃશ્ચિક (ન,ય) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ધ્યાન રાખવું, લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે, મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય, વિશેષ પ્રતિભા કેળવી શકો.

**કુંભ (ગ,સ,શ) :** કોર્ટ કચેરીમાં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદથી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**મીન (દ,ચ,ઝ,થ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

# સિંહ જેવું સબળ નેતૃત્વ હોય તો ઘેટાની સેનાથી પણ યુધ્ધ જીતી શકાય: સ્વામી ધર્મબંધુજી

## પ્રાંસલા ખાતે ૨૬મી રાષ્ટ્રકથા શિબિરમાં જસ્ટીસ પ્રકાશ શ્રીવાસ્તવ, પર્યાવરણવિદ પતંજલી ઝા, ઓલિમ્પિક જયુરી બિલ્કીશ મીર સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ



**અબતક, રાજકોટ**

સ્વામી ધર્મબંધુજી દ્વારા આયોજીત ૨૬મી રાષ્ટ્રકથા શિબીરના ત્રીજા દિવસના પ્રવચન સત્રમાં સ્વામી ધર્મબંધુજી ઉપરાંત નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચેરમેન જસ્ટીસ પ્રકાશ શ્રીવાસ્તવ, પર્યાવરણવિદ પતંજલી ઝા, ઓલમ્પિક જયુરી બિલ્કીશ મીર, સીએસએફના આઈજી અભિષેક ગોયેલ, નિવૃત ડીજીપી પ્રકાશસીગ વકતવ્યો યોજાયા હતા.

વિશેષપણે જનરલ જી.ડી.બક્ષીએ ઓપરેશન સિંદુરના સમગ્ર ઘટનાક્રમની વિવિધ તસ્વીરો સાથે પીપીટીથી પ્રેઝેન્ટેશન રજુ કર્યુ હતું. સ્વામી ધર્મબંધુજીએ શિબિરાર્થીઓને ઉચ્ચ સ્તરની કાર્યક્ષમતા માટે સદૈવ તત્પર રહેવાનું માહાત્મય સમજાવતા જીવનમાં ૬ સિધ્ધાંતો ઉતારવા અનુરોધ કર્યો હતો. સૌપ્રથમ સબળ નેતૃત્વ. જે સમાજ અને દેશનું નેતૃત્વ સબળ હોય તે આગળ વધી શકે. જો ઘેટાની સેનાનો નેતા સિંહ હોયતો એ સિંહની સેના કે જેનો નેતા ઘેટા હોય તેની સામે જીતી જાશે. આ પ્રસંગે તેમણે પંજાબના ચમકૌરશા સાહિબ મુકામે જયારે ગુરૂ ગોવિંદસિંહને પોતાના માત્ર ૪૦ સૈનિકો સાથે ૧૦૦૦૦ની મુઘલ સેનાનો સામનો કરવાની વેળા આવી ત્યારે તેમણે પોતાના પુત્ર અજીતસિંગને સૌપ્રથમ આગળ કરીને સુત્ર આપ્યું હતું કે, ચીડીયા સે બાઝ લડાઉ. સવા લાખ સે એક લડાઉ તબ મે ગુરૂ ગોવિંદસિંહ ક્હેલાઉ.અને બાકીના ૩૯ સૈનિકોમાં જોશ ભરીને વિજયી થયા હતા એ શૌર્યતાભર્યો કિસ્સો જણાવેલ.આ ઉપરાંત અન્ય સિધ્ધાંતોમાં તાલીમ પામી સજ્જ રહેવું, સચોટ અને સમયસર માહિતી મેળવવી, પડકારોનો સામનો કરવાની પ્રતિબધ્ધતા કેળવવી, એકતાની ભાવના રાખવી અને જરૂરિયાત મુજબના સંસાધનો હાથવગા રાખવા.

આ પૈકી માહિતીની મહત્તા વિશે જણાવતા સ્વામી ધર્મબંધુજીએ કહ્યું કે, સચોટ માહિતીના અભાવે શકિતશાળી અમેરિકાએ ૧૯૮



ટાવરના બદલ માટે અફઘાનિસ્તાનને ૪ દિવસમાં હરાવાની શેખી મારી હતી જે ૨૦ વર્ષ પછી હજારો અમેરિકન સૈનિકોની ખુવારી સાથે ઉચાળા ભરી ગયું હતું. તેમણે આર્નોલ્ડ ટોફલેરની ૧૯૯૯માં પ્રકાશિત બુક થર્ડ વે ને ટાંકીને કહ્યું હતું કે, ૨૧મી સદીમાં યુધ્ધ જીતવા માટે મિલીટરી કરતાં અધિક મહત્વ માહિતીનું રહેશે. આથી આપના સ્રોતમાંથી સમયસર માહિતી મળતી રહેવાથી કાર્યક્ષમતામાં વૃધ્ધિ કરી શકાય. નિવૃત ડીજીપી પ્રકાશસીગ શિબિરાર્થીઓને જરૂરિયાત કરતા અધિકની અપેક્ષા ભ્રષ્ટાચારને જન્મ આપે છે અને હંમેશા બહાદુર બનવા આદર્શ જીવન જીવવા અને મહિર્ષ અરવિંદના સુત્ર ટાંકીને શક્તિશાળી સાથે સહિષ્ણુ બનવા સમજાવ્યું હતું. ૧૯૬૯માં રચાયેલ સીએસએફ પેરામિલીટરી ફોર્સના આઈજી અભિષેક ગોયેલ એ તેમનું કાર્યક્ષેત્ર છે દેશના એરપોર્ટ, બંદરો, ન્યુકલીયર એકમો તેમજ વ્યુહાત્મક સ્થળોની સુરક્ષા કરવી. શિબીરાર્થીઓને તેમણે જણાવેલ કે, અહીંયા આપને વિવિધ પ્રાંત, ભાષા અને ધર્મ-જાતિના લોકો સાથે રહેવાની તક મળી છે જે રાષ્ટ્રની વિવિધતાઓને સમજવા અને તેની એકતા માટે પ્રતિબધ્ધ થવા પ્રેરી રહેલ છે.

### ઓપરેશન સિંદુરનું પીપીટી પ્રેઝેન્ટેશન





આજે જનરલ જી. ડી. બક્ષી એ શિબિરાર્થીઓને તા. ૨૨ એપ્રિલએ પહેલગામમાં ફરવા ગયેલાઓ ઉપર પાકિસ્તાનના લશ્કરી વડા મુનીરના ઈશારે ધર્મ પુછી પુછીને કરાયેલા હત્યાઓથી માંડીને સ્સમગ્ર ઘટનાઓ દરમિયાન ભારત દ્વારા લેવામાં આવેલ પગલાઓ, તેમાં ઉપયોગમાં લીધેલ ડોર્ન, મિસાઈલ, તોપ, વિમાનો વિગેરે શસ્ત્રો, લશકરી પ્રયુક્તિઓથી માંડીને પાકિસ્તાનમાં તબાહ કરેલ આંતકવાદીઓના અડ્ડાઓની તસ્વીરો સાથે જોશભરી રજુઆત કરી હતી. આ સાથે તેમણે અગાઉ થયેલ ઉરી સર્જીકલ સ્ટ્રાઈકની ઘટનાની પણ માહિતી આપી હતી.

### કમ્ફર્ટ ઝોન છોડીને કમીટમેન્ટ કરી શકે એ જ રમતવીર બની શકે: ઓલિમ્પિક જયુરી બિલ્કીશ મીર



એકવા વુમન ઓફ કાશ્મીર, ૨૦૧૨ની લંડન ઓલમ્પિકમાં નેશનલ કોચ અને ૨૦૨૪ની પેરિસ ઓલમ્પિકમાં જયુરી તરીકે પ્રતિનિધિત્વ કરનાર બિલ્કીશ મીરએ શિબિરાર્થીઓને પ્રેરક સંબોધન કરતાં જણાવેલ કે, જે કમ્ફર્ટ ઝોન છોડીને કમીટમેન્ટ કરી શકે એજ રમતવીર બની શકે.

### પર્યાવરણ અને રાષ્ટ્રની સેવા કરો: જસ્ટીસ પ્રકાશ શ્રીવાસ્તવ



નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચેરમેન પ્રકાશ શ્રીવાસ્તવ એ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વર્તમાન જીવનશૈલીથી પર્યાવરણ જોખમાઈ રહ્યું છે. આજે સમયની માંગ છે પ્રકૃતિ પાસેથી મેળવ્યું છે તે ભાવિ પેઢી માટે શુધ્ધ સ્વરૂપે જાળવી રાખવું. આ માટે પ્રત્યેક વ્યક્તિએ સંવેદનશીલતા દાખવવાની જરૂર છે કે, પોતાના ઘરમાંથી નીકળતા શાકભાજી વેસ્ટ સહિતના ઘન કચરા, પેકિંગ સ્વરૂપે આવતા પ્લાસ્ટિકના ક્ચરાને યોગ્ય વિભાગીકરણ કરીને બહાર યોગ્ય રીતે નિકાલ કરે. શહેરી જીવનશૈલીમાં શહેર બહાર કચરાના ગંજ ખડકાઈ રહ્યા છે જેનો યોગ્ય નિકાલ કરવામાં ના આવે તો તેમાં આગ લાગવાની, મિથેન ગેસ નીકળવાની અને વરસાદી ઋતુમાં ભુતળમાં દુષિત પાણી પહોંચવાના ભય સ્થાનો રહ્યા છે. તેમણે શિબિરાર્થીઓને અનુરોધ કર્યો હતો કે, પોતાના ઘર, શાળા, ગામ વિગેરે સ્થળે જનજાગૃતિ લાવીને પર્યાવરણ અને રાષ્ટ્રની સેવા કરો.

### રસાયણવિહોણી ખેતી પર્યાવરણ માટે જરૂરી: પર્યાવરણ વિદ પતંજલી ઝા



આયકર વિભાગના કમિશ્નર પદેથી વયનિવૃત પામીને સ્વયં ભોપાલ મુકામે રસાયણ વિહોણી ખેતી કરી પર્યાવરણ જાગૃતિ માટે અભિયાન ચલાવતા પતંજલી ઝા એ જણાવ્યું હતું કે, જંતુનાશક દવાઓ અને રસાયણયુકત ખાતરથી એકતરફ જમીન બિન ઉપજાઉ થતી જાય છે અને બીજી તરફ કેન્સર જેવા રોગથી વ્યક્તિની આર્થિક, શારિરીક બરબાદી થઈ રહી છે. આરોગ્ય સંસ્થાના આધારભુત આંકડા કહે છે કે, દેશની ૧૦ % વસતી કેન્સરના ભરડામાં આવી જશે.

# વાંકાનેર: કોંગ્રેસ સ્થાપના દિવસે પક્ષની નીતિ જનજન સુધી પહોંચાડવા માટે લેવાયા સંકલ્પ

## પૂર્વ ધારાસભ્ય પીરઝાદા અને આગેવાનોએ કોંગ્રેસ ધ્વજને આપી સલામી



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ ૧૪૧માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જૈ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આગેવાનોએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ હંમેશા દેશની એકતા, સામાજિક ન્યાય અને જનહિતના મુદ્દાઓ માટે લડતો રહ્યો છે અને આવનારા સમયમાં પણ પ્રજાના પ્રશ્નોને લઈ સંઘર્ષ ચાલુ રાખશે.

કાર્યક્રમ દરમ્યાન કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત બનાવવા તથા પક્ષની નીતિઓને જનજન સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવાયો હતો.

વાંકાનેરના પુર્વ ધારાસભ્ય મહંમદજાવેદ પીરઝાદા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ વનરાજભાઈ રાઠોડ, શહેર પ્રમુખ અરવિંદભાઈ આંબલીયા, જીલ્લા પંચાયત સદસ્ય હરદેવસિંહ જાડેજા, કરશનભાઈ લુંભાણી, એપીએમસી ચેરમેન ગુલામભાઈ પરાસરા, વા. ચેરમેન નાથાભાઈ ગોરીયા, તાલુકા પંચાયત સદસ્ય યાકુબભાઈ સંજર, ઉસ્માનભાઈ માથકીયા, યુનુસભાઈ શેરસીયા તેમૃ કોંગ્રેસ અગ્રણી નારણભાઈ કેરવાડીયા, પાંચાભાઈ ધરજીયા, ડો. રૂકમુદ્દીન, ફારૂકભાઈ કડીવાર, જોશનાબેન રાઠોડ, રમેશભાઈ પબતાણી, દાનાભાઈ ઝરવરીયા, આબીદભાઈ ગઢવારા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત કોંગ્રેસ ધ્વજ ફરકાવી સલામી આપી રાષ્ટ્રીત ગાય કરવામાં આવી હતી. જે બાદ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના ઈતિહાસ, સ્વતંત્રતા આંદોલનમાં પક્ષના યોગદાન તથા લોકશાહી મૂલ્યોની રક્ષા માટે કોંગ્રેસે આપેલા બલિદાનો અંગે આગેવાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# જૂનાગઢ: સિવિલ હોસ્પિટલમાં ન્યુમોનિયા પીડિત ૭૬ વર્ષીય દર્દીને મળ્યું નવજીવન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની સિવિલ હોસ્પિટલના તબીબોની ૨૧ દિવસની અથાગ જહેમતે રંગ લાવ્યો છે અહીં સારવાર લેવા આવેલ ૭૬ વર્ષીય વૃદ્ધને લાખોનો ખર્ચ થતી સારવાર સરકારી હોસ્પિટલમાં નિઃશુલ્ક તો મળી જ છે તે સાથે તેમને નવું જીવનદાન પણ મળ્યું છે.

અગાઉ બે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધા બાદ પણ ગંભીર ન્યુમોનિયાના કારણે નાજુક હાલતમાં પહોંચી ગયેલા ૭૬ વર્ષીય દામજીભાઈ વશરામભાઈ વેકરીયાને જૂનાગઢની સરકારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.અને ગત તા. ૨ ડિસેમ્બરના સિવિલના મેડિકલ આઈસીયુ વોર્ડમાં રાખવામાં આવ્યા હતા, હાલત ગંભીર હતી જેથી તેઓને વેન્ટિલેટર સપોર્ટ પર હતા. ન્યુમોનિયાના ચેપને કારણે દર્દીને કિડની ફેલ્યુઅર અને શોક જેવા જીવલેણ કોમ્પ્લિકેશન સર્જાયા હતા.

જે દરમિયાન તબીબી અધિક્ષક ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ અને આરએમઓ ડો. એ.સી. કુબાવતના માર્ગદર્શન હેઠળ મેડિસિન વિભાગ, પલ્મોલોજિસ્ટ, નેફ્રોલોજિસ્ટ અને નર્સિંગ સ્ટાફની ટીમે ૨૧ દિવસ અથાગ પ્રયત્નો સાથેની સારવાર આપી હતી. પરિણામે, ૭૬ વર્ષીય દર્દી સંપૂર્ણ સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યા છે.

આ બાબતે ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ખાનગી મલ્ટી - સ્પેશ્યલિસ્ટ હોસ્પિટલમાં જે સારવાર માટે લાખોનો ખર્ચ થાય, તે અહીં વેન્ટિલેટર, દવાઓ અને તમામ રિપોર્ટ સહિત નિઃશુલ્ક ઉપલબ્ધ આપવામાં આવી હતી.




# ચોટીલા: નેશનલ હાઈવે જમીન સંપાદન હેઠળ ખેડુતને રૂ. ૭.૬૧ લાખના વળતરનો ચેક અર્પણ

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**



ચોટીલા નેશનલ હાઈવે જમીન સંપાદનના કામે ચોટીલા બાયપાસમા સાંગાણી ગામના સર્વે નંબર ૬૮/પૈકી ૨ વાળી જમીન સંપાદનમા કપાત થતી હોય જેથી સક્ષમ સત્તાધિકારી જમીન સંપાદન અને નાયબ કલેકટર અને પ્રાંત-ચોટીલા દ્વારા સાંગાણી ગામના ખેડૂત રાજાભાઈ અરજણભાઈ ટોળીયાને વળતરની રકમ રૂપિયા ૭,૬૧,૮૯૫ પુરાનો વળતરની રકમનો ચેક આખરી એવોર્ડ જાહેર કરી ખાતેદારને આપવામાં આવેલ છે.


**મેડીકલ રેકોર્ડસ નિકાલ માટેની જાહેરખબર**

બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટમાં તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીના ઈન્ડોર દર્દી તરીકે દાખલ થયેલ (મૃત્યુ અને મેડીકો-લીગલ સીવાયના) દર્દીઓના મેડીકલ રેકોર્ડ્સના નિકાલ કરવાનું હોસ્પિટલે નકકી કરેલ છે. જે કોઈ દર્દીને, દર્દીના સગા-સંબંધીઓ, કોઈ ડોકટર્સ કે અન્ય લાગતા વળગતા વ્યકિતને રેકોર્ડની જરૂરીયાત હોય તો દર્દીનું નામ, આઈ.પી.ડી. નંબર, દર્દીનો ઓળખનો પુરાવો, દર્દી સાથેનો સંબંધ, રેકોર્ડ મેળવવાનો હેતુ વગેર વિગતો સાથે હોસ્પિટલના ટ્રસ્ટ વિભાગમાં હિતેશ ચાવડાને જાહેરાત પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં મેડીકલ રેકોર્ડ મેળવવા માટે લેખિતમાં માંગણી કરવાની રહેશે. ૩૦(ત્રીસ) દિવસ બાદ ઉપરોક્ત સમયગાળાના મેડીકલ રેકોર્ડ કોઈપણ વ્યકિત મેળવી શકશે નહી. અને તા.૩૧-૧૨-૨૦૨૦ પહેલાના સમયગાળાનાં ઈન્ડોર મેડીકલ રેકોર્ડ્સનો નિકાલ કરવામાં આવશે. ૩૦(ત્રીસ) દિવસ બાદ ઉપરોકત મેડીકલ રેકોર્ડ્સની કોઈ માહિતી આપવા હોસ્પિટલ બંધનકર્તા રહેશે નહીં.

વધુ માહિતી માટે બી.ટી.સવાણી કિડની હોસ્પિટલના ટ્રસ્ટ વિભાગમાં **હિતેશ ચાવડાનો સંપર્ક કરવો. મોબાઈલ નં.૭૦૧૬૨૭૪૦૪૦**

**બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ**
**યુનિવર્સિટી રોડ, રાજકોટ**

# જસદણ: મોહંમદ બદામીએ હ. અલી સાહેબની જન્મ જયંતિએ ‘મનકબત’નું લેખન કર્યુ



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જામનગર જિલ્લાના કાલાવડ ગામે રહેતા મોહંમદભાઈ બદામી નામના યુવાનએ થોડાં દિવસો પછી ઈસ્લામ ધર્મના યુગપુરુષ હઝરત અલી (અ.સ.) ની આગામી ૧૪૭૦મી જન્મજયંતિ નિમિતે ખાસ મનકબતનું લેખન કરતાં તેમને ઠેર ઠેરથી અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યાં છે મોહંમદભાઈ બદામી કાલાવડ દાઉદી વ્હોરા સમાજમાં ઝાકેરિન તરીકે છેલ્લાં ૧૪ વર્ષથી ખિદમત આપી રહ્યાં છે ખાસ કરીને તેઓ દાઉદી વ્હોરા સમાજના નોહા અને મરસિયાનું લેખન કાર્ય પણ છેલ્લાં ૭ વર્ષથી કરી રહ્યા છે જે ખાસ્સા લોકપ્રિય બન્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા – દબાણ હટાવ વિભાગ

ઈ-ટેન્ડર જાહેર નોટીસ (ત્રીજો પ્રયત્ન)

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ વિભાગ દ્વારા રાજકોટ શહેરમાંથી જપ્ત કરવામાં આવેલ રેકડી, કેબિન અને અન્ય પરચુરણ માલસામાન વેચાણથી આપવા રેઈટ કોન્ટ્રાક્ટ કરવાનો છે. આ કામે રસ ધરાવનાર ઈસમોઓએ ઓનલાઈન ટેન્ડર વેબસાઈટ http://tender.nprocure.com પર ભરવાનું રહેશે. ઓનલાઈન ટેન્ડર તા.30/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧-00 કલાક થી તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮-00 કલાક સુધીમાં ભરી શકાશે. તથા ફિઝીકલ ડોક્યુમેન્ટસ, ટેન્ડર ફી અને અર્નેષ્ટમની ડિપોઝીટની રકમ સાથે તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮-00 કલાક સુધીમાં રજી.એડી./સ્પીડપોસ્ટ/કુરીયરથી રાજકોટ મહાનગરપાલિકા, દબાણ હટાવ વિભાગ, રૂમ નં.૯, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન ઓફિસ, ઢેબર રોડ ખાતે પહોંચતા કરવાના રહેશે. તેમજ આ અંગેની પ્રિ-બીડ મિટીંગ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧-00 કલાકે રાખવામાં આવેલ છે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

તંત્રી લેખ

# સોના અને ચાંદીમાં હવે સાવધાની જ સલામતી

સોના અને ચાંદીને દાયકાઓથી સલામત રોકાણ માનવામાં આવે છે. હાલ છેલ્લા થોડા સમયથી જે રીતે બંને કિંમતી ધાતુઓના ભાવમાં સતત વધારો નોંધાય રહ્યો છે તે જોખમકારક પુરવાર થઈ શકે છે. આવામાં સામાન્ય નાગરિકોએ તેજીના આવેશમાં આવી સોના કે ચાંદીની આંધળી ખરીદી કરવાના બદલે સાવધાની રાખવી તે જ મોટી સલામતીનો રસ્તો છે.

અગાઉ લગ્ન પ્રસંગ કે અન્ય શુભ પ્રસંગોમાં જ સોના કે ચાંદીની ખરીદી કરવામાં આવતી હતી. આ બંને કીમતી ધાતુ એટલી સલામત માનવામાં આવે છે. કે ગમે ત્યારે સંકટ સમયે તેનું વેચાણ કરી સંકટમાંથી મિનિટોમાં બહાર નીકળી શકાય છે પરંતુ જે રીતે હવે વિશ્વ આખું બીલીયન બજાર તરફ વાળ્યું છે જેના કારણે હવે બંને કીમતી ધાતુઓ સામાન્ય નાગરિકના ગજાની બહાર નીકળી ગઈ છે.

સોના અને ચાંદીના ભાવ કેટલા વધી ગયા છે કે હવે સામાન્ય લોકોએ તેને ખરીદવા માટે વિચાર શુદ્ધ પણ કરવો પોસાય તેમ નથી. ભાવમાં એકધારા વધારાના કારણે હવે વેપારીઓ પણ સાવચેત બની ગયા છે અમદાવાદ સહિતના મોટા શહેરોમાં છેલ્લા ઘણા દિવસથી વેપાર સ્થગિત કરી દેવામાં આવ્યો છે.

જેના કારણે સ્થાનિક બજારમાં પણ એમસીએક્સ પરના ભાવના આધારે સોદા પડી રહ્યા છે. જો આવું જ ચાલ્યા કરશે તો આગામી દિવસોમાં એવું બનશે કે સોના અને ચાંદીની બજારમાં ભારે અછત ઉભી થશે હાલ આ બંને કીમતી ધાતુમાં સલામતી જ સૌથી મોટું પરિબળ છે.

# બાબરકોટ: અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના બેફામ પ્રદુષણથી પ્રજા ત્રાહીમામ: તંત્રના આંખ આડા કાન

## સરપંચ અને ગ્રામજનોની વારંવાર રજૂઆત છતા ઉકેલ ન આવતા વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવા માંગ તેમજ આંદોલનની ચીમકી આપી

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે આવેલ અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ નર્મદા સિમેન્ટ વર્ક્સ અને ગુજરાત સિમેન્ટ વર્ક્સ કોવાયા કંપનીના બેફામ પ્રદૂષણ અને બિનકાયદેસર માઈનિંગથી બાબરકોટ ગામના ખેડૂતો અને ગ્રામજનો પરેશાન થયા છે.

નર્મદા સિમેન્ટ વર્ક્સ કંપની ગામથી ખૂબ નજીક આવેલ છે. આ કંપની દ્વારા કલિંકર, અને સિમેન્ટના બેફાર્મ પ્રદૂષણના કારણે બાબરકોટ ગામના લોકોમાં ગળાની બીમારી, ફેફસાના રોગો, આંખના રોગો, ચામડીની બીમારી, હુમલાની બીમારી, હૃદય રોગની બીમારી, કેન્સર જેવી ગંભીર બીમારીઓ ગામના લોકોમાં ખૂબ વધી રહી છે. બાબરકોટ ગામના લોકોનું જીવન જોખમાઈ રહ્યું છે. જેના કારણે બાબરકોટ ગામના લોકોને જીવન જીવવાના અધિકાર છીનવાઈ રહ્યો છે.

બાબરકોટ ગામના સરપંચ પ્રતિનિધિ અનકભાઈ છનાભાઈ સાંખટ, ઉપસરપંચ પાચાભાઈ ભુપતભાઈ સાંખટ, સભ્યશ્રી છનાભાઈ સાંખટ, બીજલભાઈ



સાખટ, કાનજીભાઈ મકવાણા, નાનાભાઈ ગોહિલ અને બાબરકોટ ગ્રામ પંચાયત દ્વારા જણાવ્યું હતું કે પ્રદૂષણની સાથો સાથ આ બંને કંપનીઓ દ્વારા ગામના ગૌચર જમીન સર્વે નંબર ૨૧૪, ૧૯૮, ૨૭૮ અને ૮૬ તથા સરકારી પડતર જમીન સર્વે ૩૬૬ ઉપર ખનન અને જાહેર રસ્તાઓ કરીને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. પર્યાવરણ સંરક્ષણ ધારો ૧૯૮૬ તથા ભારત સરકારના વર્ષ ૨૦૧૩ ના કંપની કાયદાનું આ બંને અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ કંપનીઓ દ્વારા ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. પ્રદૂષણ બાબતે સરપંચ દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પ્રદૂષણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. આથી આ બંને કંપનીનું (ઈ.સી.) રદ કરવા સરપંચ દ્વારા વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા સાહેબ તથા અમરીશભાઈ ડેર ને રજૂઆત કરવામાં આવી છે.

તેમજ બાબરકોટ સરપંચ દ્વારા ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા સાહેબને આ બંને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના પ્રદૂષણ બાબતે વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવા બાબતે રજૂઆત કરવામાં આવી છે. તેમજ ઉકેલ નહી આવે તો આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

# ધ્રોલ: ખીજડીયામાં ખેતરોમાંથી પસાર જતી વીજ લાઈન મુદે ખેડુતોનો હુંકાર

## પાલભાઈ આંબલીયાની આગેવાનીમાં અન્યાય સામે લડત આપવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યા

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખીજડીયા ગામે ખેતરોમાંથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનોના પ્રશ્ને ખેડૂતોમાં ફેલાયેલા રોષ વચ્ચે ખેડૂત નેતા પાલભાઈ આંબલીયાએ મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. ખીજડીયા ગામે હરીચંદ્ર સિંહ જાડેજાની વાડીએ યોજાયેલી આ બેઠકમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા અને વીજ લાઈનથી થતા નુકસાન અંગે ઉગ્ર રજૂઆતો કરી હતી.ખેડૂતોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ખેતરોની વચ્ચેથી પસાર થતી ઊંચી વીજ લાઈનોને કારણે ખેતીકામમાં પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. ટ્રેક્ટર



ચલાવવાથી લઈને સિંચાઈ સુધીના કામોમાં સતત જાનમાલનું જોખમ રહે છે. આ ઉપરાંત, જમીન સંપાદન અને વીજ લાઈન નાખવા સામે જે વળતર મળવું જોઈએ તે પણ પૂરતું મળતું ન હોવાની ફરિયાદ ખેડૂતોએ કરી હતી.ખેડૂત નેતા પાલભાઈ આંબલીયાએ ખેડૂતોની સમસ્યાઓને ગંભીરતાથી સાંભળી જણાવ્યું હતું કે, વિકાસના નામે ખેડૂતોના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે તે સાંખી લેવામાં નહીં આવે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી હતી કે જો ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં નહીં આવે અને તેમની સુરક્ષાના પ્રશ્નો ઉકેલાશે નહીં, તો ખેડૂત હિતમાં આગામી દિવસોમાં ઉગ્ર સંઘર્ષનો માર્ગ અપનાવવામાં આવશે.

આ બેઠકમાં ખીજડીયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ એકસૂરે પોતાની માંગણીઓ રજૂ કરી હતી અને અન્યાય સામે લડત આપવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# જામજોધપુર: ભાજપના નવા સંગઠન માળખાને અભિનંદન પાઠવતા પૂર્વ ધારાસભ્ય જાડેજા

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**



ગુજરાત ભાજપ સંગઠનનું જાહેર થયેલ છે જેમાં યુવા નેતૃત્વ ને તક આપી સામાજીક સમરસતા દાખવી છે. આ નવા માળખામાં હોદેદાર તરીકે વરણી પામેલ સહુ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાનોને આવકારી અભિનંદન પાઠવી અને આગામી દિવસેમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન વધુમાં વધુ મજબુત બનાવે અને ગુજરાતના વિકાસના કામોમાં સહભાગી બને અને મજબૂતાઈથી પોતાના કાર્યોમાં આગળ વધે અને ખુબ જ સરસ ટીમ બનાવી તે બદલ શુભકામના માર્કેટીંગ યાર્ડના ચેરમેન તથા પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજાએ પાઠવી છે. ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા પોતાની આગવી સુઝ અનુભવી ક્ષમતાથી યુવાઓને તક આપી જ્ઞાતિ બેલરોન્સ જાળવી ગુજરાત ભાજપના સંગઠનની રચના કરતા પૂર્વ ધારાસભ્ય તેમજ યાર્ડના ચેરમેન બ્રિજરાજસિંહ જાડેજાએ માનનીય ગુજરાત રાજયના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માજીને સંગઠન ની સુંદર ટીમ બનાવવા બદલ શુભેચ્છા પાઠવી છે.

# કાલાવડના જાલણસર ગામના યુવા ઉપસરપંચ દેવરાજ વૈષ્ણવનો જન્મદિવસ



કાલાવડ તાલુકાના આમ આદમી પાર્ટીના પૂર્વ પ્રમુખ અને કાલાવડ તાલુકા ના જાલણસર ગામ ના યુવા ઉપસરપંચ દેવરાજ વૈષ્ણવ નો આજ રોજ જન્મ દિવસ હોય તો દેવરાજ વૈષ્ણવ ના આજ રોજ જન્મ દિવસ નિમિતે દેવરાજ વૈષ્ણવ ને તેમના પરિવાર જનો, સગા વ્હાલા સ્નેહીજનો, રાજકીય સામાજિક અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સહિત મીત્ર મંડળ જન્મ દિવસ ની હાર્દિક શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# બાંગલાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારના વિરોધમાં અંજારમાં જનઆક્રોશ સભા

## સ્વામીનારાયણ મંદિર ખાતે યોજાયેલ જન આક્રોશ સભામાં હિન્દુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા

**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ પર સતત થઈ રહેલા હુમલા, અત્યાચાર અને માનવાધિકાર ભંગના વિરોધમાં અંજાર ખાતે રવિવારે જન આક્રોશ સભા તથા શ્રદ્ધાંજલી અર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સનાતન હિન્દુ



સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, વિવિધ સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો હાજર રહ્યા હતા.

જન આક્રોશ સભાને સંબોધતા અંજાર સ્વામિનારાયણ મંદિરના સંતશ્રી કૃષ્ણપ્રિય સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી, મહંતશ્રી શ્યામદાસજી મહારાજ એ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા હુમલા, હિન્દુઓની સંપત્તિ પર ગેરકાયદેસર કબજો તથા મહિલાઓ પર થતા અત્યાચાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. મહેશ્વરી સમાજના ધર્મગુરૂ ખીમજી ડાડા માતંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત લોકોએ પ્લે કાર્ડ અને બેનરના માધ્યમથી વિવિધ સૂત્રો પ્રદર્શિત કરી વિરોધ નોંધાવ્યો હતો. ઉપરાંત, સનાતન હિન્દુ સમાજના નાગરિકોએ સહી અભિયાન હાથ ધરી, કેન્દ્ર સરકારને ઈમેલ તથા પત્ર લખીને પોતાનો વિરોધ અને માંગ રજૂ કરી હતી.

કાર્યક્રમના અંતે અંજાર સનાતન હિન્દુ સમાજ દ્વારા બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અન્યાય સામે એકતા, સંયમ અને દ્રઢતા સાથે અવાજ ઉઠાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સોમનાથ: બાગાયતની વિવિધ યોજનાઓ માટેની અરજીઓ ૩૧ જાન્યુઆરી સુધીમાં જમા કરાવી શકાશે

**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂત મિત્રોને બાગાયત વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, બાગાયતખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાય લક્ષી યોજનાઓ અંગે વર્ષ: ૨૦૨૫-૨૬ માટે આઇ - ખેડૂત પોર્ટલ ખૂલ્લું મુકવામાં આવ્યું છે.

જે ખેડૂતોએ વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં અરજીઓ કરેલી છે, તેમણે અરજીની નકલ સાથે મંજૂરી પત્રમાં દર્શાવ્યા મુજબના જરૂરી સાધનિક કાગળો આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અપલોડ કરી નાયબ બાગાયત નિયામક ની કચેરી, નગર પાલિકા સામે, વિનાયક પ્લાઝા, ત્રીજો માળ, ટેલીફોન નં. ૦૨૮૭૬-૨૪૦૩૩૦, વેરાવળ ખાતે તારીખ : ૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં બીનચૂક જમા કરાવવાના રહેશે.

## સ્વાગત ફરીયાદ કાર્યક્રમમાં થયેલી રજૂઆતનો સુખદ અંત

# તાલાલામાં રૂ.૧ કરોડની જમીન પરના દબાણનો સફાયો

## અરજદારે કરેલી રજૂઆત બાદ કલેકટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ ગલ્લા રેકડી ધારકોને હટાવાયા

**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

વેરાવળ જિલ્લા કલેકટર એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને આયોજિત જિલ્લા સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદાર દ્વારા તાલાલા ખાતે દબાણનો પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો. જેનું વહીવટી તંત્ર દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું છે.

તાલાલા પાલીકાએ રૂ.૧ કરોડની પેશકદમી ખુલી કરાવી કિન્નાખોરી રાખી સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદનો ઉકેલ આવ્યો રેકડી ધારકો-ગલ્લા ધારકો ૪૦ વર્ષથી તે જગ્યાપર રોજીરોટી કમાતા હતા.કલેકટરના માર્ગદર્શન હેઠળ અને તાલાલા ચીફ ઓફિસર દેવીબહેન ચાવડાની આગેવાનીમાં



તાલાલા નગરપાલિકા ખાતેનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.આમ, પ્રશાસનની સક્રિયતાના પરિણામે જિલ્લા સ્વાગતમાં થયેલી ફરિયાદનું નિરાકરણ આવ્યું છે. જિલ્લામાં જન ફરિયાદ નિવારણના આ ટેકનોલોજીયુકત અભિગમ સ્વાગતના માધ્યમ થકી અનેક રજૂઆતોનું સફળતાપૂર્વક નિવારણ થતું રહ્યું છે. સ્વાગતનો વ્યાપ રાજ્ય સ્વાગતથી લઈને જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્વાગત સુધી વિસ્તર્યો છે.

# ભારતની સમૃદ્ધ દરિયાઈ વિરાસતનું પ્રતીક ‘કૌડિન્યા’ ઓમાન જવા રવાના

## ઓમાનના રાજદૂત ઈસા સાલેહ અલ શિબાની અને વેસ્ટર્ન નેવલ કમાન્ડના વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામિનાથન દ્વારા જહાજને ફ્લેગ ઓફ અપાયું:૧૫ દિવસમાં ઓમાન પહોંચશે

**અબતક,અશોક થાનકી, પોરબંદર**

ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસા અને પ્રાચીન જહાજ નિર્માણ કળાને જીવંત કરવાના હેતુથી ભારતીય નૌકાદળ દ્વારા નિર્મિત પરંપરાગત સઢવાળુ જહાજ ‘કૌડિન્યા’ પોરબંદરના દરિયાકિનારેથી ઓમાન જવા માટે રવાના થયું છે.

ઓમાનના રાજદૂત ઈસા સાલેહ અલ શિબાની અને વેસ્ટર્ન નેવલ કમાન્ડના વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામિનાથન દ્વારા આ જહાજને ઔપચારિક રીતે ફ્લેગ ઓફ ( આપવામાં આવી હતી.આ સફર દ્વારા હિંદ મહાસાગરમાં પ્રાચીન સભ્યતાઓના સંબંધો અને



દરિયાઈ માર્ગોને પુનઃજીવિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.કમાન્ડર વિકાસ શિયોરનના નેતૃત્વમાં આ જહાજ ૭૫૦ નોટિકલ માઈલનું અંતર કાપીને ૧૫ દિવસમાં ઓમાન પહોંચશે. આ અભિયાનમાં કુલ ૪ અધિકારીઓ અને ૧૩ નૌકાદળના ખલાસીઓ સામેલ છે. પ્રોજેક્ટના ઓફિસર-ઈન-ચાર્જ કમાન્ડર વાય. હેમંત કુમાર પણ આ ઐતિહાસિક સફરનો હિસ્સો બન્યા છે.

### ૨૦૦૦ વર્ષ જૂની ટેકનીકનો ઉપયોગ

આ જહાજની ખાસિયત એ છે કે તે સંપૂર્ણપણે ૨૦૦૦ વર્ષ જૂની ’ટાંકાવાળી’ જહાજ નિર્માણ પદ્ધતિથી બનાવવામાં આવ્યું છે. ૬૫ ફૂટ લંબાઈ, ૨૨ ફૂટ પહોળાઈ અને ૫૦ ટન વજન ધરાવતું આ જહાજ ઐતિહાસિક સ્રોતો અને જૂની નેવિગેશન પદ્ધતિઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ સફર ભારત અને ઓમાન વચ્ચેના સદીઓ જૂના વેપારી અને સાંસ્કૃતિક સંબંધોને ફરી તાજા કરશે.


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપી શુભેચ્છા

જહાજ રવાના થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર જહાજની તસવીરો શેર કરતા જણાવ્યું હતું કે, ‘‘પ્રાચીન ભારતીય ટેકનીકથી બનેલું આ જહાજ ભારતની સમૃદ્ધ દરિયાઈ પરંપરાઓને ઉજાગર કરે છે. આ અનોખા વારસાને જીવંત બનાવવા માટે હું ડિઝાઈનર્સ, કારીગરો અને ભારતીય નૌકાદળને અભિનંદન આપું છું.‘‘

# વાંકાનેર: કામા અશ્વ પ્રદર્શન રમોત્સવ રંગેચંગે સમાપન થતાં સહયોગીઓનો આભાર માનતા સાંસદ કેશરીસિંહજી ઝાલા

## પૂર્વ મહારાજા દિગ્વિજયસિંહજી સાહેબની સ્મૃતિમાં યોજાયેલા ૧૭મો કામા અશ્વ પ્રદર્શન અને રમોત્સવ યાદગાર બની રહ્યો

**અબતક, લીતેશ ચંદારાણા, વાકાંનરે**



૩૧વર્ષ બાદ આવો ભવ્ય ઉત્સવ વાંકાનેરના આંગણે હોવાથી લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ અને બહોળી સંખ્યામાં કાર્યક્રમ જોવા માટે આવેલ હતા. મહારાણા કેસરીદેવસિંહજી તરફથી આ ત્રણ દિવસના મહોત્સવમાં સહયોગ આપનાર પશુપાલન વિભાગ અને ટુરીઝમ વિભાગના અધિકારીઓનું સન્માન કરી આભાર માનેલ. તેમજ ભુવનેશ્વરીપીઠના ઘનશ્યામજી મહારાજનું પણ બહુ માન કરેલ. છેલ્લા ત્રણ દિવસથી જે સ્વયસેવકો તેમજ વાંકાનેર સંગઠનના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકોનું અને ખાસ કરીને બધા જ સમાજના તેમજ ખાસ કરીને પત્રકાર મિત્રોનો આભાર માન્યો હતો.

પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ મંત્રી હકુભા જાડેજા મોરબી મોરબી જિલ્લાના પ્રમુખ, સંગઠનના હોદ્દેદારો તથા રાજવી પરિવારમાંથી ચંદ્રમણી સાહેબના દિકરીબા ભાગ્યવંતીબા સાહેબ (જામવા સ્ટેટ) તથા રાગીનીબા ખટાઉ સાહેબ અને એમના દિકરાશ્રી બ્રિગુ સાહેબ અને યુધિષ્ઠિર સાહેબ તેમજ લાઠી સ્ટેટના યાતેંદ્ર સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા. આઈ.જી. સાહેબ રાજેંદ્રસિંહ ચુડાસમા સાહેબની વિશેષ ઉપસ્થિત રહી હતી.

પૂર્વ મહારાજ દિગ્વિજયસિંહ સાહેબજી સ્મૃતિમાં યોજાયેલ આ ૧૭મો કામા અશ્વર પ્રદર્શન અને રમતોત્સવ-૨૦૨૫ વાંકાનેરી જનતા માટે યાદદાર બની રહેશે.

# ધ્રાંગધ્રા: ઉપન્યાસ પબ્લીક સ્કુલના વિદ્યાર્થીઓએ જેસડાના જંગલોમાં માણ્યો પ્રકૃતિનો રંગ

## પ્રાકૃતિક શિક્ષણ શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ વન્યજીવ અને મીઠા ઉદ્યોગની જાણકારી મેળવી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ઉપન્યાસ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક શિક્ષણ શિબિર અંતર્ગત જેસડા રેન્જ ફોરેસ્ટની મુલાકાત લીધી હતી. શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ, પર્યાવરણ તથા વન્યજીવન પ્રત્યે જાગૃતિ અને સમજ વિકસાવવાનો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને પરંપરાગત અગરિયા મીઠું કેવી રીતે પકવવામાં આવે છે તેની વ્યવહારુ અને માહિતસભર સમજ આપવામાં આવી હતી. સાથે જ ઝરખ, ઘુડખર




જેવા મહત્વપૂર્ણ વન્યજીવો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવતા વિદ્યાર્થીઓમાં વન્યજીવન પ્રત્યે વિશેષ રસ અને કૌતુહલ જગાયું ફોરેસ્ટ વિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જંગલ વિસ્તારમાં ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓએ વન્યજીવોને નજીકથી નિહાળ્યા અને કુદરતી વાતાવરણનો જીવંત અનુભવ કર્યો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ આનંદિત અને ઉત્સાહભર્યા માહોલમાં નજરે પડ્યા શાળાના સંચાલન દ્વારા ભવિષ્યમાં પણ આવી શૈક્ષણિક, માહિતીપ્રદ અને પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓમાં કુદરત પ્રત્યે સંવેદનશીલતા અને જવાબદારીની ભાવના વિકસે.

# સોની બજારના બે વેપારીઓનું રૂ.૬૦.૯૮ લાખનું સોનું ઓળવી બંગાળી કારીગર પલાયન

## એક વર્ષથી કમિશનથી ઘરેણાં બનાવતો શેખ બાદસા ૪૭૩.૫ ગ્રામ સોનું હાથમાં આવતા જ વતન નાસી છૂટ્યો

## એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાતા તાત્કાલિક એક ટીમને તપાસ અર્થે પશ્ચિમ બંગાળ રવાના કરાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટની સોની બજારમાંથી વધુ એક બંગાળી બે વેપારીઓનુ રૂ.૬૦.૯૮ લાખની કિંમતનુ ૪૭૩.૫ ગ્રામ સોનુ દાગીના બનાવવા અર્થે મેળવી વતન નાસી ગયાનો બનાવ સામે આવ્યો છે. જે મામલે ગુનો નોંધાતા એ ડિવિઝન પોલીસની એક ટીમ તપાસ અર્થે તાત્કાલિક પશ્ચિમ બંગાળ ખાતે દોડી ગઈ હતી. બનાવ અંગે રાજકોટના લક્ષ્મીવાડી શેરી નં.-૧૪/૩ ના ખૂણે વ્રજધામ મકાનમાં રહેતવા ૪૫ વર્ષીય સોની વેપારી જીતેશભાઈ શાંતીલાલ રાણપરાએ આરોપી તરીકે પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના વતની શેખ બાદશાનુ નામ આપતાં એ ડિવિઝન પોલીસની ટીમે વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, હું રાજકોટની સોનીબજાર બોઘાણી શેરી રાઘવ કુંજ કોમપ્લેક્ષ બીજા માળે દુકાન નં-૨૦૧ માં કારીગરો રાખી સોનાના ઘરેણા બનાવવાનુ કામ કરૂ છુ. મારે ત્યાં છ જેટલા માણસો કામ કરે છે, શેખ બાદસા નામનો કારીગરને હુ કમીશન ઉપર સોનાના દાગીના બનાવવા માટે આપતો હતો. તેમજ તે અન્ય વેપારીના પણ કમીશન ઉપર દાગીના બનાવવાનુ કામ કરતો હતો. ફરિયાદીના જણાવ્યા અનુસાર રાઘવ કુંજમા આવેલ મારી દુકાન નં-૨૦૧ મા મારી સાથે છ જેટલા કારીગરો કામ કરે છે. એક કારીગર શેખ બાદસા એકાદ વર્ષથી મારે ત્યાં કામે આવેલ હતો. શેખ બાદસાને મે ગઈ તા.૦૫/૧૦/૨૦૨૫ ના રોજ ૨૩૫.૫૦૦ ગ્રામ ૨૨ કેરેટ સોનુ મે કમીશનથી બોર બનાવવા માટે આપેલ હતુ. પાંચેક દિવસમાં શેખ બાદસા મને બોર બનાવી, પોતાનું કમીશન લઈ ઘરેણાં પરત આપી દેશે તેમ જણાવેલ હતુ. પાંચેક દિવસ બાદ શેખ બાદસા દુકાન પર સોનાના દાગીના બનાવી પરત આપવા આવેલ ન હોય જેથી મે શેખ બાદસાને ફોન કરતા તેણે મને ફોનમા જણાવેલ કે હુ સવારે દુકાને આવુ છુ. બાદમાં ફોન કાપી નાખેલ હતો.

ત્યારબાદ શેખ બાદસા મારી દુકાને દાગીના પરત કરવા આવેલ ન હોય જેથી મે સવારના ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. જેથી હુ શેખ બાદસાના ઘરે તપાસ કરવા જતા તેના ઘરે તાળુ મારેલ હતું. બાદ આજુબાજુમા તપાસ કરતા જાણવા મળેલ કે, તે તેના વતનમા જતો રહેલ છે. ત્યારબાદ અમને જાણવા મળેલ કે, અમારી દુકાન ઉપર આવેલ દુકાન નં-૩૦૫ મા સોનાનુ કામ કરતા નાજીમુદિન શેખ કે જેઓનુ ૨૩૮ ગ્રામ ૨૨ કેરેટનુ સોનુ પણ શેખ બાદસા કમીશનથી દાગીના બનાવવા માટે લઈ ગયેલ છે જે સોનુ પણ શેખ બાદસા પરત આપવા આવેલ ન હતો. જેથી મારૂ અને નાજીમુદ્દીન શેખ બન્નેનું ૨૨ કેરેટનુ ૪૭૩.૫ ગ્રામ સોનુ જેની કિંમત રૂ.૬૦,૯૮,૬૮૦ જેટલી થાય તે સોનુ દાગીના બનાવવા માટે લઈ જઈ શેખ બાદસા નામનો બંગાળી કારીગર ફરાર થઈ જતાં વેપારીએ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે એ ડિવિઝન પોલીસની ટીમે બીએનએસની કલમ ૩૧૬(૫) હેઠળ ગુનો નોંધી પીઆઈ બી વી બોરીસાગરે તાત્કાલિક પીએસઆઈ ચાવડાની અધ્યક્ષતામાં એક ટીમનુ ગઠન કરી તપાસ અર્થે બંગાળ રવાના કરી હતી.

### ત્રણ દી' પૂર્વે જ રૂ. ૩૬.૪૦ લાખનું સોનું ચોરી અન્ય એક બંગાળી કારીગર ભૂગર્ભમાં ઉતરી ગયો'તો

રાજકોટ શહેરના સોની બજારમાંથી બંગાળી કારીગરો ફરાર થઈ જવાનો બનાવ યથાવત છે. ત્યારે હજુ ત્રણ દિવસ પૂર્વે જ એક બંગાળી કારીગર રૂ. ૩૬.૪૦ લાખનું સોનુ ચોરી જતાં એ ડિવિઝન પોલીસ મથકમાં બંગાળી વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે મૂળ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના વતની અને હાલ રાજકોટના પેલેસ રોડ પર શિવા મહારાજ શેરીમાં રહેતા ૫૦ વર્ષીય આધેડ વેપારી સીમેન રામચંદ્ર સામંતાએ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બંગાળી કારીગર અજય બબલુ મલિકનુ નામ આપતાં જણાવ્યું હતું કે, હું રાજકોટની સોનીબજાર, બોઘાણી શેરી, જુમ્મા મસ્જીદ ચોક પાસે આવેલ ગીરીરાજ કુંજ નામના મકાનમા શિવ દુર્ગા જવેલર્સ નામની ત્રણ માળની દુકાને સોનાના ઘરેણા કારીગરો દ્વારા બનાવવાનુ કામ કરૂ છુ. ત્યાં કામ કરતા અજય બબલુ મલિક રૂ. ૩૬.૪૦ લાખનું સોનુ ચોરી ફરાર થઈ ગયો હતો.

માનવ જીંદગી જોખમાય તે રીતે પુરપાટ ઝડપે મોટરસાયકલ ચલાવતા

# ઉપલેટા: ત્રણ બાળ કીશોર, તેના પિતા અને વાહન માલીક વિરૂધ્ધ ફરિયાદ

## વાહન માલીકનું રજીસ્ટ્રેશન રદ કરાવા અને ભારે દંડ કરવા કાર્યવાહી હાથ ધરી

**અબતક**
**કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં માનવ જીંદગી જોખમાય તે રીતે પુરપાટ ઝડપે મોટર સાયકલ ચલાવનાર ત્રણ બાળ કીશોર , તેના પિતા અને વાહન માલીક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર અને ધોરાજી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ દ્વારા ટ્રાફીક નીયમોનુ ચુસ્ત પણે પાલન થાય તથા અમુલ્ય માનવ જીંદગી બચાવી શકાય તે હેતુસર પરીણામલક્ષી કામગીરી કરવા અંગે આપેલી સુચનાનુસાર પોલીસ ઈન્સ્પેકટર બી.આર.પટેલ ના માર્ગદર્શન હેઠળ ટ્રાફીક કર્મચારી દ્વારા નિયમન કરવાની કામગીરી દરમ્યાન ઉપલેટા બસ સ્ટેન્ડ સામેની ગલીમાં મોટર સાયકલ પુર ઝડપે તથા બેફીકરાયથી મોટર સાયકલ ચલાવી માનવજીંદગી જોખમાય, અકસ્માત થાય તે રીતે કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ કીશોર મોટર સાયકલ ચલાવી મળી આવતા કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ બાળ કીશોર અને તેના પિતા તેમજ વાહન માલીક વિરૂધ્ધ ગુનો રજીસ્ટર કરી કાયદેસર કાર્યવાહી કરેલી તથા વાહન માલીક વિરૂધ્ધ છીઆઘ કચેરી ખાતે વાહનના રજીસ્ટ્રેશન રદ કરાવવા અને નિયમ મુજબ વાહન માલીકને ભારે દંડ કરવા અંગે કાર્યવાહી હાથ ધરેલી છે. આ પ્રકારની વધુ કડક કાર્યવાહી આવનાર સમયમાં હાથ ધરવામાં આવનાર છે. કામગીરી કરનાર પો.ઈન્સ. બી.આર.પટેલ, એ.એસ.આઈ. ડી.પી.કટોચુ, હેડ કોન્સ. દેવજીભાઈ રાખસીયા અને હેડ કોન્સ. હરેશભાઈ જાંબુકીયા દ્વારા કરવામા આવેલું છે.

# ભૂતવડના પાટિયા પાસેથી ચાઈનીઝ દોરીની ૪૦ ફિરકી સાથે ધોરાજીનો સોદાગર ઝડપાયો

## ધોરાજી તાલુકા પોલીસે ચેકિંગ દરમિયાન શખ્સને ઝડપી લઈ જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો



**અબતક, રાજકોટ**

જીવલેણ ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં કેટલાક વેપારીઓ છાનાખૂણે દોરીનું વેચાણ કરી નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે.ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણને અટકાવવા માટે પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ધોરાજી તાલુકા પોલીસ મથકના સ્ટાફે ભુતવડ ગામના પાટિયા પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૪૦ ફિરકી સાથે ધોરજીમાં રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે તેની સામે જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જે અંગેનું જાહેરનામુ પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં મકરસંક્રાતીનો પર્વ જેમ જેમ નજીક આવી રહ્યો છે. તેમ છાનાખૂણે કેટલાક વેપારીઓ અને સામાન્ય ધંધાર્થીઓ ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરી રહ્યા છે. આવા વેપારીઓને શોધી કાઢી અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર અને એએસપી સિમરન ભારદ્વાજ દ્વારા અપાયેલી સૂચનાના પગલે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા સમયાંતરે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

દરમિયાન ધોરાજી તાલુકા પોલીસ મથકના પીઆઈ જે.પી.ગોસાઈના માર્ગદર્શન હેઠળ સ્ટાફ ચાઈનીઝ દોરી અને તુક્કકલના વેચાણને અટકવવા માટે ચેકિંગમાં હતો. દરમિયાન ભુતવડ ગામના પાટિયા પાસેથી ચીરાગ સંજયભાઈ રાબડીયા(રહે. ધોરાજી કે.ઓ.શાહ કોલેજ પાસે) ને કિં.રૂ. ૯૨૦૦ ની ચાઈનીઝ દોરીની ૪૦ ફિરકી સાથે ઝડપી લઈ તેની સામે જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કામગીરીમાં ધોરાજી તાલુકા પોલીસ મથકના પીઆઈ જે.પી.ગોસાઈની રાહબરીમાં હેડ કોન્સ. જગદિશભાઈ સુવાણ, ઈશિતભાઈ માણાવદરીયા સાથે રહ્યા હતાં.

## ડોશી તો મરશે પણ જમ ઘર ભાળી જશે ?!

# ગણેશ ગોંડલ અને સંજય સોલંકીના સમાધાનમાં એટ્રોસિટી એક્ટનું શું?

## સમસ્ત અનુ.જાતિ સમાજ દ્વારા જૂનાગઢ કલેકટરને આવેદન પત્ર પાઠવી કેસમાં સ્પે. પી.પી.ની નિમણુંકની માંગ

**અબતક,દર્શન જોશી, જૂનાગઢ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ચકચાર મચાવનાર ગણેશ ગોંડલ અને સંજય સોલંકી વચ્ચે થયેલી માથાકૂટના વિવાદનો અંત આવતા સમસ્ત અનુસુચિત જાતી દ્વારા કરાયેલા સમાધાનનો વિરોધ કરી તો એટ્રોસીટી એકટનું શું ? તો આવા ગુનામાં ફરિયાદી સમાધાન કરતા હોય તો ફરિયાદ ખોટી હતી તો ફરિયાદ સામે કાર્યવાહી કરવામાં આવશે. તે મામલે સમાજ દ્વારા જિલ્લા કલેકટરને રજૂઆત કરી કેસમાં સ્પે. પી.પી.ની નિમણુંકની માંગ કરી છે. વધુ વિગત મુજબ ગણેશ ગોંડલ અને સંજય સોલંકી વચ્ચે થયેલી માથાકુટને સામાજીક રંગ આવતા વિવાદે ચકચાર મચાવી હતી પરંતુ બંને પક્ષના આગેવાનો દ્વારા સમાધાન કરાતા અનુસુચિત જાતિના સમાજ દ્વારા એટ્રોસીટી એકટનું શું થશે? આવા સમાધાનથી ફરિયાદી દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં કેટલુ તથ્ય છે. કાયદો શં કરે છે તો પોલીસ દ્વારા ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવાની રહેશે.

જૂનાગઢ ખાતે કલેકટરને આવેદનપત્ર પાઠવી, આ કેસમાં કડક કાયદાકીય કાર્યવાહી થાય અને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર મૂકવાની નિમણૂક માંગ કરવામાં આવી છે. આ અંગે જૂનાગઢ જિલ્લા અનુસૂચિત જાતિ સમાજના પ્રમુખ દેવદાનભાઈ મુછડીયાએ જણાવ્યું હતું કે, તથા જે સમાધાનના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, તે પુરાવા તરીકે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે જેથી કાયદા પ્રમાણે તેમાં કોઈ બાંધછોડ ન થાય. અને આરોપીઓને સખત સજા થાય.અને જુનાગઢ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી ગણેશ ગોંડલ સહિત ૭ જેટલા શખ્સો સામે ગુનો નોંધાયો હતો. બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હોવાના સમાચાર વહેતા થયા હતા. ત્યારે આ મામલે ફરી એક વખત સમગ્ર અનુસૂચિત જાતિ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કારણ કે આ બાબતે અનુસૂચિત જાતિ સમાજના આગેવાનોનું કહેવું છે કે, એટ્રોસિટી એક્ટ એ સામાજિક સુરક્ષા માટેનો કાયદો છે અને તેમાં વ્યક્તિગત રીતે સમાધાન કરવાની કોઈ જોગવાઈ નથી. અને આ પ્રકારના ગંભીર ગુનામાં જો સમાધાન સ્વીકારવામાં આવે તો ભવિષ્યમાં ગુનેગારોનો ભય ઓછો થઈ જશે. તેમ સમાજનું માનવું છે.

# જેતપુર નજીક અકસ્માત સર્જી નાસી જનાર ચાલકની માહિતી આપો, રૂ.૧૦ હજારનું ઈનામ મેળવો

## રસ્તો ઓળગંતા રાહદારીને અજાણ્યા વાહને અડફેટે લેતા મોત થયું'તું: નાગરિકોને સહકાર આપવા પોલીસની અપીલ

**અબતક, રાજકોટ**

જેતપુર જુનાગઢ હાઈવે પર અકસ્માતની ઘટનામાં વ્યક્તિનું મોત થયું હતું. જેમાં અકસ્માત સર્જનાર બાઈક પર આવેલા બે શખસોની પોલીસ શોધખોળ કરી રહી છે. આ અંગેની માહિતી આપનારને રૂ.૧૦ હજારનું ઈનામ આપવાની પોલીસ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

જેતપુર જુનાગઢ હાઈવે રોડ ઉપર રાજાણી-ટી પાસે હાઈવે રોડ ક્રોસ કરતા સમયે ડબલસવારી અજાણ્યા મોટરસાયકલ ચાલકે હડફેડે લેતા સારવાર દરમિયાન વ્યક્તિનું મોત થયું હતું. બનાવને લઈ જેતપુર તાલુકા પોલીસે બનાવવાળી જગ્યાથી આજુબાજુ તથા અલગ અલગ સી.સી.ટી.વી. કેમેરા જોતા આ અકસ્માત અજાણ્યા મોટર સાયકલ ચાલકે કર્યું હોવાનુ જણાઈ આવ્યું હતું. જે બનાવ તા.૨૨/૧૨/૨૦૨૫ના કલાક સાંજના આશરે ૬/૩૦ વાગ્યાની આસપાસનો બન્યો હતો. આ આજાણ્યો વાહન ચાલક અકસ્માત કરી ત્યાથી નાસી છુટ્યો છે. જે મોટર સાયકલમાં બે શખસો હતા જે બંન્નેને સામાન્ય જેવી ઈજા થયેલ હોવાનુ અનુમાન કરી શકાય લગાવી શકાય છે. જેથી તાલુકા પોલીસ દ્વારા તમામ નાગરીકોને અપીલ કરવામા આવી છે કે, આ અકસ્માત સર્જી નાશીજનાર અજાણ્યા મોટર સાયકલ ચાલક અંગે જો કોઈ નાગરીક પાસે માહીતી હોઈ તો સૌથી પહેલા પોલીસને માહીતી આપનાર નાગરીકને રૂ.૧૦,૦૦૦ નારોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. માહીતી આપનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. આ અંગે માહિતી હોય તો જેતપુર તાલુકા પીઆઈ એ.એમ. હેરમા મો.નં. ૬૩૫૯૬ ૨૯૧૯૨, પીએસઆઈ બી.ડી. ઝાલા મો.નં. ૯૮૯૮૭ ૭૭૫૭૬ અથવા જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન મો.નં. ૬૩૫૯૬ ૨૯૩૫૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.


# જેતપુરમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવવા સાયબર ડાયરો યોજાયો

## રેન્જ આઈજીની સૂચના હેઠળ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરની અધ્યક્ષતામાં યોજાયેલા ડાયરામાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી બચવા માર્ગદર્શન અપાયું

**અબતક, રાજકોટ**

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા નાગરિકોમાં સાયબર જાગૃતતા વધે તેવા પ્રયત્નો કરવા સૂચના આપવામાં આવી છે. જેના અનુસંધાને જેતપુર સિટી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં આવેલી જી.કે. એન્ડ સી.કે બોસમીયા કોલેજ ખાતે રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની અધ્યક્ષતામાં સાયબર ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા, જેતપુર સીટી પીઆઈ એ.ડી. પરમાર તથા રાજકોટ રેન્જ સાયબર વિભાગના પીએસઆઈ કે.વી. ઉંધાસ સહિતના પોલીસ અધિકારી તેમજ ૩૫૦ જેટલા વિદ્યાર્થી અને શિક્ષકગણ હાજર રહ્યો હતો.

સાયબર ડાયરાના આ કાર્યક્રમમાં રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા, ઓનલાઈન ફ્રોડ, હનીટ્રેપ, મ્યુલ એકાઉન્ટ ડિજિટલ એરેસ્ટ તેમજ વિવિધ સાયબર ગુનાઓથી કેવી રીતે બચી શકાય તે અંગેની માહિતી આપવામાં આવી હતી.પોલીસે આ કાર્યક્રમમાં પ્રજાજોગ સંદેશમાં લોકોને અપીલ કરી હતી કે, તમામ વ્યક્તિએ પોતાના વોટસએપ, ઈન્સ્ટાગ્રામ કે કોઈપણ સોશિયલ મીડિયા માધ્યમમાં અજાણ્યા મોબાઈલ નંબર પરથી આવતા વીડિયો કોલ, કંકોત્રી, એપીકે ફાઈલ, ખોલવી નહીં અને લોભ લાલચ કે ડરથી કોઈને ઓટીપી, ક્યુઆર કોડ, પીન નંબર આપવા નહીં. અજાણ્યા વ્યકિત પાસેથી પૈસાની લેવડ-દેવડ કરવી નહીં, સાયબર ફ્રોડ થાય તો તુરંત જ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરવી તેવી અપીલ કરી હતી.



# વિંછીયાના આંકડીયા ગામે બંધ મકાનમાં ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યાં: રૂ.૮.૦૮ લાખની મતાની ચોરી

## સંયુક્ત ખેડૂત પરિવાર અલગ અલગ કામ અર્થે વાડીએ ગયો'તો અને પાછળથી તસ્કરોના પરોણા

## ઘરના તમામ દરવાજાના તાળા અને કબાટના લોક તોડી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ ઉઠાવી તસ્કરો નાસી છૂટ્યા

## વિંછીયા પોલીસ અને એલસીબી સહિતની ટીમોએ ચોરીનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના આંકડીયા ગામે ખેડૂત પરિવારના બંધ મકાનમાં ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યાં હતા. મકાનના તમામ દરવાજા અને કબાટના તાળા તોડી તસ્કરો રોકડ અને સોના-ચાંદીના ઘરેણાં સહીત રૂ. ૮.૦૮ લાખની મતા ઉઠાવી જતાં વિંછીયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવને પગલે સ્થાનિક પોલીસની સાથોસાથ એલસીબીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બનાવ અંગે વિંછીયાના આંકડિયા ગામે રહેતા ૩૩ વર્ષીય ખેડૂત રસીકભાઈ ગુણાભાઈ કુકડીયાએ વિંછીયા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, અમે ચાર ભાઈ છીએ અને સયુકત કુટુંબમા રહીએ છીએ. જેમા જયેશભાઈ સૌથી મોટા છે, તેનાથી નાના સંજયભાઈ, તેનાથી નાનો હુ અને મારાથી નાનો મહેશ છે. મારે સંતાનમા બે દીકરા છે. જેમા મોટા દીકરાનુ નામ રોહન(ઉવ ૦૭) અને તેનાથી નાના દીકરાનુ નામ રોનક(ઉવ ૦૩) છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૨૯/૧૨ ના રોજ સવારના આઠ વાગ્યે અમારા ગામમા રહેતા અશોકભાઈ બચુભાઈ બારૈયાની ભાગીયે રાખેલી વાડીએ હું સને મરી પત્ની કાજલબેન ગયેલ હતા. બપોરના બાર વાગ્યા વખતે મારા ફોનમા મારા મોટાભાઈ સંજયભાઈનો ફોન આવેલ કે ભાઈ તમે ક્યા છો? જેથી મે કહેલ કે હુ વાડીએ છુ. બાદ તેણે મને વાત કરેલ કે, આપણા મકાને ચોરી થયેલ છે, ઘરના બધા દરવાજાના તાળા તોડી નાખેલ છે. જેથી હું તથા મારી પત્ની બન્ને ઘરે આવવા માટે નિકળેલ હતા. ઘરે જઈને જોતા બધા દરવાજા ખુલ્લા હતા. બાદ મારા ભાઈ સંજયે વાત કરેલ કે, ઘરેથી સાડા દસ વાગ્યે હુ તથા મારી પત્ની સજન ભડલી ગામે ગેસના કામ સબબ ગયેલ હતા. બાદ બપોરે બાર વાગ્યે પરત આવતા ઘરના ડેલાએ તાળુ મારેલ હતુ. મે તાળુ ખોલતા ડેલો અંદરથી બંધ હોય જેથી ડેલાની તીરાડમાથી જોતા ઘરના દરવાજા ખુલ્લા જોવા મળેલ હતા. જેથી વંડી ટપીને અંદર જઈને જોતા ઘરના દરવાજાઓના તાળા તૂટેલ હાલતમાં જોવસ મળ્યા હતા.

ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતુ કે, ઘરમાંથી તમામ સામાન વેર વિખેર હાલતમાં પડેલ હતો. બાદ મારા ઘરમા રાખેલ કબાટનો દરવાજો તુટેલ હતો અને કબાટની અંદર રહેલ તેજુરીમા રાખેલ સોનાનો આશરે ત્રણ તોલાનો ગળાનો હાર જેની કિંમત રૂ.૧.૫૦ લાખ, ઓમના બે સોનાના પાંદડા જેની કિંમત રૂ. ૮ હજાર, ચાંદીની બે પહોસી જેની કિમત રૂ.૪ હજાર, એક જોડી છડા જેની કિંમત રૂ.૨૦ હજાર, નાના છોકરાના કડલી નંગ-૨ જેની કિંમત રૂ.૧૦૦૦, તુલસી કયારો જેની કિંમત રૂ.૪૦૦૦ મળી કુલ રૂ. ૧.૮૭ લાખની મતા મળી આવી ન હતી. બાદ સંજયભાઈના મકાનનો દરવાજોનો નકુચો કાપેલો મળી આવતા તેના રૂમના કબાટનુ તાળું પણ તૂટેલી હાલતમાં જોવા મળ્યું હતું. જેથી ખરાઈ કરતા કબાટની તેજુરીમાથી એક સોનાનુ લોકેટ આશરે બે તોલાનુ જેની કિમત રૂ. ૧ લાખ, બે તોલાની સોનાની બુટી તથા સર જેની કિંમત રૂ. ૧. લાખ, બે સોનાની વિટી જેની કિંમત રૂ.૧૦ હજાર, ઓમના પાદડા નંગ-૨ જેની કિંમત રૂ., ૮ હજાર, સોનાના દાણા નંગ-૨ જેની કિમત રૂ.૧૦૦૦, બે ચાંદીની પોચી જેની કિંમત રૂ.૫૦૦૦, બે જોડી ચાંદીના છડા જેની કિમત રૂ.૨૫ હજાર, ચાંદીની એક જોડી બંગડી જેની કિમત રૂ.૨૦૦૦, ચાંદીના સાકળા જોડી ત્રણ તથા એક ચાંદીની વિટી જેની કિમત રૂ.૨૦૦૦ મળી, કુલ રૂ. ૨.૫૩ લાખની મતા ગાયબ હતી.

બાદ સૌથી મોટા ભાઈ જયેશભાઈના મકાનનો દરવાજો ખુલ્લો હોય તેના કબાટની તિજોરીમાં તપાસ કરતા રૂ.૪૮૫૦૦ ની રોકડ, પોણા ત્રણ તોલાનો સોનાના હારનો કટકો જેની કિંમત રૂ. ૪૦ હજાર, ઓમના સોનાના બે પાદડા જેની કિંમત રૂ. ૮ હજાર મળી કુલ રૂ. ૯૬૫૦૦ ની ચોરી થઈ ગયાની જાણ થઈ હતી. ત્યારબાદ સૌથી નાના ભાઈ મહેશના ઘરનો દરવાજો ખુલ્લો હતો અને ઘરમાં સામાન વેર વિખેર પડેલ જોવામા આવતા તેના કબાટનુ તાળું પણ તૂટેલી હાલતમાં હોય તપાસ કરતા અહીંથી ત્રણ તોલાનો સોનાનો હાર જેની કિમત રૂ.૧.૫૦ લાખ, સોનાની બુટી તથા સર જેનો અંદાજે વજન બે તોલા જેની કિમત રૂ.૧ લાખ, સોનાની વિટી નંગ-૧ જેની કિંમત રૂ.૫૦૦૦, ઓમનુ પાદડુ નંગ-૧ જેની કિંમત રૂ.૪૦૦૦, ત્રણ ચાંદીની પહોસી જેની અદાજે કિંમત રૂ.૫૦૦૦, છોકરાની કડલી ચાંદીની નંગ-૧ જેની કિમત રૂ.૫૦૦, તુલસી ક્યારો જેની કિંમત રૂ. ૪૦૦૦ તથા રોકડ રૂપીયા ૩૫૦૦ મળી કુલ રૂ.૨.૭૨ લાખની ચોરી થઈ ગયાની જાણ થઈ હતી.

ખેડૂત પરિવારના ઘરના દરવાજા અને કબાટના તાળા તોડી તસ્કરો રોકડ અને સોના-ચાંદીના ઘરેણાં મળી કુલ રૂ. ૮,૦૮,૫૦૦ ની ચોરી કરી જતાં વિંછીયા પોલીસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી. જે બનાવ અનુસંધાને વિંછીયા પોલીસની સાથોસાથ રૂરલ એલસીબી ટીમે તપાસના ચક્રો ગતિમાન કરી તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

એમએમસી @1 ઉજવણી અંતર્ગત

# મસ્તી સ્ટ્રીટમાં શહેરીજનોએ મનભરી રમ્યાં 'શેરી રમત'





**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા MMC1 અન્વયે ઉજવણી સપ્તાહ ચાલી રહ્યું છે, જેના ભાગરૂપે સરદારબાગ ખાતે મોરબી મસ્તી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું, આધુનિક સમયમાં બાળકો મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે, જેને છોડી એક દિવસ બાળકો જૂની રમતો રમતા થાય તેવા હેતુ સાથે મહાનગરપાલિકા એ મોરબી મસ્તી સ્ટ્રીટનું આયોજન કર્યું હતું.

મોરબી મહાનગરપાલિકાએ સફળતાપૂર્વક એક વર્ષ પરિપૂર્ણ કર્યું છે, જેના સંદર્ભે ઉજવણી સપ્તાહ ખખઈ૧નું આયોજન કમિશનરના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યું હતું, આધુનિક સમયમાં બાળકો અને યુવાનો મોબાઈલ, વિડીયો ગેમ રમતા હોય છે, જૂની રમતોનું વર્ચસ્વ પ્રમાણમાં ઓછું થયું હોય જૂની રમતોને જીવંત કરવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા ઉજવણી સપ્તાહ દરમિયાન સરદાર બાગ ખાતે *મોરબી મસ્તી સ્ટીટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું , જેમાં મોરબીના બાળકો-યુવાનો, શહેરીજનો ઉત્સાહપૂર્વક વિવિધ જૂની રમતોમાં બહોળા પ્રમાણમાં જોડાયા હતા, લંગડી, ધમાલિયો ધોકો, કોથળા દાવ, આંધળો પાટો, ભમરડો, લીંબુ ચમચી સહિતની રમતો રમાડવામાં આવી હતી, બાળકો મોબાઈલ, ટેલિવિઝન, વિડીયો ગેમ્સથી દૂર અંગ કસરત અને જૂની રમતો તરફ પાછા વળે તેવા આશય સાથે મોરબી મસ્તી સ્ટ્રીટ કાર્યક્રમ યોજાયો હતો, આ કાર્યક્રમમાં મનપાના કમિશનર સ્વપિનલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા, નાયબ કમિશનર સંજય સોની ઉપસ્થિત રહ્યા હતા.

### લંગડી, ધમાલિયો ધોકો, કોથળા દાવ, આંધળો પાટો, ભમરડો સહિત જુની રમતો રમી

તમામ જુની રમતોમાં બાળકો સાથે તેઓ પણ જોડાયા હતા અને જુની રમત રમતા બાળકોના ઉત્સાહમાં મનપાના અધિકારીઓએ વધારો કર્યો હતો.

## મનપાના કર્મચારીઓ માટે બેઝીક લાઈફ સપોર્ટ તથા સ્ટ્રેસ મેનેજમેન્ટ તાલીમ યોજાઈ



મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે જે અન્વયે તા. ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ઈન્ડીયન મેડિકલ એસોસિએશન, મોરબીના સહયોગથી મોરબી મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે બેઝીક લાઈફ સપોટ તેમજ સ્ટ્રેસ મેનેજમેન્ટ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં બહોળી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા.મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણી હાલમાં ચાલી રહી છે જે અન્વયે મોરબી મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે બેઝીક લાઈફ સપોર્ટ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નક્ષત્ર હોસ્પિટલના ડો મહેન્દ્ર ફેફર દ્વારા રોડ એક્સીડેન્ટ, પડી જવાથી થતી ઈજા તેમજ ડોગ બાઈટના કિસ્સામાં પ્રાથમિક સારવાર વિષે સમજ આપેલ તેમજ ડો.મોનિકા પટેલ દ્વારા હ્રદય રોગના હુમલામાં ઈકછ દ્વારા તેમજ આંચકીના કિસ્સામાં દર્દીને પ્રાથમિક સારવાર વિષે વિગતવાર તાલીમ આપવામાં આવી હતી. તદુપરાંત મન હોસ્પિટલના ડો.નિધી સુરાણી દ્વારા કર્મચારીઓને તણાવમુક્ત રહેવા સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કમિશનર સ્વપિનલ ખરે તેમજ નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા સહિત બહોળી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનપાના અધિકારીઓ- કર્મચારીઓ માટે બેસ્ટ ટાઈપિસ્ટ સ્પર્ધા યોજાઈ



મોરબી મહાનગરપાલિકા દ્વારા એમએમસી @ વન ની ઉજવણી સપ્તાહ ચાલી રહ્યું છે, જે અંતર્ગત મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જે અન્વયે મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ માટે બેસ્ટ ટાઈપિસ્ટ સ્પર્ધા યોજાઈ હતી.મોરબી મહાનગરપાલિકા બન્યું તેને એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હોય, જે અન્વયે હાલ એમએમસી @ વન સપ્તાહની ઉજવણી ચાલી રહી છે, જેમાં બેસ્ટ ટાઈપિસ્ટ સ્પર્ધાનું ઈસ્ટ ઝોન ઓફિસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. દરેક શાખામાંથી એક વ્યક્તિએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, આ કાર્યક્રમની પુર્ણાહુતિ બાદ ટોપ - ૩ ટાઈપિસ્ટને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

બેસ્ટ ટાઈપિસ્ટ સ્પર્ધામાં એમએમસીના કમિશનર સ્વપિનલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળાએ ભાગ લઈ કર્મચારીના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# લખધીરપુર ગામે સિરામિક ફેક્ટરીમાં ફોર-કિલપની ઠોકરે મહિલાનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના લખધીરપુર ગામે કઝારીયા સીરામીક કંપનીમાં ફોર કિલપ વાહનની ઠોકરે ઝાડુ મારી રહેલ મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મોરબી તાલુકાના લખધીરપુર ગામની સીમમાં આવેલ કઝારીયા વિટ્રીફાઈડ કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના અંતરવેલીયા ગામના રહેવાસી કમેશ ભગા ગમાર ઉવ.૨૬ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ કંપનીની ફોર-કલીપ વાહન રજી.નં. જીજે-૧૨-બીજે-૮૬૮૮ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૮/૧૨ ના રોજ તેમની પત્ની પપીતા અને બહેન રેખા કઝારીયા વિટ્રીફાઈડ કંપનીની પોલીસિંગ લાઈન-૨ પાસે ઝાડુ મારવાનું કામ કરી રહ્યા હોય તે દરમિયાન ટાઈલ્સ ઉપાડવાની ફોર-કલીપના ચાલકે પોતાના હવાલા વાળું વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી આવી, પપીતાબેનને હડફેટે લેતા તેણીને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોચી હતી, જે અકસ્માત બાદ તુરંત તેણીને કંપનીની એમબ્યુલન્સ મારફત સમર્પણ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે સારવાર દરમિયાન પપીતાબેનને મરણ ગયાનું જાહેર કર્યું હતું.

# લીલાપર ગામે દેશી દારૂની બે ભઠ્ઠીઓ પર દરોડા

### આરોપી ઝડપાયો, બે ફરારઃ રૂ.૮૯૦૦૦ મુદ્દામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી એલસીબી પોલીસે લીલાપર ગામે દેશી દારૂ ગાળતી બે અલગ અલગ ભઠ્ઠીઓ પર રેઈડ કરી મોટી કાર્યવાહી હાથ ધરી છે. રેઈડ દરમિયાન એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે બે આરોપીઓ ફરાર હોવાનું બહાર આવ્યું છે. બંને સ્થળેથી દેશી દારૂ, આથો તથા ભઠ્ઠીના સાધનો સહિત કુલ રૂ. ૮૯,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.મોરબી એલસીબી ટીમે લીલાપર ગામ વિસ્તારમાં દેશી દારૂના ગેરકાયદે ધંધા સામે અસરકારક કાર્યવાહી કરી હતી. લીલાપર રોડ પર કાળીપાટ ઈંટોના ભઠ્ઠા પાસે આવેલા આરોપી રણજીતભાઈ નાગજીભાઈ દેગામાના કબ્જા ભોગવટાવાળા ડેલામાં રેઈડ દરમિયાન દેશી દારૂ બનાવતી ભઠ્ઠી ઝડપાઈ હતી. ત્યાંથી ગરમ આથો ૨૦૦ લીટર, ઠંડો આથો ૪૦૦ લીટર, દેશી દારૂ ૯૦ લીટર, ગોળ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૬૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ સ્થળે મજૂર તરીકે કામ કરતો તુલશીભાઈ રણછોડભાઈ પરમાર ઉવ.૩૨ રહે.કાળી પાટ ઈંટોના ભઠ્ઠા નજીક રણજીતભાઈના ડેલામાં મૂળ રહે. સરવડ તા.માળીયા(મી) વાળો ઝડપાયો હતો, જ્યારે મુખ્ય આરોપી રણજીતભાઈ દેગામા રહે. લીલાપર વાળો રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવ્યો હતો.આ ઉપરાંત લીલાપર રોડ ઉપર કાળીપાટ ઈંટોના ભઠ્ઠા નજીક વોકળાના કાંઠે જાહેરમાં ચાલતી દેશી દારૂની બીજી ભઠ્ઠી પર પણ એલસીબીએ રેઈડ કરી હતી. અહીંથી ગરમ આથો ૧૦૦ લીટર, ઠંડો આથો ૩૦૦ લીટર, દેશી દારૂ ૭૦ લીટર તેમજ ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૨૬,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ભઠ્ઠીનું સંચાલન પણ આરોપી તુલશીભાઈ રણછોડભાઈ પરમાર ઉવ.૩૨ રહે.કાળીપાટ ઈંટોના ભઠ્ઠા નજીક રણજીતભાઈના ડેલામાં મૂળ રહે. સરવડ તા.માળીયા(મી) વાળો કરતો હોય જ્યારે રેઈડ દરમિયાન મુખ્ય આરોપી સંજયભાઈ નાગજીભાઈ દેગામા રહે. લીલાપર ગામ વાળો રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને પણ ફરાર જાહેર કર્યો છે. બંને મામલામાં તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન કલમ હેઠળ ગુનો નોંધાવી, ફરાર બંને આરોપીઓની એલસીબી દ્વારા શોધખોળ શરૂ કરી છે.

# થર્ટી ફર્સ્ટ પૂર્વે કોમ્બીંગ, ટ્રાફિક અને પ્રોહીબીશન સામે પોલીસની ડ્રાઈવ

### નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, દારૂ પી ને ડ્રાઈવિંગ અને બુટલેગરો સામે એક સાથે કાર્યવાહી



**અબતક, ઋષિ મહેતા**

મોરબીઃ આગામી ૩૧ ડિસેમ્બર અનુલક્ષીને મોરબી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી જીલ્લા પોલીસ દ્વારા વ્યાપક ડે-કોમ્બીંગ હાથ ધરાયું હતું. ટ્રાફિક નિયમોના ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે જ દારૂ વેચાણ અને પીધેલા ઈસમો સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા હતા.

મોરબી જીલ્લા અધિક્ષક દ્વારા શહેર વિસ્તારમાં ડે-કોમ્બીંગ અને વાહન ચેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાયબ પોલીસ અધિક્ષક સાથે એલ.સી.બી., એસ.ઓ.જી., ટ્રાફિક શાખા તેમજ મોરબી સીટી એ અને બી ડીવીઝન તથા તાલુકા પોલીસ સ્ટેશનની કુલ ૧૪૭ અધિકારી-કર્મચારીઓની ટીમો તૈનાત કરવામાં આવી હતી. અલગ-અલગ ટ્રાફિક પોઈન્ટ પર દારૂ પી ને વાહન ચલાવતા, કાળા કાચવાળી કાર, ફેન્સી નંબર પ્લેટ અને સીટબેલ્ટ વગર વાહન ચલાવતા ઈસમો સામે કાર્યવાહી કરાઈ હતી.

આ કામગીરી દરમિયાન કાળા કાચના ૫૮, ફેન્સી નંબર પ્લેટના ૩૭, દારૂ પી ને ડ્રાઈવિંગના ૭ સહિત અનેક કેસ નોંધાયા હતા. કુલ એન.સી. ૧૫૮ કેસમાં રૂ.૧,૦૦,૬૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો તેમજ ૧૧ વાહનો ડીટેઈન કરાયા હતા. ઉપરાંત પ્રોહીબીશનના કુલ ૭ કેસ નોંધાયા જેમાં રૂ.૬,૪૦૦/- નો દારૂનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ સાથે નવા વર્ષના ઉત્સવ દરમિયાન શાંતિ અને સુરક્ષા જળવાય રહે તે હેતુથી પોલીસ દ્વારા આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી છે.

# યુવકને મરવા મજબુર કરનાર ત્રિપુટી પોલીસ લોકઅપમાં

### ઉછીના આપેલા રૂપીયાની ઉઘરાણી કરતા ધમકી આપતા ઝેર પી જીવન ટૂંકાવી લીધુ 'તુ



**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં હાથ ઉછીના રૂપિયા પરત માંગતા યુવક અને તેના સાળાને જાનથી મારી નાખવાની ધમકી આપી હેરાન કરવાના બનાવમાં ધમકી અને માનસિક ત્રાસથી એક યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. મૃતકની સુસાઈડ નોટના આધારે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ગુનામાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ફરીયાદી હર્ષદભાઈ લીખીયાએ આરોપી આશીષ પાડલીયા અને કમલેશ ઉર્ફે મહેશ માંડવીયાને હાથ ઉછીના રૂપિયા આપેલા હતા, પરંતુ આરોપીઓ રૂપિયા પરત ન આપતા ફરીયાદી અને તેમના સાળા વિપુલભાઈ વિડજાએ રકમની માંગણી કરી હતી. આ બાબતે આરોપીઓએ પૈસા પરત ન આપવા માટે ફરીયાદી અને મરણજનારને પોલીસ કેસ કરવાની ધમકી આપી તેમજ રૂબરૂ અને ફોન દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપી સતત હેરાન પરેશાન કર્યા હતા. આ માનસિક ત્રાસથી ફરિયાદીના સાળા વિપુલભાઈ વિડજાએ ઝેરીદવા પી આત્મહત્યા કરી હતી. મૃતકે મરતાં પહેલાં આરોપીઓ વિરુદ્ધ સુસાઈડ નોટ લખી હોવાનું તેમના પિતાએ રજૂ કરતાં પોલીસે તે નોટ તપાસમાં કબ્જે લીધી છે. ત્યારે આ ગંભીર ગુનામાં પોલીસે આરોપી (૧)આશીષભાઈ રમેશભાઈ પાડલીયા ઉવ.૨૫ રહે.લક્ષ્મીનગર ગામ તા.જી. મોરબી, (૨)હિતેષભાઈ વાસુદેવભાઈ દસાડીયા ઉવ.૩૫ રહે.હાલ સંકલ્પ હાઈટસ કામધેનુ પાર્ક સોસાયટી પંચાસર રોડ મોરબી મુળ રહે.સુલતાનપુર વિશાલનગર ગામ તા.માળીયા મી.જી.મોરબી તથા (૩)કમલેશ ઉર્ફે મહેશ મનુભાઈ માંડવીયા ઉવ.૪૮ રહે.હાલ શ્યામ-૨ સોસાયટી પંચાસર રોડ મોરબી મુળ રહે.કેશરીયા તા.લખતર જી.સુરેન્દ્રનગર વાળાની ધરપકડ કરી છે. સમગ્ર મામલે બી ડિવિઝન પોલીસે આરોપીઓ સામે બીએનએસ કલમ ૧૦૮, ૩૫૧(૩), ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ટ્રકની ટક્કરે મોપેડ ચાલકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરના કંડલા બાયપાસ રોડ પર પુરઝડપે આવતા ટ્રકે મોપેડને પાછળથી ટક્કર મારતા પ્રૌઢનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું.

મોરબી શહેરના રવાપર રોડ અનુપમ સોસાયટીમાં રહેતા સુરેશભાઈ મગનભાઈ ફુલતરીયા કે જેઓ લક્ષ્મીનગર ગામ સામે ભાગ્યલક્ષ્મી હોટલ ચલાવતા હોય ત્યારે ગઈકાલ તા.૨૯/૧૨ ના રોજ સુરેશભાઈ મોરબી તરફથી દલવાડી સર્કલ પોતાના ઈલેક્ટ્રીક મેગ્નસ સ્કુટર રજી. નં. જીજે-૩૬-એડી-૫૪૦૪માં જઈ રહ્યા હોય તે દરમિયાન કંડલા બાયપાસ રોડ પર કામધેનુ પાર્ટીપ્લોટ સામે, ઈંદ્રપ્રસ્થ સોસાયટીના ગેટ પાસે, અશોક લેલેન ટ્રક રજી.નં. જીજે-૦૩-બીવાય-૧૨૯૭ ના ચાલકે પોતાનો ટ્રક પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને આવી સુરેશભાઈના મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે સ્કુટર ચાલક સુરેશભાઈ નીચે પટકાતા તેમનું માથું ટ્રકના પાછળના ટાયરના જોટામાં આવી જતા ગંભીર ઈજા થવાથી તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. હાલ મૃતક સુરેશભાઈના ભત્રીજા યશભાઈ દીપકભાઈ ફુલતરીયાની ફરિયાદને આધારે પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મનપા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કના ફેસ ૧ અને ૨ના કામને સૈધ્ધાંતિક મંજુરી

### ખુલ્લી ડ્રેનેજ, પાણી ભરાવા અને ગંદાપાણીના ઓવરફ્લોથી ઉભી થતી સમસ્યાથી શહેરીજનોને મળશે મુકિત

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક વિકસાવવા માટે ફેસ-૧ અને ફેસ-૨ના કામને મંજૂરી મળેલ છે. ખુલ્લી ડ્રેનેજ, પાણી ભરાવા અને ગંદાપાણીના ઓવરફ્લોથી ઉભી થતી સમસ્યાઓને ધ્યાને રાખી આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. કુલ અંદાજિત રૂ. ૨૧.૯૪ કરોડના ખર્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં નવી ડ્રેનેજ લાઈનો નાંખવામાં આવશે.

મોરબી શહેર મહાનગરપાલિકા તરીકે અપગ્રેડ થયા બાદ સતત વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. જોકે શહેરના અનેક વિસ્તારોમાં હજુ ખુલ્લી ડ્રેનેજ લાઈનો હોવાથી ગંદાપાણીનો ઓવરફ્લો, અનિયમિત કનેક્ટિવિટી અને પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોરબી મહાનગરપાલિકા દ્વારા વિસ્તૃત સર્વે કરી ડીપીઆર તૈયાર કરીને સરકાર સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી હતી, જેને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ફેસ-૧માં નહેરુ ગેટથી દરબારગઢ વિસ્તાર સુધી રૂ. ૧૧.૮૪ કરોડના ખર્ચે ૨૨ કિ.મી. લાંબી ડ્રેનેજ લાઈનો નખાશે, જ્યારે ફેસ-૨માં લાયન્સનગર, મહેન્દ્રપરા, માધાપર સહિતના વિસ્તારોમાં રૂ. ૧૦.૧૦ કરોડના ખર્ચે ૧૭.૮ કિ.મી. ડ્રેનેજ લાઈનો વિકસાવવામાં આવશે. આધુનિક ટેકનોલોજી, મોટા વ્યાસના પાઈપ, ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા એસટીપી સાથે જોડાયેલ નેટવર્કથી મચ્છુ નદીમાં જતું ગંદુપાણી અટકાવવામાં આવશે. આ પ્રોજેક્ટથી પાણી ભરાવામાં ઘટાડો, જાહેર આરોગ્યમાં સુધારો અને શહેરના નાગરિકોને વધુ સારી અને ટકાઉ જીવન ગુણવત્તા મળવાની મોરબી મહાનગરપાલિકાએ આશા વ્યક્ત કરી છે.

## શાળાનાં વિદ્યાર્થીઓને મનપાના અલગ-અલગ વિભાગોની કામગીરીથી કરાયા માહિતગાર

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની શાળાના વિદ્યાર્થીઓ માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન સુધી સીમિત ન રહે પરંતુ તેમનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશેષ શૈક્ષણિક મુલાકાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. MMC1 ઉજવણી અંતર્ગત ગાંધી ચોક સ્થિત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આ મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોરબી શહેરની કુલ ૯ શાળાઓના દરેકમાંથી ૧૫ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓ કમિશનર સ્વપિનલ ખરે સાથે બ્રિજની કામગીરીની સાઈટ વિઝીટ પર ગયા હતા, જ્યાં તેમને મહાનગરપાલિકા બન્યા બાદ થતા વિકાસકાર્યો અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ટેક્સ, ઈલેક્ટ્રીક, ગાર્ડન, પ્રોજેક્ટ પ્લાનિંગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતના વિભાગોની કામગીરી વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે યોજાયેલા પ્રશ્નોતરી સત્રમાં વિદ્યાર્થીઓએ ટ્રાફિક, કમ્પ્લેન સિસ્ટમ, લીગલ બાબતો સહિતના પ્રશ્નો પૂછ્યા, જેના નિવારણ માટે નાયબ કમિશનરે મનપાની કાર્યશૈલી સમજાવી હતી. આ શૈક્ષણિક સેશનમાં કમિશનર સ્વપિનલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા તથા નાયબ કમિશનર સંજય સોની ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદના સાપકડા ગામે ખેડૂતના મકાનમાં તસ્કરોના પરોણા

### જાણભેદુ ચોરો તાળા ખોલી સોના-ચાંદીના દાગીના મળી અડધા લાખની ચોરી

**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકાના સાપકડા ગામે ખેડૂતના બંધ મકાનમાંથી જાણભેદુ શખ્સે સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

હળવદ તાલુકાના સાપકડા ગામે રહેતા ખેડૂત લક્ષ્મણભાઈ રતુભાઈ જાંબુકિયાએ હળવદ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૭/૧૨ના રોજ તેઓ પત્ની તથા સંતાનો સાથે ગામની સીમમાં આવેલી પોતાની વાડીએ ખેતી કામ માટે ગયા હતા. તે સમયે મકાનના મુખ્ય દરવાજા સહિત તમામ દરવાજાઓ પર તાળા મારેલા હતા. સાંજના સાડા પાંચ વાગ્યે ઘરે પરત ફરતા અંદર રૂમમાં રાખેલી લોખંડની તિજોરી ખુલ્લી હાલતમાં મળી આવી હતી અને સામાન વેરવિખેર પડેલો હતો. તિજોરી તપાસતા તેમાં રાખેલા ૧ કિલો ચાંદીના દાગીના જેમાં તૂટેલી સાંકળો, ઝાંઝરી, કંદોરા તેમજ ૫થી ૬ ગ્રામ સોનાના દાગીના જેની કુલ કિંમત અંદાજે રૂ. ૫૦ હજાર મળી આવ્યા ન હતા. મકાન અને અંદરના રૂમની ચાવીઓ ઘરની આસપાસ જ સંતાડીને રાખેલી હોવાથી જાણભેદુ વ્યક્તિ દ્વારા ચોરી કરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

આ અંગે હળવદ પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# હિંમતનગર પાસે હાથમતી નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

## પોલીસે મોતનું કારણ જાણવા તપાસ હાથ ધરી



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આવેલી હાથમતી નદીમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી ગિરધરનગર પાછળના વિસ્તારમાં બનેલી આ ઘટનાની જાણ થતાં ફાયર વિભાગે મૃતદેહને બહાર કાઢ્યો હતો અને હિંમતનગર એ.ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સોમવારના દિવસે હિંમતનગર ગિરધરનગર આવાસ યોજના નજીક હાથમતી નદીમાં એક યુવક પડ્યો હોવાની જાણ સ્થાનિક લોકોએ વિસ્તારના રહીશ કુમાર ભાટને કરી હતી આ અંગે કુમાર ભાટે તાત્કાલિક હિંમતનગર ફાયર વિભાગને જાણ કરી હતી અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને યુવકનો મૃતદેહ નદીમાંથી બહાર કાઢ્યો હતો.

ભોલેશ્વરના રહેવાસી કુમાર ભાટે આપેલી માહિતી અનુસાર આ મૃતદેહ હિંમતનગરના ભોલેશ્વર ખાતે પ્રાથમિક શાળાની બાજુમાં રહેતા અતુલ ચૌધરી નામના શખ્સનો હોવાનું પ્રાથમિક રીતે જણાયું છે અતુલ ચૌધરી મંડપની કામગીરી કરતા હતા અને વહેલી સવારે ઘરેથી કામે જવા નીકળ્યા હતા આ અંગે હિંમતનગર એ.ડિવિઝન પોલીસે મૃતકના પરિવારજનોને જાણ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ: રહેણાંકમાંથી કતલખાનુ ઝડપાયું

## ૩૧ પશુઓને બચાવી ૧૨ શખ્સોની ધરપકડ કરી રૂ.૨.૧૦ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહાનગરના ઢાલ રોડ, પાડાવાલા ચોક સહિતના રહેણાંક વિસ્તારમાં આવેલ ડેલાઓમાં તથા રહેણાંક મકાનમાં પશુઓની કતલ કરી ચાલતા કતલખાનામાં જુનાગઢ ક્રાઇમ બ્રાન્ચ એ દરોડો પાડી કુલ ૩૧ પશુઓને બચાવી લીધા હતા. તથા રૂા. ૨,૧૦,૦૦૦ ની કિંમતનું આશરે કીલો ૧૦૫૦ માસ સહિત રૂા. ૫,૪૮,૬૦૦ ના મુદ્દામાલ સાથે કુલ ૧૨ આરોપીઓને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



જે હકિકત આધારે અલગ-અલગ ટીમો બનાવી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા, રહેણાંક વિસ્તારમાં કોઈ સક્ષમ અધિકારીની પરવાનગી કે જરૂરી લાયસન્સ વગર ભેંસ, પાડા, પાડી જીવને ગેરકાયેદસર રીતે ક્રુરતાપુર્વક મારી નાંખી, બગાડ કરી, રહેણાંક વિસ્તારમાં ત્રાસદાયક કૃત્ય કરી તેમજ ભેંસ ૧, પાડા ૨૩, પાડી ૪ તથા બકરી ૩ ને કતલ કરવાના ઈરાદે બાંધી, ક્રુરતા આચરી રેઈડ દરમ્યાન રૂા. ૨,૧૦,૦૦૦ ની કિંમતનું માસ આશરે કીલો ૧૦૫૦ તથા કતલ કરેલ ઢોરના ચામડા હોજરી વિગેરેનો કચરો, કુહાડી નંગ-૯, છરી નંગ-૧૪, વજન કાંટા-૨, રોકડ રૂ.૭૦,૦૦૦, મોબાઈલ ફોન નંગ-૧૦ તેમજ ભેંસ ૧ કિ.રૂ.૩૦,૦૦૦, પાડા જીવ તથા પાડી જીવ ૨૭ કિ.રૂ.૧,૩૫,૦૦૦ તથા બકરી જીવ-૩ કિ.રૂ.૩૦૦૦ ની મળી કિ. રૂા. ૫,૪૮,૬૦૦ ના મુદ્દામાલ સાથે કુલ-૧૨ આરોપીઓને પકડી પાડી, આ તમામ ઈસમો વિરુધ્ધમા પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાની તથા ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમની સહિતની કલમ હેઠળ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ હતો તેમજ કુલ ૩૧ પશુ જીવને પોલીસે જીવતા બચાવી લઈ, તેને સાચવવા માટે મહાનગરપાલીકા જૂનાગઢ સંચાલીત ઢોરવાડા ખાતે મોકલી આપેલ હતા.

### પકડાયેલ આરોપીઓ

(૧) મકબુલ કાલુભાઈ ખંભાતી, (૨) અનીશ મહમદહુસેન બેલીમ, (૩) આકીબ અહેમદભાઈ બેલીમ, (૪) અફરોઝ મકબુલભાઈ ખંભાતી, (૫) નઈમ હનીફભાઈ કચરા, (૬) અકીલ કાલુભાઈ બેલીમ, (૭) મુનાવર ઈબ્રાહીમભાઈ બેલીમ,(૮) ગુલુભાઈ ઈબ્રાહીમભાઈ બેલીમ, (૯) ફઝલ નજીરભાઈ બેલીમ, (૧૦) સાજીદ ઈબ્રાહીમભાઈ બેલીમ, (૧૧) એઝાઝ અહેમદભાઈ બેલીમ (૧૨) દાઉદભાઈ સકુરભાઈ મેમણ

# જૂનાગઢ આરટીઓએ નિયમ ભંગ બદલ રૂ.૩૦,૭૫ લાખનો દંડ વસુલ્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ આરટીઓ દ્વારા નિયમો વિરુધ્ધ ચલાવાતા વાહનો વિરુધ્ધ કડક કાર્યવાહી કરી, ગત મહિને નિયમો ભંગ બદલ વાહન ચાલકો વિરુધ્ધ કાર્યવાહી કરી કુલ ૯૨૮ કેસ કરી, રૂ. ૩૦.૭૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગત મહિના દરમિયાન આરટીઓ દ્વારા સૌથી વધુ પીયુસીના કેસ કરવામાં આવ્યા હતા, તે સાથે નિર્ધારિત વજન કરતા વધુ વજન ભરીને નીકળેલા ૫૪ ઓવરલોડ વાહનો સામે રૂ. ૬ લાખનો દંડ વસૂલાયો હતો, ડ્રાઈવિંગ લાઈસન્સ વગર વાહન ફેરવતા ચાલકોના ૧૫૪ કેસ કરીને રૂ. ૬,૯૩,૦૦૦ દંડ ફટકારાયો હતો. ૬૭ જેટલા ફિટનેસ સર્ટિફિકેટ વગર ફરતા વાહન ચાલકોને રૂ. ૩,૨૧,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો અને વીમા વગર વાહન ચલાવતા ૬૬ વાહનચાલકો પાસેથી રૂ. ૧,૩૨,૦૦૦ દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ સાથે ગત મહિના દરમિયાન ફરજિયાત કરવામાં આવેલ હેલ્મેટ અને સીટબેલ્ટ વગર વાહન ચલાવનાર ચાલકો સામે આરટીઓ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. તેમજ ઓવર ડાયમેન્શન કેસ નોંધાયા હતા. તેઓને રૂ ૧.૨૬ લાખ દંડ ફટકારવામાં આવ્યો હતો.

આમ જુનાગઢ આરટીઓ દ્વારા હાઈવે પર સ્પેશિયલ ડ્રાઈવ યોજી કુલ ૧૦ થી વધુ પ્રકારે વાહન નિયમોનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરીને કુલ ૯૨૮ કેસ કરીને રૂ. ૩૦,૭૫,૧૯૪નો દંડ વસૂલાયો હતો.

આ સાથે આરટીઓ અધિકારીના જણાવ્યા મુજબ, આગામી સમયમાં પણ હાઈવે પર જિલ્લામાં અને શહેરભરમાં નિયમ ભંગ કરનારા વાહન ચાલકો સામે પગલા લેવામાં આવશે. પણ વાહન ચાલકો જાણે હમ નહીં સુધરેંગે જેવા વલણ સાથે ફરતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

# ધ્રાંગધ્રાના નરાળી ગામે જુગાર રમતા સાત શખ્સો પકડાયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના નરાળી ગામમાં ચામુંડા માતાજી ના મંદિર પાસે જાહેરમાં ગંજીપાના નો જુગાર રમતા સાત આરોપીઓને રકમ રૂપિયા ૧૭,૬૦૦ ના મુદ્દામાલ સાથે તાલુકા પોલીસ ઝડપી લઈને જુગાર ધારા મુજબનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે ધાંગધ્રા તાલુકા પોલીસ ના ઈન્ચાર્જ પીઆઈ એમ બી વિરજા ની સૂચના દ્વારા તાલુકો પોલીસના એ એસ આઈ પી પી ખુંટી,વિક્રમ રબારી વિભાભાઈ, નરેશભાઈ સ્ટાફ દ્વારા બાતમીના આધારે ધાંગધ્રા તાલુકાના નરાળી ગામ માં ચામુંડા માતાજી ના મંદિર પાસે જાહેરમાં ગંજીપાના નો જુગાર રમતા આરોપી વિજયસિહ ઝાલા, ભોપાજી ઝેઝરિયા, સુખા ધામેચા, બચુઝેઝરીયા, ચંદુ મુલાડિયા, નવઘણ મુલાડિયા અને રણછોડ ધામેચા ને જુગાર રમતા રોકડ રકમ ૧૭,૬૦૦ રૂપિયા ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# ધ્રાંગધ્રા: ચાઈનીઝ દોરીનું વેચાણ કરતો શખ્સ પકડાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા પથકમાં સીટી પોલીસ પેટ્રોલિંગમાં હોય તે સમયે જૂની કલબ રોડ પાસે હજુરીયા લાઈન પાસે પોતાના કબ્જામાં રાખીને ચાઈનીઝ દોરી ની વેચાણ કરતા ઈસમ નવઘણભાઈ ધરમશીભાઈ ઠાકોર ને ૪૫ નંગ ચાઈનીઝ દોરી ના ફિરકા સાથે સીટી પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી..



સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું ની સુચના થી જિલ્લામાં ચાલતા ચાઈનીઝ દોરી તથા માઝાઓ ના વેંચાણ ઉપર પ્રતિબંધ ના જાહેરનામાનુ કડક અમલવારી હાથ ધરી છે ત્યારે ધાંગધ્રા નાયબ પોલીસ અધિક્ષક જેડી પુરોહિત ના માર્ગદર્શન અને સૂચનાથી ધાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ યુ મશી ની સૂચના થી ધ્રાંગધ્રા સીટી પોલીસ પીએસઆઈ એ કે વાઘેલા,હેડ કોસ્ટેબલ ધીરુભા, સરફરાજભાઈ મલેક, સહીત સ્ટાફ પેટ્રોલિંગમાં હોય ત્યારે કલમ રોડ પર હજુરીયા લાઈન પાસે પોતાના કબજામાં આરોપી નવઘણભાઈ ધરમશીભાઈ ઠાકોર રહે રામગઢ વાળા ને ચાઈનીઝ દોરી ના ફિરકા નંગ, ૪૫ કુલ કિંમત રૂપિયા ૧૩,૫૦૦ નો મુદ્દામાલ સાથે પકડી કાર્યવાહી હાથ ધરી હતી


# થાન જીઆઈડીસીમાં સ્ટીકરની ફેકટરીમાં આગ ભભુકી: માલ સામાન બળીને ખાખ

## થાન, ચોટીલા, સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રા નગરપાલિકાની ફાયર ફાયટર ટીમની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે થાન બાયપાસ રોડ પર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ સ્ટીકરની ફેક્ટરીમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. સદનસીબે આગના બનાવમાં કોઈ જાનહાનિ થઈ નહોતી પરંતુ લાખોનું નુકસાન પહોંચ્યું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ થાન બાયપાસ રોડ પર જીઆઈડીસી વિસ્તારમાં અનેક અલગ અલગ ફેક્ટરીઓ આવેલી છે. જે પૈકી જીઆઈડીસીમાં આવેલ વિશ્વકર્મા ઈન્ડસ્ટ્રીઝ નામની સ્ટીકર બનાવતી ફેક્ટરીમાં સવારના ૧૦.૨૦ વાગ્યાની આસપાસ અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. જેમાં ગણતરીની મિનિટોમાં જ આગ સમગ્ર ફેક્ટરીમાં ફેલાઈ જતા ફેક્ટરીના માલિકો દ્વારા સ્થાનિક ફાયર ફાયટર ટીમને જાણ કરવામાં આવી હતી. આથી થાન નગરપાલિકા પ્રમુખ અને સહિતની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી.પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હોવાથી મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો. આથી થાન, ચોટીલા, સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રા નગરપાલિકાની ફાયર ફાયટર ટીમોને પણ જાણ કરતા ઘટના સ્થળ પર આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સદનસીબે જાનહાની ટળી હતી. આગ લાગવાનું સાચું કારણ વધુ તપાસ બાદ જ બહાર આવશે. આગને કારણે ફેક્ટરીમાં રહેલ સ્ટીકર, રો-મટીરિયલ સહિતનો માલ સામાન બળીને ખાખ થઈ જતા લાખોની કિંમતના નુકશાનની શક્યતાઓ સેવાઈ રહી છે.



# વિસાવદર: મગફળી ખરીદી કેન્દ્રમાં બબાલ કરનાર આપના અગ્રણીના રિમાન્ડ નામંજુર

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદરના મગફળી ખરીદ કેન્દ્રમાં ખેડૂતો વતીરજૂઆત કરવા જનાર આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ હરેશભાઈ સાવલિયા, રવિભાઈ ડોબરીયા અને ભદ્રેશભાઈ બાબરીયા સામે રાજકીય કિન્નાખોરી રાખી ખોટો બનાવ ઉભો કરી છેડતી અને એટ્રોસિટી એક્ટ મુજબની ફરિયાદ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયા દ્વારા આ સંબંધે પોલીસમાં જઈ રજૂઆત કરી હતી જે સંબંધેના



વિડીયો સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રસિદ્ધ થયેલા હતો અને ત્યાં આ કામના આરોપીઓને હારતોરા કરી અને પોલીસ સ્ટેશનમાં આમ આદમી પાર્ટીની હોદ્દેદારો સાથે લાવવામાં આવેલ હતા ત્યાં તેઓની વિસાવદર પોલીસે ધરપકડ કરેલ હતી વંથલી ચાર્જ હોય વંથલી કોર્ટમાં ત્રણેય આરોપી રિમાન્ડ માગવામાં આવેલ હતા જેમાં આરોપીઓ તરફે વિસાવદરના ધારાશાસ્ત્રી કમલેશ બી જોશીએ દલીલમાં તદ્દન ખોટી,બોગસ અને બનાવટી હોય કહેવાતા વીડિયોમાં પણ ક્યાંય આવો બનાવ બનેલ હોય તેવું સ્પષ્ટ થતું ન હોય તે સંબંધેને ધારદાર રજૂઆત કરતા તો નામદાર સેસન્સ કોર્ટે આ રજૂઆત ધ્યાને લઈ વિસાવદર પોલીસની ત્રણ દિવસની રિમાન્ડની અરજી નામંજૂર કરેલ હતી

# વિસાવદરના ખીજડીયા ગામે સસરાની અંતિમક્રિયાનાં ખર્ચના મામલે મહિલા પર હુમલો

## ત્રણ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વિસાવદરના ખીજડીયા ગામે સસરાની સારવાર અને દાડો તથા પાણીઢોળના ખર્ચ અને હિસાબ બાબતે પતિના ભાઈઓએ મહિલા પર હુમલો કરી માર માર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

વિસાવદર તાલુકાના ખીજડીયા ગામના ગીતાબેન જગદિશભાઈ ચારોલીયા ઉ.વ.૩૫ એ વિસાવદર પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીના સસરાના સારવારના ખર્ચ તથા દાડા અને પાણીઢોળના હિસાબ બાબતે મન દુઃખ રાખી ફરીયાદી મહિલાને આરોપીઓએ ભુંડી ગાળો આપી, તથા આરોપી ગોવીંદ પુના તથા વિજય ગોવીંદ એ ફરીયાદીને પકડી રાખી તથા આરોપી કિશન નાનજીએ કુહાડીથી ફરીયાદીને માથાના તાળવામા એક ઘા મારી જીવલેણ હુમલો કરી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે

વિસાવદર પોલીસે ફરિયાદી ગીતાબેન જગદિશભાઈ ચારોલીયની ફરિયાદ લઈ ૩ આરોપીઓ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોલેરા: ખૂનના ગુનામાં પેરોલ મેળવી નાસી ગયેલો કાચા કામનો કેદી ભાવનગર થી ઝડપાયો

**અબતક આનંદ રાણા સિહોર**

ધોલેરાના ગાફ ગામે આવેલી સરકાર નિશાળ સામે રહેતો જયપાલસિંહ ઉર્ફે મુન્નો હેમતશંગ ડોડીયા વિરુદ્ધ ૨૦૧૯માં ધોલેરા પોલીસમાં ખૂનનો ગુનો નોંધાયો હતો. ધોલેરા પોલીસે જયપાલસિંહ ઉર્ફે મુન્ના ડોડીયાને ઝડપી સાબરમતી જેલ હવાલે કરાયો હતો. જયાં જયપાલસિંહ પેરોલ જંપ કરી નાસી ગયો હતો. જે દરમિયાન ભાવનગર પેરોલ ફર્લો સ્વવોડની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ધોલેરાનો જયપાલસિંહ ઉર્ફે મુન્નો ડોડીયા સાબરમતી જેલમાંથી રજા લઈને નાસી ગયો છે અને તે ભાવનગરમાં જવાહર મેદાન નજીક આવેલા ગોળીબાર હનુમાનજીના મંદિર સામે ઊભો છે. જેથી ભાવનગર પોલીસે બાતમી મળેલા સ્થળે પહોંચી જયપાલસિંહ ઉર્ફે મુન્નો ડોડીયા ને ઝડપી લઈ સાબરમતી જેલ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી છે. આ કામગીરી પીઆઈ પી બી જબલિયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના બી એ ચુડાસમા, ચંદ્રસિંહ વાળા, ઈમ્તિયાઝખાન પઠાણ, મજીદ ભાઈ સમા, મહેશભાઈ કુવાડીયા અને હરીચંદ્રસિંહ ગોહિલ શહીદના સ્ટાફે બજાવી છે.



# ભેંસાણ તાલુકા પંચાયત કચેરીમાં કર્મચારી ઉપર હુમલો

## જૂના મનદુઃખના કારણે ત્રણ શખ્સોએ માર માર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભેસાણ તાલુકા પંચાયત બાંધકામ શાખાના કર્મચારી ઉપર જુના મનદુઃખના કારણે ૩ ઈસમોએ હુમલો કરી ફરજમાં રૂકાવટ કરી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ભેંસાણ તાલુકા પંચાયતની બાંધકામ શાખાના કર્મચારી

વિશાલભાઈ સામજીભાઈ પોકરએ આરોપી કુમારભાઈ બસીયા તથા બે અજાણ્યા ઈસમો સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આરોપી કુમારભાઈ બસીયા એ જુની વાતનું મનદુઃખ રાખી, આ કામના ફરીયાદી વિશાલભાઈ સામજીભાઈ પોકર પોતાની કાયદેસરની ફરજ ઉપર ભેસાણ તાલુકા પંચાયત બાંધકામની કચેરીએ હાજર હોય ત્યાં આવી ફરીયાદીને ગાળો આપી, અજાણ્યા ઈસમો એ ફરીયાદીને પકડી રાખી, કુમારભાઈ બસિયા એ ફરીયાદીને શરીરે ઢીકા પાટુનો મુંઢમાર મારી ફરીયાદીનું ગળુ દબાવી જાન થી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હોવાની ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાપર: તળાવમાં ડુબી જતા મહિલાનું મોત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાપરના કિડિયાનગરમાં રહેનાર પરિણીતા લીલીબેન ગામમાં આવેલા પાણીના ખાડામાં પાણી ભરવા ગયા હતા, પરંતુ મોડેક સુધી પરત ન આવતાં પરિવાજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી. ક્યાંય પત્તોં ન મળતાં અંતે



ખાડામાં તપાસ કરાઈ હતી. દરમ્યાન ભચાઉ અગ્નિશમન દળને બનાવની જાણ કરાઈ હતી. આ ટીમે ત્યાં આવીને પાણીમાં ડૂબેલાં મહિલાનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ટીમમાં પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ સોઢા, મયૂર રામાનંદી, કાનજીભાઈ ડોડિયા વગેરે જોડાયા હતા.

# ધ્રાંગધ્રા નજીક કાર પલ્ટી જતા બે યુવકના મોત: બે મિત્ર ઘવાયા


## અકસ્માતના પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા: પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા માલવણ હાઈવે પર હરીપર ગામ નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો કારચાલકે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પલટી મારી હતી અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટનાસ્થળે જ ક્રિપાલસિંહ વનરાજસિંહ ઝાલા ઉમર. ૪૮ ધ્રાંગધ્રા,તથા બોનિલ નરેન્દ્ર ભાઈ દેસાઈ ઉમર ૩૨ ધ્રાંગધ્રા વાળા ના બે વ્યકિતઓના કરુણ મોત નિપજ્યા હતા, જ્યારે કારમાં સવાર અન્ય બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી



અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે પહેલા ધાંગધ્રા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર રિફર કરવામાં આવ્યા હતા





મોતને કારણે હાઈવે પર થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા હળવી કરી હતી અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે મૃતકોની ઓળખ અને અકસ્માતના ચોક્કસ કારણો અંગે પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે આ દુર્ઘટનાએ એક વખત ફરીથી હાઈવે પર સલામત ડ્રાઈવિંગ અને ઝડપ નિયંત્રણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

# અંજાર: મિલકત સંબંધી ગુનાના કામે વોન્ટેડ આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ સ્ટેશનના મિલ્કત સંબંધી ગુના કામેનો લીસ્ટેડ આરોપી ગુરભેજસીંગ ઉર્ફે ગુરપ્રીતસીંગ જસપાલસીંગ શીખ રહે.હાલે.મુન્દ્રા કચ્છ મુળ રહે. તરંણતરાલ પંજાબ જે છેલ્લા દોઢેક વર્ષથી નાસતો ફરતો હોઈ જે અન્વયે અંજાર પોલીસ આરોપી પકડવા પ્રયત્નસીલ હતી દરમ્યાન હ્યુમનસોર્સથી જાણવા મળેલ



કે,આરોપી અંજાર મધ્યે હોવાની હકિકત આધારે અંજાર પીઆઈ એ.આર ગોહિલે તાત્કાલીક પોલીસ ટીમ મોકલી નાસતા ફરતા આરોપી ગુરભેજસીંગ ઉર્ફે ગુરપ્રીતસીંગ ઉર્ફે ભેજાસીંગ જસપાલસીંગ શીખને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.આ કામગીરીમાં અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ગોહીલ, પોલીસ સબ ઈન્સ એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

# ભાવનગરમાંથી વિદેશી દારૂની ૧૦૮ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પ્રેસ રોડ પર આવેલા ખોડીયારમાના મંદિર સામે ચોકમાં એક શખ્સ તેની પાસે બે થેલા સાથે શંકાસ્પદ જણાતા, તેની તલાસી લેતા રૂ.૬૬ હજારની કિંમતની વિદેશી દારૂની ૧૦૮ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ સાથે ભાવનગરમાં આ ગીરીયાવાદ , મામની દેરી પાછળ રહેતો રોહિત જગાભાઈ જમોડ નામના બુટલેગરને ઝડપી લીધો છે. ઝડપાયેલા શખ્સની દારૂ વિશે પૂછપરછ કરતા તેની સાથે નડિયાદના જવાહર નગરમાં રહેતો રોશન



કુમાર ઉર્ફે રાજુ અશોકભાઈ સચદેવ સંડોવાયો હોવાની કબુલાત આપી હતી. પોલીસે રોશન કુમાર ઉર્ફે રાજુ વિરુદ્ધ ગુનો નોંધી, શોધખોળ હાથ ધરી છે. આ કામગીરી પીઆઈ એ આર વાળા, પીઆઈ પી બી જેબલિયા સહિતના સ્ટાફે બજાવી છે.

# જસદણના વડોદ ગામે આધેડ મહિલા પાસે બિભત્સ માંગણી કરનાર હવસખોર ઝબ્બે

## ઘરમાં ધસી જઈ શારીરિક સંબંધ બાંધવાની માંગ કરી'તીઃ તાબે નહિ થનાર ૫૦ વર્ષીય મહિલાને નરાધમે ફડાકા ઝીંકી ઢીકાપાટુનો માર મારી અર્ધબેભાન કરી દીધી'તી



**અબતક, રાજકોટ**

જસદણના વડોદ ગામે દીવાલ ટપી ઘરમાં ઘુસી જઈ નરાધમે ૫૦ વર્ષીય આધેડ મહિલા પાસે શરીર સંબંધની માંગણી કરી તાબે નહિ થનાર મહિલાને નરાધમે માર મારી અર્ધબેભાન કરી દીધી હતી. બનાવ અંગે જસદણ પોલીસે જાતીય સતામણી, એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી નરાધમની શોધખોળ આદરી હતી. દરમિયાન પોલીસે હવસખોર લાલા અજા સાંકળિયાની ધરપકડ કરી હતી.

બનાવની પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર જસદણના વડોદ ગામે રહેતા ૫૦ વર્ષીય આધેડ મહિલાએ જસદણ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં નરાધમ તરીકે ગામના જ શખ્સ લાલા અજા ઉર્ફે અરજણભાઈ સાકરીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા.૨૨/૧૨/ ૨૦૨૫ ના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યે આધેડ મહિલા પોતાના ઘરે હાજર હતા. ત્યારે ગામમાં જ રહેતો શખ્સ ઘરે ધસી આવી દરવાજો ખખડાવ્યો હતો. જો કે, આધેડ મહિલા ઘરમાં એકલા હોવાથી તેમણે દરવાજો ખોલ્યો ન હતો. બાદમાં નરાધમ ફરિયાદીના મકાનની પાછળની દીવાલ ટપીને ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ ફરિયાદી પાસે હવસખોરે શરીર સંબંધ બાંધવાની માંગણી કરતા આધેડ મહિલાએ સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જે બાદ ઉશ્કેરાયેલા શખ્સે તાબે નહિ થનાર મહિલાને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ફડાકા ઝીંકી દીધા હતા. બાદ હવસખોરે ઢીકાપાટુનો માર મારતા મહિલા અર્ધબેભાન થઈ ગઈ હતી. બાદ મહિલા ભાનમાં આવતા તેણી ઘરમાં એકલી પડેલી હાલતમાં હતી અને આરોપી ક્યાંય જોવા મળ્યો ન હતો.

બનાવ અંગે મહિલાએ ફરિયાદ નોંધાવતા બનાવની ગંભીરતાને ધ્યાને રાખી રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને મદદનીશ પોલીસ અધિક્ષક નવિન ચક્રવર્તી દ્વારા તાત્કાલિક આરોપીને દબોચી લેવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને જસદણ પોલીસ મથકના પીઆઈ એસ આર ગોહિલની ટીમે ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે વડોદ ગામેથી આરોપી લાલા અજાભાઈ ઉર્ફે અરજણભાઈ સાંકળીયા(ઉવ ૨૦ રહે. વડોદ, જસદણ, રાજકોટ)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# મેંદરડામાં ગૌમાતા સાથે અત્યાચારના વિરોધમાં મામલતદારને આવેદન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માળીયાહાટીના પરમાર્થ જીવદયા ગૌસેવા ટ્રસ્ટ મેંદરડાના ગૌભક્તો આંબલગઢના ગૌભક્તો અને માળીયાહાટીનાના ગૌ ભક્તો સહિતના આગેવાનો કાર્યકરોએ મામલતદાર કે.કે. વાળાને આવેદનપત્ર આપી, મેંદરડામાં ગૌમાતા સાથે બનેલા બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢેલ છે. આરોપીને તાત્કાલિક પકડી કડકમાં કડક સજા કરવા આવેદનપત્રમાં જણાવ્યું છે.

# ગ્રીન થાન, ક્લીન થાન અભિયાન અંતર્ગત થાનના નગરજનોનો ૧૧૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ, ૨૦૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન ખાતે ગ્રીન થાન-ક્લીન થાન અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અભિયાન હેઠળ થાનના યુવાનો દ્વારા શહેરને હરિયાળું બનાવવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં થાનના સિરામિક ઉદ્યોગો તથા ગામના નાગરિકોના સહયોગથી કુલ ૧૧,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જે અભિયાનના પ્રથમ તબક્કામાં ૨૦૦૦ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં સિરામિક ઉદ્યોગના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાના તથા મ્યુનિસિપલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ યોગદાન આપ્યું હતું. આ તકે ચોટીલા પ્રાંત અધિકારી, પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડ, સિરામીક એસોસિએશનના હોદેદારો, સામાજીક આગેવાનો, સેવાકીય સંસ્થાના આગેવાનો, સદભાવના આશ્રમના પ્રતિનિધિઓ, સંતો, વિદ્યાર્થીઓ પણ વૃક્ષારોપણ અભિયાનમાં જોડાયા હતા.

## ન્યુઝ ફ્લેશ

# પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ વિધાનસભાના કોંગ્રેસના દંડક પદેથી આપશે રાજીનામું

(પહેલા પાનાનું ચાલું)

### મનોવિજ્ઞાન પ્રોફેસર...

સ્વાસ્થ્ય તણાવમુક્ત રહે અને તે માટે યોગ્ય પગલાં લેવા માટે ગાઈડ લાઈન જારી કરી રાજ્ય કક્ષાની નીતિનો અમલ કરવા આદેશ આપ્યો છે. જેમાં દરેક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાને મેન્ટલ હેલ્થની બાબતના જાણકાર એક ક્વોલિફાઈડ કાઉન્સેલર, સાયકોલોજીસ્ટ કે તાલિમી સોશિયલ વર્કરની નિમણૂક કરવી પડશે. દર સો વિદ્યાર્થીઓની સંખ્યા સામે ઓછામાં ઓછા એક કાઉન્સેલર રાખવા પડશે.

સ્નાતક કોલેજોથી લઈને ઉચ્ચ આરોગ્ય, મેનેજમેન્ટ સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં અવારનવાર વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક અને કારકિર્દી સહિત અન્ય પ્રકારના ભયંકર માનસિક તણાવને લઈ અવારનવાર આત્મહત્યાના બનાવો બહાર આવે છે. જેને ગંભીરતાથી લઈને શિક્ષણ વિભાગે સુપ્રીમ કોર્ટ દ્વારા એક ચુકાદામાં અપાયેલા નિર્દેશ બાદ મેન્ટલ હેલ્થમાં સુધારા અને આપઘાત અટકાવવા માટે ઉમ્મીદ ડ્રાફ્ટ ગાઈડ લાઈન, મનોદર્પણ પહેલ અને નેશનલ સ્યુસાઈડ પ્રિવેન્શન સ્ટ્રેટેજી સાથે સુસંગત એક સમાન રાજ્ય-સ્તરીય માનસિક સ્વાસ્થ્ય નીતિ લાગુ કરવા જણાવ્યું છે. તેનો અમલ દરેક સરકારી-ખાનગી યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલી કોલેજોને કરવા જણાવ્યું છે. તે માટે દરેક કોલેજમાં આ માટે એક એવા કાઉન્સેલરની નિમણૂક કરવી પડશે જે વિદ્યાર્થીઓને સતત સાહજિક રીતે ખાસ કરીને પરીક્ષા દરમિયાન અને કારકિર્દીમાં ફેરફારના સમયે મનોવૈજ્ઞાનિક ઢબે માનસિક સહાયભૂત બની શકે. કોલેજોમાં આપઘાત નિવારી શકે તેવી હેલ્પ લાઈન (ટેલિ-માનસ), મેન્ટલ હેલ્થ સર્વિસ અને નજીકની હોસ્પિટલોની જાણકારી સંકુલમાં, ક્લાસ રૂમ તેમજ હોસ્ટેલમાં પણ મૂકવી પડશે. ૧૦૦થી ઓછા વિદ્યાર્થી હશે તો પણ સંસ્થાએ બહારથી વ્યવસાયિક કાઉન્સેલરની નિમણૂક કરવી પડશે. કોલેજ કે યુનિવર્સિટીએ તેમના ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ માટે વર્ષમાં બે વખત ફરજિયાત સાયકોલોજીકલ ફર્સ્ટ એઈડ તાલીમ રાખવી પડશે. જેના કારણે તેઓ વિદ્યાર્થીઓમાં સ્વનુકસાન કરી શકે તેવા ચિન્હોની ઓળખ કરી શકે અને તેમને માનસિક સારવાર કરાવી શકે. જે વિદ્યાર્થીઓ એસસી-એસટી, ઓબીસી, આર્થિક રીતે નબળા વર્ગના, એલજીબીટીક્યુ સમુદાય, દિવ્યાંગો, હાંસિયામાં ધકેલાયેલા વિદ્યાર્થીઓ, અગાઉ આત્મહત્યાનો પ્રયાસ કરી ચૂક્યા હોય તેવા અને આઘાત હેઠળના વિદ્યાર્થીઓ પ્રત્યે સ્ટાફે સંવેદનશીલ રહીને તેમને સપોર્ટ પૂરો પાડવાનો રહેશે. વિદ્યાર્થીના માતા-પિતા માટે પણ સંસ્થાને નિયમિત જાગૃતિના કાર્યક્રમ યોજવાના રહેશે. જેથી તેઓ મેન્ટલ હેલ્થને લગતા મુદ્દાઓને ઓળખી શકે, તેમના એકેડેમિક દબાણને સમજી શકે અને વિદ્યાર્થી પ્રત્યે સહાનુભૂતિથી વર્તી શકે. કોલેજોએ વિદ્યાર્થી અને તેમના વાલી માટે કેરિયર કાઉન્સેલિંગની વ્યવસ્થા કરવી પડશે.ભણતરનો ''ભાર'' દૂર કરવા શૈક્ષણિક સિવાયના ખેલ મહાકુંભ, એનએસએસ સહિતના કાર્યક્રમો પણ યોજવા જરૂરી છે. વિદ્યાર્થીઓની હોસ્ટેલ કે રહેણાક સ્થળે ધાબા પર કે બાલ્કનીમાં પ્રતિબંધિત પ્રવેશ હોય અને એન્ટી સ્યુસાઈડ સેફ્ટી ડિવાઈસ હોય તેવા સીલિંગ ફેનની વ્યવસ્થા રાખવી પડશે. શૈક્ષણિક સંસ્થાનોએ તેમના માનસિક સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમોની ઉચ્ચ સ્તરે વખતોવખત જાણ કરવાની રહેશે.

### સાયબર ફ્રોડ...

નોંધાયું હતું. જ્યાં પીડિતોએ સરેરાશ રૂ. ૧૫.૪૬ લાખ ગુમાવ્યા હતા. આ છેતરપિંડીમાં સામાન્ય રીતે કાયદા અમલીકરણ અથવા તપાસ એજન્સીઓનો ઢોંગ કરીને ફોન કરનારાઓ, ધાકધમકી અને ધરપકડની ધમકીઓનો ઉપયોગ કરીને તાત્કાલિક નાણાં ટ્રાન્સફર માટે દબાણ કરતા હતા.

**વિઝા છેતરપિંડીના ૩૧૮ કેસો : સરેરાશ રૂ. ૩.૩૪ લાખની ઉઠાંતરી**

વિઝાની છેતરપિંડીના ૩૧૮ કેસોમાં સરેરાશ રૂ. ૩.૩૪ લાખનું નુકસાન નોંધાવ્યું હતું. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે આવા કૌભાંડોમાં ઘણીવાર નકલી વિદેશી નોકરીની ઓફર, બનાવટી દસ્તાવેજો અને 'પ્રોસેસિંગ ફી'નો સમાવેશ થતો હતો. જે સમય જતાં વધતો ગયો, જેનાથી વિદેશમાં સ્થાયી થવા માંગતા ગુજરાતીઓનું શોષણ થતું ગયું હતું.

વીમા છેતરપિંડી અને નોકરી છેતરપિંડી પણ પ્રતિ કેસ નોંધપાત્ર નુકસાન ધરાવતી શ્રેણીઓમાં શામેલ હતા, જેમાં અનુક્રમે રૂ. ૧.૮૩ લાખ અને રૂ. ૧.૫૮ લાખનું સરેરાશ નુકસાન થયું હતું. જોબ છેતરપિંડી સામાન્ય રીતે પીડિતોને ઓનલાઈન પ્રવૃત્તિઓ પૂર્ણ કરવા માટે નાની પ્રારંભિક ચૂકવણી સાથે લલચાવતી હતી. પછી તેમને અલગ અલગ છેતરી નાણાં પડાવવામાં આવતા હોય છે.

**કુરિયર સ્કેમના ફક્ત ૧૪ કેસો : સરનામાની પુષ્ટિ કરવાના બહાને ઠગાઈનો નવો કીમિયો**

બીજી બાજુ કુરિયર છેતરપિંડીના કેસોમાં સૌથી ઓછું નુકસાન નોંધાયું હતું. આવા ફક્ત ૧૪ કેસ નોંધાયા હતા. આ ઘટનાઓમાં પીડિતોને સરનામાંની પુષ્ટિ કરવા અથવા પાર્સલ પ્રાપ્ત કરવા માટે લિંક્સ મોકલવામાં આવી હતી. જેના પરિણામે અન્ય શ્રેણીઓની તુલનામાં ઓછી કિંમતની ચોરી થઈ હતી.

**આરટીઓ ચલણના નામે ઠગાઈના બનાવોમાં ચિંતાજનક ઉછાળો : ૭૯૪ કેસમાં ગઠીયાઓ રૂ. ૫.૬૯ કરોડમાં ઉસેડી ગયા**

આરટીઓ ચલણ છેતરપિંડીમાં પીડિતોને કથિત ટ્રાફિક ચલણ ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું, તેમાં ૭૯૪ કેસ નોંધાયા હતા અને રૂ. ૫.૬૯ કરોડનું નુકસાન થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કૌભાંડ ઝડપથી ફેલાઈ રહ્યું છે, જેમાં વધતા ડિજિટાઈઝેશન અને ડ્રાઈવિંગ લાઈસન્સ અને વાહન નોંધણી સેવાઓ માટે મોબાઈલ નંબર ફરજિયાત બનાવવાના પગલાને કારણે મદદ મળી રહી છે, જે છેતરપિંડી કરનારાઓ માટે પહોંચી શકાય તેવા લક્ષ્યોનો સમૂહ વધારી શકે છે.

### રેર અર્થ મિનરલ્સ...

કરોડ ટન આરઈઓના આશપાશલો છે, જેમાં ચીન પાસે લગભગ અડધા જેટલા છે. વિશાખાપટ્ટનમમાં જાપાન સાથેનું જોઈન્ટ વેન્ચર ભારતની રેર અર્થ ક્ષેત્રમાં પરત આવવાનું સંકેત છે, પણ તેનું પાયું હજુ નાનું જ છે.

### ઓસ્ટ્રેલિયામાં નિકાસ...

પિયુષ ગોયલે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, ''૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી, ભારતીય નિકાસ માટે ૧૦૦% ઓસ્ટ્રેલિયન ટેરિફ લાઈન (ઉત્પાદન શ્રેણીઓ) શૂન્ય-ડ્યુટી હશે. આ શ્રમ-સઘન ક્ષેત્રો માટે નવી તકો ઊભી કરશે.''

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો આ વચગાળાનો વેપાર કરાર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ અમલમાં આવ્યો. આજે તેની ત્રણ વર્ષની વર્ષગાંઠ છે. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવાનો અને ટેરિફ અવરોધોને ઘટાડવાનો હતો.

કરારની સફળતાનું વર્ણન કરતા મંત્રીએ કહ્યું, ''છેલ્લા ત્રણ વર્ષોમાં, આ કરારે સતત નિકાસ વૃદ્ધિ, ઊંડી બજાર પહોંચ અને પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવી છે. આનો સીધો ફાયદો ભારતીય નિકાસકારો, એમએસએમઈ, ખેડૂતો અને કામદારોને થયો છે.''

શ્રમ-સઘન ક્ષેત્રોને સૌથી વધુ ફાયદો થાય છે

નિષ્ણાતો અનુસાર, ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશમાં ડ્યુટી-ફ્રી ઍક્સેસ ભારતીય ઉત્પાદનોને ચીન અને વિયેતનામ જેવા સ્પર્ધકો કરતાં વધુ સસ્તું બનાવશે. કાપડ, ચામડું અને ઘરેણાં ઉદ્યોગો નોંધપાત્ર રોજગારીનું સર્જન કરે છે, તેથી આ પગલું ભારતના રોજગાર વૃદ્ધિમાં પણ ફાળો આપશે.

### વડાપ્રધાન...

સંભાળ્યું હતું. તેમના પતિ ઝિયાઉર રહેમાન બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ હતા, જેમની વર્ષો પહેલા હત્યા કરવામાં આવી હતી. પતિના અવસાન બાદ ખાલિદા ઝિયાએ રાજકારણમાં પ્રવેશ કર્યો અને વર્ષો સુધી પોતાની પાર્ટીનું નેતૃત્વ કરીને દેશના સૌથી પ્રભાવશાળી નેતાઓમાં સ્થાન મેળવ્યું.

ખાલિદા ઝિયા અને શેખ હસીના એકબીજાના કટ્ટર રાજકીય હરીફ માનવામાં આવતા હતા. છેલ્લા કેટલાક સમયથી ખાલિદા ઝિયાની તબિયત ખૂબ જ લથડી હતી અને તેઓ સતત ડોક્ટરોની દેખરેખ હેઠળ હતા. તેમના પુત્ર તારિક રહેમાન પણ તાજેતરમાં જ વિદેશથી પરત ફર્યા હતા. જ્યારે બાંગ્લાદેશમાં આગામી ચૂંટણીઓની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે તેમના આ અવસાનથી દેશભરમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### ડોલર...

ડોલરની સર્વોપરિતાના કારણે જ અમેરિકાને જગત જમાદાર બિરૂદ મળ્યું છે. અમેરિકામાં કોઈપણ પાર્ટીની સરકાર હોય તેનું પ્રથમ પ્રાધાન્ય ડોલરને વધુ મજબુત કરવાનું હોય છે.જેના કારણે ડોલરની સર્વોપરિતા જળવાય રહે છે.

વૈશ્વિક અનામત પ્રણાલીના તાજેતરના અહેવાલ મુજબ યુએસ ડોલર હજુ પણ વિશ્વના અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ બની રહ્યો છે. વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા રાખવામાં આવતા કુલ અનામતમાં ડોલરનો હિસ્સો આશરે ૫૭% જેટલો છે. જેની કિંમત લગભગ ૭ ટ્રિલિયન ડોલર (આશરે ૫૭,૦૦૦ ટ્રિલિયન યુનિટ્સ) નોંધાઈ છે.

ડોલર સામે પડકાર છતાં વિકલ્પનો અભાવ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક બજારમાં 'ડી-ડોલરાઈઝેશન'ની ચર્ચાઓ વચ્ચે ડોલરનો હિસ્સો ધીરે ધીરે ઘટ્યો છે પરંતુ આંકડાકીય દ્રષ્ટિએ કોઈ પણ અન્ય ચલણ હજુ સુધી ડોલરનું સ્થાન લેવા માટે સમર્થ જણાયું નથી. યુરો, જાપાનીઝ યેન અને બ્રિટિશ પાઉન્ડ જેવા ચલણો હજુ પણ ડોલરની સરખામણીએ ઘણા પાછળ છે.

વિશ્વમાં વેપારમાં યુએસ ડોલરનો હિસ્સો ૫૭% છે. યુરો બીજા ક્રમે સૌથી વધુ વપરાતું ચલણ છે.જાપાનીઝ યેન એશિયન બજારનું પ્રભુત્વ છે.બ્રિટિશ પાઉન્ડ સ્થિર અનામત ચલણ છે. ચાઈનીઝ યુઆન ધીમી ગતિએ વધતું વર્ચસ્વ છે.અહેવાલ મુજબ, કેનેડિયન ડોલર અને ઓસ્ટ્રેલિયન ડોલર જેવા અન્ય ચલણો પણ અનામતમાં પોતાનું સ્થાન જાળવી રહ્યા છે. ચીની યુઆનનો ઉપયોગ વધી રહ્યો છે, તેમ છતાં વૈશ્વિક લેણદેણ અને સુરક્ષિત અનામત તરીકે કેન્દ્રીય બેંકોનો પ્રથમ ભરોસો હજુ પણ અમેરિકી ડોલર પર જ ટકેલો છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ભીંડાનું ઉત્પાદન...

બીજા અઠવાડિયામાં રાજકોટમાં કચ્છ અને સૌરાષ્ટ્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્રનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. કોન્ફરન્સની સાથે, વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન તે જ સ્થળે યોજાશે. વિજીઆરસી રાજ્ય સરકારની સંતુલિત પ્રાદેશિક વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરશે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સિદ્ધિઓ દર્શાવવા અને રોકાણ માટે નવા માર્ગો ખોલવા માટે એક સમર્પિત પ્લેટફોર્મ પ્રદાન કરશે.

વિજીઆરસી ૨૦૨૬ ભારત અને વિદેશના નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, વૈશ્વિક નિષ્ણાતો, નવીનતાઓ અને હિસ્સેદારોને એકસાથે લાવશે. કેન્દ્રિત ક્ષેત્રીય સત્રો, પ્રદર્શનો અને સહયોગી મંચો દ્વારા, પરિષદ કૃષિ પ્રગતિ અને ટકાઉ વિકાસના આગામી તબક્કાનું નેતૃત્વ કરવા માટે સૌરાષ્ટ્ર અને કચ્છ કેવી રીતે સજ્જ છે તે પ્રકાશિત કરશે.

### મતદારો માટેના ખાસ કેમ્પ...

ડિસેમ્બરના રોજ ૧.૭૪ લાખથી વધુ ફોર્મ (ફોર્મ નં ૬, ૬એ, ૭, ૮) ચૂંટણી સ્ટાફને મળ્યા છે. આમ, બે દિવસ દરમિયાન કુલ ૨.૯૬ લાખથી વધુ ફોર્મ ચૂંટણી સ્ટાફને મળ્યા છે. તદુપરાંત અત્યારસુધીમાં સમગ્ર રાજ્યમાંથી કેમ્પના દિવસો અને તે સિવાયના દિવસોના કુલ ૩.૯૮ લાખ ફોર્મ મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ તથા મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આ ફોર્મની ચકાસણી કરી આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

### અંબાજી મંદિર...

લાગણી પણ દુભાય છે. આ નિર્ણય લેતા પહેલા અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને પરંપરા જળવાઈ રહે તે રીતે ૫ મીટરની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ અંગેનું ટેકનિકલ સર્વેક્ષણ પણ કરવામાં આવ્યું હતું જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તમામ માઈભક્તો અને વિવિધ સંઘોને અપીલ કરવામાં આવી છે કે તેઓ મંદિરની ગરિમા અને સુરક્ષા જાળવવા આ નિર્ણયમાં સહકાર આપે. લાંબી ધજાઓ લાવવાને બદલે નિયત માપની ધજાઓ લાવી માતાજી પ્રત્યેની પોતાની શ્રદ્ધા પ્રગટ કરે છે.

### રાજકોટ ગ્રામ્ય પોલીસ...

રાજકોટ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

જેમાં ૩ એએસપી, ૩ ડીવાયએસપી, ૨૭ પીઆઈ, ૪૨ પીએસઆઈ, ૬૨૦પોલીસ જવાનો, ૭૦૦ જીઆરડી, ૨૫૦ હોમગાર્ડ ત્રણ દિવસ બંદોબસ્તમાં ખડેપગે રહેશે. સાથે સાથે ૧૧૨ ની ૨૩ બોલેરો ગાડી અને બાઈકમાં પોલીસ જવાનો સતત સમગ્ર જિલ્લામાં દોડતા રહેશે અને પાર્ટીઓ પર નજર રાખશે. ઉપરાંત પોલીસ જવાનો ૧૭૫ બોડીવોર્ન કેમેરા સાથે પણ હાજર રહેશે અને જ્યાં કાર્યવાહી તે તમામ કાર્યવાહી રેકોર્ડ થશે.

### કોંગ્રેસનો આક્ષેપ...

ત્રણ દાયકાથી વધુ સમયથી રાજ્યમાં ભાજપની સરકાર છે છતાં આજે પણ જિલ્લામાં કેટલાય એવા ગામો છે જ્યાં આજદિન સુધી રોડ કનેક્ટિવિટી નથી. વર્ષોથી વારંવાર રજૂઆતો કરવા છતાં ગામોને જોડતા રોડ-રસ્તાઓ અને પુલો બનાવવામાં આવ્યા નથી. ઈમરજન્સીમાં એમ્બ્યુલન્સ પહોંચી શકતી નથી, ચોમાસામાં આ ગામોનો સંપર્ક તૂટી જાય છે, સગર્ભા બહેનોના મોત થાય છે છતાં પણ સરકારના પેટનું પાણી હલતું નથી.

છોટાઉદેપુર જિલ્લામાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. અહીંના સ્થાનિકોનો આરોપ છે કે રોજ મોટી સંખ્યામાં દારૂની ગાડીઓ આવે છે. ખુદ પોલીસ જ મધ્યપ્રદેશ બોર્ડરથી ગુજરાતમાં દારૂ ઘુસાડે છે અને બુટલેગરોને રક્ષણ આપે છે. આ નશાના દૂષણને દૂર કરવા મહિલાઓ ખુદ રજૂઆત કરી રહી છે કે દારૂના કારણે યુવાઓ બરબાદ થઈ રહ્યા છે અને દારૂ બંધ થવો જોઈએ. ઉપરાંત, જ્યાં યાત્રા જાય છે ત્યાં બે-ચાર દિવસ અગાઉ અડ્ડાઓ બંધ થઈ જાય છે, પરંતુ યાત્રા આગળ વધે એટલે ફરી શરૂ થઈ જાય છે, કારણ કે હપ્તા લેવાયેલા હોય છે. ગૃહમંત્રી અને મુખ્યમંત્રીને કહેવા માંગીએ છીએ કે જો સરકાર દારૂ બંધ નહીં કરાવે તો જનતા તેનો અંત લાવવાની તૈયારી કરી ચૂકી છે.

વિપક્ષી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે ભાજપના રાજમાં ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. સહકારી સંસ્થાઓમાં ભાજપના મળતિયાઓએ બેફામ લૂંટ મચાવી છે. છોટાઉદેપુર જિલ્લામાં એપીએમસી જેવી સંસ્થાઓનો ઉપયોગ ભાજપના લોકો માત્ર પોતાના સ્વાર્થ અને વેપાર માટે કરી રહ્યા છે. ગોડાઉનો વેપારીઓને નહીં પરંતુ પોતાના મળતિયાઓને જ ફાળવવામાં આવે છે. ઉપરાંત ખેડૂતોને ખાતર સમયસર મળતું નથી અને મોટાપાયે કાળાબજારી થઈ રહી છે. સાથે જ કપાસને યોગ્ય ભાવ ન મળતા ખેડૂત આર્થિક રીતે કંગાળ બની રહ્યા છે. સરકારની ખેડૂત વિરોધી નીતિઓના કારણે ખેડૂતો અનેક મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે.

### વિધાનસભાના ઉપાધ્યક્ષ...

વિધાનસભાના ઉપાધ્યક્ષની ખાલી જગ્યા ભરવા માટેની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે આવામાં રાજકોટના એક ધારાસભ્યએ વિધાનસભાના ઉપાધ્યક્ષ બનવા માટે અત્યારથી જ લોબિંગ શરુ કરી દીધું હોવાનું ચર્ચાય રહ્યું છે.

સી.આર. પાટીલ જયારે પ્રદેશ પ્રમુખ હતા ત્યારે આ ધારાસભ્યનો ભારે વટ હતો. પરંતુ હવે સ્થિતિ અલગ છે. રાજકોટના ધારાસભ્ય, કોર્પોરેટરો કે કાર્યકરો સંગઠન કે સરકારમાં મજબૂતાઈથી લોબિંગ કરી શકે તેવા કોઈ ગોડ ફાધર રહ્યા નથી. જે રિતે દિલ્હી દરબારથી મળેલા આદેશ મુજબ રાજકોટને સતત સાઈડ લાઈન કરવામાં આવી રહ્યું છે. તે જોતા હાલ રાજકોટના ધારાસભ્યને વિધાનસભાના ઉપાધ્યક્ષ બનાવવામાં આવે. જો કે સતત મહેનત કરતું રહેવું તે દરેક રાજકારણીઓની ફરજ છે. એક સમયે સરકાર અને સંગઠનમાં રાજકોટનો સુરજ તપતો હતો પરંતુ હવે સ્થિતિ વિપરીત બની જવા પામી છે.

### ભાજપની વિચારધારા...

જાહેરાત કરી દેવામાં આવશે. સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે હવે ખુબ જ ઝડપથી સક્રિય થવા હોદેદારોને આડકતરી તાકીદ કરાય છે. પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ સંગઠનના નવનિયુકત પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી.

ડો.અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ નવનિયુકત પદાધિકારી ઓને અભિનંદન પાઠવી સંપૂર્ણ શક્તિ સાથે ભાજપના સંગઠનને વધુ સશકત કરવા તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશમાં તેમજ રાજ્યમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ ભાજપા સરકાર દ્વારા થઈ રહેલા જનહિત અને દેશહિતના કાર્યોને જન જન સુધી પંહોચાડવા હાકંલ કરી હતી. પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ સંગઠનની સુદ્રઢ અને સુનિયોજીત કાર્યશૈલી થકી બુથ સુધીના કાર્યકર્તાને સાથે રાખી પક્ષની વિચારધારા છેવાડાના માનવી સુધી પહોંચાડવા આહ્વાન કર્યુ હતું.

આ બેઠક બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને પ્રદેશના નવનિયુકત તેમજ પુર્વ હોદ્દેદારઓની સંયુકત બેઠક યોજાઈ હતી જેમાં નાયબ મુખ્યમંત્ર હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીએ નવનિયુકત પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. બેઠકમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા પુર્વ પ્રદેશ પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં પ્રદેશના પુર્વ પદાધિકારીઓએ નવનિયુકત પદાધિકારીઓને ઉલ્લાસપુર્ણ વાતાવરણમાં અભિનંદન પાઠવ્યા હતા અને સંયુકતપણે ૨૪*૭ પક્ષની કામગીરી કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

# જૂનાગઢઃ વુમન્સ અસ્મિતા કિક બોક્સીંગ સીટી લીગ સ્પર્ધા યોજાઈ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં ગાંધીગ્રામ ખાતેના સરદાર પટેલ રમત સંકુલમાં અસ્મિતા કિક બોક્સીંગ સીટી લીગ ૨૦૨૫-સ્પર્ધા યોજાઈ હતી.અસ્મિતા વુમન્સ કિક બોક્સીંગ લીગ ૨૦૨૫- ૨૦૨૬ સ્પર્ધા બહેનો રમત ગમત ક્ષેત્રે આગળ વધે તે હેતુથી માત્ર બહેનો માટે જ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ખુબ ઉત્સાહપૂર્વક ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી બોર્ડ ઓફ સ્પોર્ટસ મેમ્બર એચ.એમ.ભાલીયા, રમત ગમત અધિકારી મનીષકુમાર જીલડીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેઓએ ઉપસ્થિત સર્વેને રમત ગમતમાં ભાગ લેવા માટેની પ્રેરણા પૂરી પાડી હતી. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી જણાવ્યું હતું.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**બગસરાઃ** બગસરા નિવાસી દેશાભાઈ દેવદાનભાઈ ખીમસુરીયાના પત્ની હંસાબેન દેશાભાઈ ખીમસુરીયા (ઉ.વ.૬૫) તે અરવિંદભાઈ, વિજયભાઈના માતાનું તા. ૨૭ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમની ઉતરક્રિયા અને પાણી ઢોળ તા. ૨ ને શુક્રવાર તેમના નિવાસ સ્થાન આંબેડકર ભવન, એસ.ટી. બસ સ્ટેશન પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સાબરકાંઠા: આદરજ મોટી-વિજાપુર વચ્ચેની રેલલાઈનનું ગેજ પરિવર્તન કાર્ય પૂર્ણ

## ૩૯.૭૫ કિમી લાંબા બ્રોડ ગેજમાં પરિવર્તિત લાઈન પર સર્કલ દ્વારા આજે અને કાલે સ્પીડ નિરીક્ષણ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આદરજ મોટી-વિજાપુર રેલખંડ (૩૯.૭૫) કિમીનું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે આ ખંડ હવે મીટર ગેજમાંથી બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ આધુનિક,સુરક્ષિત અને કુશળ રેલ સંચાલન માટે સંપૂર્ણ રીતે છે આ ખંડનું સંરક્ષા નિરીક્ષણ (સેફ્ટી ઈન્સ્પેક્શન) રેલ સંરક્ષા આયુક્ત (સી.આર.એસ),પશ્ચિમ સર્કલ દ્વારા તારીખ ૨૯ અને ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ કરવામાં આવશે

આદરજ મોટી-વિજાપુર રેલખંડ અમદાવાદ મંડળની આદરજ મોટી-વિજાપુર-અંબલિયાસન ગેજ પરિવર્તન યોજનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે આ યોજનાને વર્ષ ૨૦૨૨-૦૨૩ માં સ્વીકૃતિ આપવામાં આવી હતી.યોજનાનો અંદાજિત ખર્ચ રૂ.૪૧૭.૫૩ કરોડ છે જેને તારીખ ૧૭-૦૫-૨૦૨૨ ના રોજ સ્વીકૃતિ આપવામાં આવી હતી

આદરજ મોટી હાલમાં મોજૂદ એક દ્વિ-ગેજ જંકશન સ્ટેશન છે જ્યાંથી આદરજ મોટી-ગાંધીનગર- અમદાવાદ (બ્રોડગેજ) તથા આદરજ મોટી-કડી-કટોસણ (બ્રોડ ગેજ) લાઈનો જોડાયેલી છે. ગેજ પરિવર્તન પૂર્વે આદરજ મોટી-વિજાપુર એક અલગ મીટર ગેજ ખંડ હતો,જે હવે બ્રોડ ગેજમાં રૂપાંતરિત થઈ એકીકૃત રેલ નેટવર્કનો ભાગ બન્યો છે.

આ ગેજ પરિવર્તન યોજનાથી આદરજ મોટી-વિજાપુર વચ્ચે એકીકૃત બ્રોડગેજ રેલ પ્રણાલી ઉપલબ્ધ થશે તેના કારણે વિસ્તારમાં રોજગારના નવા અવસરો સર્જાશે સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને વેગ મળશે તેમજ પર્યાવરણ-અનુકૂળ, સતત અને ઝડપી રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. ઉત્તમ પરિવહન સુવિધાઓથી દૈનિક યાત્રીઓ, પ્રવાસીઓ અને વ્યાપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે, જેના કારણે પ્રાદેશિક આર્થિક એકીકરણ વધુ મજબૂત બનશે સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર ટ્રેનોનું સંચાલન શરૂ કરી શકાશે.

# ઉનામાં ગુંજયો રાષ્ટ્રભાવ: આરએસએસના શતાબ્દી વર્ષે ઘેર ઘેર પત્રિકા વિતરણ

**અબતક, ઉના**

રાષ્ટ્રીય સેવક સંઘ ના સ્થાપના ને ૧૦૦વર્ષ પૂર્ણ થતા હોય સંઘ આજે વિશ્વ નુ મોટું સંગઠન બની ગયું છે ત્યારે સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા શતાબ્દી વર્ષની ઉજવણી નિમિતે ઊના શહેર ના સ્વયંસેવક ભાઈ ઓ અને બહેનો દ્વારા હર ઘર સંપર્ક અભિયાન શરૂ કરેલ છે ઊના ના વિવિધ વિસ્તારો માં ઘરે, ઘરે જઈ પાંચ પરિવર્તન જેમાં સામાજિક સમરસતા છુત ,અછૂત નો ભેદ ભાવ દૂર કરવો, સમાજ ને વિભાજિત બનતો અટકાવવો સંગઠન સમભાવ મજબૂત કરવો પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન,સ્વ આધારિત જીવન આત્મ નિર્ભર બનવું, સ્વદેશી જીવન જીવવું, નાગરિક કર્તવ્ય બોધ ભારતીય સંવિધાન માં દર્શાવેલ નિયમો નુ પાલન કરવું નાગરિકો ના કર્તવ્ય નું પાલન કરવું રાષ્ટ્રીય સંપત્તિઓ નું સંરક્ષણ કરવું વિગર બાબતો ના નિયમ નું પાલન આપણા થી શરૂ કરવું વિગેરે સમજણ આપી તેની પત્રિકા ઘરે ઘરે આપી હતી

# સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ દ્વારા ધાબળા - અડદિયાનું વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




અંજારનાં સચ્ચિદાનંદ મંદિર દ્વારા સંચાલિત છાશ કેન્દ્ર ખાતે મહંત ત્રિકમદાસજી મહારાજનાં હસ્તે રસીકજનો માટે ઠંડીમાં કંબલ સેવા તથા શિયાળાની ઋતુને અનુરૂપ અડદિયા લાડુના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં મહંત દ્વારા ઉપસ્થિત રસિકજનોને માનવસેવા એ જ ઈશ્વરસેવા છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. સમાજના દરેક વર્ગ સુધી સેવા પહોંચે તે માટે સતત આવા સેવાકાર્યો કરવાની પ્રેરણા પણ તેમણે સૌને આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભકિતમય વાતાવરણ છવાયેલું હતું. ભક્તજનોમાં આનંદ તથા સંતોષની લાગણી જોવા મળી હતી. આ સેવાકાર્ય દ્વારા અંજાર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં માનવસેવા અને ભક્તિભાવનો સંદેશ પ્રસર્યો હતો.

# રાજકોટ ડિવિઝનની ૧૨૫ ટ્રેનના સમયમાં ગુરૂવારથી ફેરફાર

**અબતક, રાજકોટ:** પશ્ચિમ રેલવેના રાજકોટ ડીવીઝનમાં ૧લી જાન્યુઆરી ૨૦૨૬ થી નવું ટાઈમ ટેબલ લાગુ કરવામાં આવી રહયું છે. આ વખતે રાજકોટ ડીવીઝનના વિવિધ સ્ટેશનો પર ૧૦૮ ટ્રેનોનો સમય પ્રિપોન કરવામાં આવ્યો છે જેમાં ટ્રેનો તેના અગાઉના સમય કરતા એક મીનીટથી લઈને ૪૨ મીનીટ સુધી વહેલી આવશે. તેવી જ રીતે ૧૭ ટ્રેનોનો સમય પોસ્ટપોન કરવામાં આવ્યો છે જેમાં ટ્રેનો તેના અગાઉના સમય કરતા ૨ મીનીટથી લઈને ૨૦ મીનીટ સુધી મોડી આવશે. રાજકોટ ડીવીઝનના ઓખા, દ્વારકા, ખંભાળીયા, જામનગર, હાપા, રાજકોટ, ભકિતનગર, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર સહિત અન્ય સ્ટેશનોના સમયમાં ફેરફાર થશે જેમાં આ ટ્રેનો તેના વર્તમાન નિર્ધારિત સમય કરતા વહેલી અથવા મોડી પહોંચશે. પશ્ચિમ રેલવે મુસાફરોને નવા ટાઈમ ટેબલ મુજબ મુસાફરી કરતી વતે રેલ ઈન્કવાયરી ૧૩૯ અથવા વેબસાઈટ પરથી www.wr.indianrailways.gov.in માહિતી મળી શકશે.

# કોડીનાર: રીઝા ફાતેમાનો આજે જન્મદિવસ



કોડીનાર 'અબતક' સાંધ્ય દૈનિકના પત્રકાર અબ્બાજાન નકવીની લાડકી નવાસી અને અલીહુશેન ભાઈની દીકરી રીઝા ફાતેમાનો આજે જન્મ દિવસે ઠેર ઠેરથી મુબારક બાદ અપાય રહી છે.

# ગાંધીધામ આજે કચ્છની રાજધાની તરીકે ઉભરી આવ્યું છે: મંત્રી ત્રિકમભાઈ છાંગા





## ગાંધીધામ એસટી બસ સ્ટેન્ડનું મહાનુભાવોની ઉપસ્થિતિમા કરાયું ખાતમુહુર્ત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ખાતેથી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના વરદહસ્તે ગાંધીધામ મુકામે નવનિર્મિત થનાર એસ.ટી. બસ સ્ટેશનનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં માતાના મઢ મુકામે વિશાળ જમીન પર નિર્માણ થનારા અત્યાધુનિક બસ સ્ટેશનનું રાજ્યમંત્રીએ ઈ-ખાતમૂહુર્ત કર્યું હતું.

ગાંધીધામ ખાતે તૈયાર થતાં અત્યાધુનિક બસ સ્ટેશનનું રાજ્યમંત્રી, ધારાસભ્યો તથા મહાનુભાવોએ શાસ્ત્રોકત વિધિવિધાન સાથે ભૂમિપૂજન કર્યું હતું.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વર્ચ્યુઅલી રીતે આ કાર્યક્રમમાં જોડાયા હતા. નાયબ મુખ્યમંત્રીએ વિકાસના વધુ એક આયામ માટે મહાનગરના નગરજનોને શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ બસ પોર્ટનું બનાવવાનું કામ ત્વરિત પૂર્ણ કરીને તેને કાર્યરત કરવાની ખાતરી મંત્રીએ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુવ્યવસ્થિત પરિવહન સેવાના કારણે જીએસઆરટીસીના યાત્રીમાં વધારો નોંધાયો છે તેમ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય, મહાનગરપાલિકા કમિશ્નર મનીષ ગુરુવાણી, એસ.ટી વિભાગીય નિયામક એન.એસ. પટેલ, પ્રાંત અધિકારી સુરેશ ચૌધરી, દીનદયાળ પોર્ટના નાયબ ચીફ એન્જિનિયર શ્રીનિવાસન રાવ તથા આગેવાન દેવજીભાઈ વરચંદ, ધવલ આચાર્ય, એસટી વિભાગના કર્મચારીઓ, મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છમાં ભુજ વિભાગના ગાંધીધામ અને માતાના મઢ ખાતે નવા આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચરવાળા બસ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા રૂ,.૧૧૬૦.૮૭ લાખના ખર્ચે ગાંધીધામમાં અને રૂ.૭૯૧.૪૩ લાખના ખર્ચે માતાના મઢ ખાતે અત્યાધુનિક બસ સ્ટેશન તૈયાર કરાશે.

### ગાંધીધામ બસ સ્ટેશનમાં ૧૧ પ્લેટફોર્મ બનશે

ગાંધીધામ ખાતે અંદાજે રૂ.૧૧૬૦.૮૭ લાખના ખર્ચે ૮,૦૦૦ ચો.મી. જમીન પર નવું બસ સ્ટેશન આકાર લઈ રહ્યું છે.

મુસાફરોની અવરજવર માટે કુલ ૧૧ પ્લેટફોર્મ બનાવવામાં આવશે.

સુવિધાઓ: વિશાળ વેટિંગ હોલ (૭૫૯.૯૨ ચો.મી.), એડમીન રૂમ, ટિકિટ બુકિંગ બારી, સ્ટુડન્ટ પાસ/ઈન્કવાયરી રૂમ, ઈલેક્ટ્રીક રૂમ અને કેન્ટીનની વ્યવસ્થા.

ખાસ કરીને મહિલાઓ અને પુરુષો માટે અલગ વેટિંગ રૂમ તેમજ નાના બાળકો માટે 'બેબી ફીડિંગ રૂમ', વોટર એરિયા અને પાર્સલ રૂમની વ્યવસ્થા કરવામાં આવશે. આ સાથે પ્રથમ માળે ડ્રાઈવર-કંડક્ટર માટે રેસ્ટ રૂમ અને પ્રવાસીઓ માટે વિવિધ કેટેગરીના રેસ્ટ રૂમ (ક્લાસ-૧, ૨ અને ૩), સ્યૂટ રૂમ, ડોરમેટરી (બેડ રૂમ) અને કેફેની સુવિધા ઉપલબ્ધ થશે જે સાથે સ્થાનિક રોજગારી માટે અહીં કુલ ૧૩ જેટલા સ્ટોલ્સની પણ જોગવાઈ કરાઈ છે.

# વેરાવળના યુવા નેતા માનસિંગ પરમારને પ્રદેશ બક્ષીપંચ મોરચા પ્રમુખની જવાબદારી સોંપાઈ

## માનસિંગ પરમાર સોમનાથ મહાદેવના દર્શને પહોંચ્યા: ભાજપ આગેવાનો દ્વારા સન્માન

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



ગીર સોમનાથ જિલ્લાના પૂર્વ ભાજપ અધ્યક્ષ અને યુવા નેતા માનસિંગ પરમારને ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પાર્ટીએ ઓબીસી સમાજને સંગઠિત કરીને રાજકીય રીતે વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી પરમારને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે.નિમણુક બાદ માનસિંગ પરમાર સોમનાથ મહાદેવના દર્શને પહોંચ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ ડો. સંજય પરમાર, યુવા નેતા હાર્દિકસિંહ ઝાલા, શહેર મહામંત્રી મૌલિક વૈયાટા, તાલુકા પંચાયત સદસ્ય નારણ બારડ, કેતન બારડ અને હરેશ સોલંકી સહિત ભાજપ સંગઠનના અનેક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પરમારનું અભિવાદન કર્યું હતું.આ અવસરે માનસિંગ પરમારે જણાવ્યું હતું કે રાજ્યમાં અંદાજે ૬૦ ટકા જેટલી ઓબીસી વસ્તી છે. પાર્ટીએ તેમના પર વિશ્વાસ વ્યક્ત કરીને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે.

આવનારી સ્થાનિકસ્વરાજની ચૂંટણીઓ, ત્યારબાદ વિધાનસભા અનેલોકસભાની ચૂંટણીઓમાં ભાજપને વધુ મજબૂત બનાવવામાં આ મોરચો મહત્વની ભૂમિકા ભજવશે.

# સુરેન્દ્રનગર: એમ.પી. શાહ કોલેજમાં ૪૭ વર્ષ બાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો

## એન્જિનિયર, વકીલ, પ્રોફેસર સહિતના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજના જુના સંસ્મરણો વાગોળ્યા

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**




સુરેન્દ્રનગર એમ.પી. શાહ કોમર્સ કોલેજ ખાતે વર્ષ ૧૯૭૮-૭૯ બેચના ભૂતપુર્વ વિધાર્થીઓનું રિ-યુનિયન યોજાયું હતું. જેમાં ૪૭ વર્ષ બાદ ફરી અલગ અલગ ક્ષેત્રના ભૂતપુર્વ વિધાર્થીઓ અભ્યાસ કરેલ કોલેજમાં જ એકબીજાને મળવા એકત્ર થતા અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે કોલેજમાં અભ્યાસ બાદ ભૂતપૂર્વ વિધાર્થીઓ એન્જીનિયર, વકીલ, પ્રોફેસર, સરકારી અધિકારી, ડોક્ટર સહિતના ઉચ્ચ હોદો મેળવી કારકિર્દી બનાવતા ગૌરવ અનુભવ્યું હતું. આ તકે કોલેજના જૂના સંસ્મરણો વાગોળી સંગીત અને ડાન્સના તાલે ભૂતપૂર્વ વિધાર્થીઓ ઝુમી ઉઠયા હતા. અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત મુંબઈ સહિત વિદેશથી પણ મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિધાર્થીઓ રિ-યુનિયનમાં ઉપસ્થિત રહયા હતા. યુવાનીમાં અભ્યાસકાળ દરમિયાન કોલેજમાં સાથે રહયા બાદ ફરી એ જ કોલેજમાં મળતા દરેક ભૂતપૂર્વ વિધાર્થીઓના ચહેરા પર આનંદની લાગણી જોવા મળી હતી.

# જૂનાગઢના શિક્ષણ વિભાગમાં અધિકારીઓની સામુહિક બદલીઓ

## જૂનાગઢ ડી.ઈ.ઓ. કચેરીમાં બે નવા શિક્ષણ નિરીક્ષકો મુકાયા: વર્ષોથી ફરજ બજાવતા નાયબ શિક્ષણ નિયામક રાજકોટ મુકાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્યના શિક્ષણ વિભાગે અધિકારીઓની સામુહિક બદલીના હુકમ કરતાં જૂનાગઢ જિલ્લાના શિક્ષણ વિભાગમાં અનેક ફેરફાર થવા પામ્યા છે. જૂનાગઢ ડી.ઇ.ઓ. કચેરીને નવા ૨ શિક્ષણ નિરીક્ષણો મળ્યા છે અને ૯ અધિકારીઓની બદલી થવા પામી છે. જિલ્લા પંચાયત શિક્ષણ શાખામાં મહત્વની ખાલી જગ્યાઓ ભરવામાં આવી છે, ગઈકાલે ગાંધીનગરથી થયેલા આદેશો મુજબ જૂનાગઢની સરકારી ગર્લ્સ હાઈસ્કુલ જુનાગઢના આચાર્ય લખમણભાઈ કરામટાની શિક્ષણ નિરીક્ષક ડી.ઈ.ઓ. કચેરી જુનાગઢ ખાતે નિમણૂક કરાય છે, આ સાથે સરકારી એલ.કે. હાઈસ્કૂલ કેશોદના આચાર્ય રણવીરસિંહ પરમારની પણ શિક્ષણ નિરીક્ષક ડી.ઈ.ઓ. કચેરી ખાતે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે શિક્ષણ નિરીક્ષક ડી.ઈ.ઓ. કચેરી જુનાગઢના મનીષાબેન હિંગરાજીયાની સરકારી હાઈસ્કૂલ ચોરવાડ ખાતે આચાર્ય તરીકે નિમણૂક કરાઈ છે. મોડેલ સ્કૂલ રાજકોટના આચાર્ય અલ્પાબેન જી તારાપરાની નાયબ જિલ્લા નિરીક્ષક શિક્ષણ અધિકારી જુનાગઢ તરીકે બદલી કરાય છે. આ સાથે નાયબ જિલ્લા શિક્ષણાધિકારી (પ્લાન) રમેશ જી. જેઠવાની શાસનાધિકારીઓ કચેરી રાજકોટ ખાતે બદલી થવા પામી છે. જ્યારે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (પ્લાન) રાજકોટના ડો. અશોકકુમાર વાણવીની નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (પ્લાનર) જુનાગઢ ખાતે બદલી થયેલ છે. અને શિક્ષણ નિરીક્ષક ડી.ઈ.ઓ. કચેરી ભાવનગરના કિરીટ સુવાની સરકારી સિંધી હાઈસ્કુલ મેંદરડા ખાતે આચાર્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. આર.એમ.એસ.એ હાઈસ્કુલ દુધાળાના આચાર્ય કોકીલાબેન રામજીભાઈની ભેસાણના બામણગઢ સરકારી માધ્યમિક શાળાના આચાર્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. તો સરકારી માધ્યમિક શાળા રાજપરા (માણાવદર)ના આચાર્ય દેવાયતભાઈની સરકારી હાઈસ્કૂલ વિસાવદરના આચાર્ય તરીકે નિમણૂક કરાય છે.

# સોમનાથ: સતીકુંવર ટ્રસ્ટ દ્વારા 'વેલકમ ૨૦૨૬'નું ધમાકેદાર આયોજન




**અબતક, જયેશ પરમાર, સોમનાથ:** ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ - સોમનાથમાં ડારી ટોલ પ્લાઝા પાસે આવેલી નવરંગ હોટલ ખાતે આગામી થર્ટી ફર્સ્ટની ઉજવણીના આયોજન અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. સ્વ. સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટના અધ્યક્ષ મીનાબા જાદવ દ્વારા 'બાય બાય ૨૦૨૫ અને વેલકમ ૨૦૨૬' ના કાર્યક્રમની વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી.

# ગીરગઢડાના જામવાળા ગ્રામ્ય વિસ્તારમાં શંકાસ્પદ સરકારી અનાજ પકડાયું

## જીલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયની સુચનાથી પુરવઠા વિભાગે રૂ. ૩૪,૬૫૮.૪૦નો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**



ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના જામવાળા ગ્રામ્ય વિસ્તારમાં પુરવઠા તંત્ર દ્વારા આકસ્મિક તપાસ દરમિયાન શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન અનાજની લે-વેચ કરતા રિક્ષા ચાલકની અટકાયત કરવામાં આવી હતી.

જીલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયની સૂચના અને જિલ્લા પુરવઠા અધિકારી પી.ડી. વાંદા ના માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. બાતમીના આધારે કરાયેલી તપાસમાં જામવાળા વિસ્તારમાંથી ઘઉં ૧૬૨.૩૦૦ કિલોગ્રામ અને ચોખા ૧૮૨.૦૦૦ કિલોગ્રામ સહિત રિક્ષા અને વજન કાંટો મળી કુલ રૂ. ૩૪,૬૫૮.૪૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ મામલે પુરવઠા તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને કાયદેસરની કાર્યવાહી આગળ વધારવામાં આવશે.

# કચ્છ: પ્રેમજીભાઈ ઠકકરની ૫૦મી પૂણ્યતિથિ નિમિતે શ્રધ્ધાંજલી સાથે ત્રિવિધ કાર્યક્રમ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**






## અગ્રણીઓનું સન્માન તેમના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરાય

ગુજરાતના પૂર્વ મહેસુલ તથા કાયદા મંત્રી અને કચ્છના ગણમાન્ય લોકનેતા પ્રેમજીભાઈ ઠકકરની ૫૦ મી પુણ્યતિથિ નિમિતે યોજવામાં આવેલ ૪૯માં શ્રધ્ધાંજલિ સમારોહના અતિથિ વિશેષ અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલએ જણાવ્યું હતું કે, વિરાટ વ્યકિત્વ ધરાવતા પ્રેમજીભાઈ વિશે વાત કરવીએ ગાગરમાં સાગર સમાવવા જેવું કઠીન કામ છે. તેઓ આદર્શ શિક્ષક તેમજ કુશળ ધારાશાસ્ત્રી હતા. કચ્છના જાહેર જીવનમાં આઝાદી પહેલાં અને આઝાદી પછી તેમનું યોગદાન ખુબ જ મહત્વનું રહયું છે.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રેમજીભાઈ બી. ઠકકર મેમો. ચેરી. ટ્રસ્ટના પ્રમુખ શંકરભાઈ સચદેએ ઉપસ્થિત સૌનું શાબ્દીક સ્વાગત કર્યું હતું. તાજેતરમાં દેવલોક પામેલ આદર્શ શિક્ષક ધનસુભાઈ ધોળકીયાને ટ્રસ્ટ તરફથી શ્રધ્ધાજલિ આપી હતી. મેનેજીંગ ટ્રસ્ટી હીરેનભાઈ સચદેએ ડો. મોહનભાઈ પટેલનું ''શબ્દ પ્રવેશ' પુસ્તકથી સન્માન કર્યું હતું. ખંજાનચી હિમાશું ચોથાણીએ જયંતિભાઈનું શાલથી તેમજ ટ્રસ્ટી હરેશભાઈ ઠકકરે ''શબ્દ પ્રવેશ' પુસ્તકથી સન્માન કર્યું હતું.

સંસ્કૃત પાઠશાળા તથા હાટકેશ અંબિકા મહિલા મંડળ તરફથી યોજવામાં આવેલ જુદી જુદી સ્પર્ધાઓના પ્રથમ ચાર વિજેતાઓને નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકી પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી તથા પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ઠકકરના હસ્તે ઈનામો આપવામા આવેલ હતા.

સત્યમ તથા તાનારીરી સંસ્થા દ્વારા આયોજીત જુદી જુદી સ્પધાના પ્રથમ ચાર વિજેતાઓને પૂર્વ ધારાસભ્ય શિવજીભાઈ આહિર, અનિલભાઈ અજાણી, જોરૂભા રાઠોડ, ઝવેરીભાઈ સોનજી, એમ.એસ. જથમ, અજીત માનસતા, ધરમશી મહેશ્વરી, રસીકભાઈ મકવાણા, વિજય સચદે તથા બીનાબેન ભાનુશાલીના હસ્તે ઈનામો આપવામાં આવેલ હતા.

આ પ્રસંગે ધારાશાસ્ત્રીઓ દર્શક બુચ, જે.આર. મહેતા, મલ્હાર બુચ, દિનેશ ઠકકર, આર.એમ. ભાટ્ટી, અશોકભાઈ માંડલીયા તથા સમાજીક અગ્રણીઓ ડો.મહેન્દ્રભાઈ ઠકકર, જગદીશભાઈ મહેતા, મગનભાઈ ઠકકર, દિલીપભાઈ આચાર્ય, મુકેશભાઈ ઉમરાણિયા, નિતીનભાઈ દાવડા, અશોક ઠકકર, વિનેશ સચદે, અનવર નોડે, પરમાનંદ જોષી, અવિનાશ વૈધ, ડી. એમ. વૈધ, વિકાસ છાંગા, મયુર ગોહિલ, પુષ્પાબેન વૈધ વગેરે અગ્રણીઓએ પ્રેમજીભાઈના તલચિત્રને ફુલહાર કરી, શ્રધ્ધાંજલિ આપી હતી.

# વિજય હઝારે ટ્રોફી / સૌરાષ્ટ્ર સામે દિલ્હીનો ૮ વિકેટે વિજય: પ્રિયાંશ આર્યાની ફિફટી

**અબતક, રાજકોટ**

બેંગલુરુમાં સૌરાષ્ટ્ર સામે ૩૨૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીએ ૪૮.૪ ઓવરમાં ૭ વિકેટે પીછો કર્યો. પ્રિયાંશ આર્યએ ૭૮ રન અને તેજસ્વીએ ૫૩ રન બનાવ્યા. જ્યારે, કેપ્ટન રિષભ પંતે ૨૨ રન બનાવ્યા.



## હરિયાણાના ૨૯૯ રન સામે ગુજરાત ૨૭૩ જ બનાવી શકી: મયંક શાંડિલ્યના ૮૬ રન, ગુજરાત તરફથી જયમિત અને વિશાલની અડધી સદી



હરિયાણા સામે ગુજરાતનો ૨૬ રનથી પરાજય થયો હતો. હરિયાણાએ પ્રથમ બેટિંગ કરતાં ૪૯.૪ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૯૯ રન કર્યા હતા. આમ ગુજરાત સામે ૩૦૦ રનનો ટારગેટ હતો પરંતુ તે ૪૭.૧ ઓવરમાં ૨૭૩ રન કરી શક્યું હતું. વર્તમાન ટુર્નામેન્ટમાં પ્રથમ મેચ જીત્યા બાદ ગુજરાતનો આ સળંગ બીજો પરાજય હતો. અગાઉ દિલ્હી સામેની મેચમાં તેનો સાત રનથી પરાજય થયો હતો. બેંગલોર ખાતે રમાયેલી મેચમાં ગુજરાતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. હરિયાણા માટે ઓપનર મયંક શાંડિલ્યએ શાનદાર બેટિંગ કરી હતી. તેણે ૧૦૫ બોલમાં દસ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૮૬ રન ફટકાર્યા હતા તો તેના સાથી ઓપનર અને કેપ્ટન અંકિત કુમારે ૫૫ બોલમાં ૩૯ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત હિમાંશુ રાણાએ આક્રમક બેટિંગ કરી હતી. તેણે છ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૫૬ બોલમાં ૫૭ રન ફટકાર્યા હતા.

## મુંબઈએ છત્તીસગઢને ૯ વિકેટથી હરાવ્યું

મુંબઈએ છત્તીસગઢને ૯ વિકેટથી હરાવી દીધું. મુંબઈએ ૧૪૨ રનના લક્ષ્યને ૨૪ ઓવરમાં જ એક વિકેટના નુકસાને ૧૪૪ રન બનાવીને હાંસલ કરી લીધું. અંગકૃષ રઘુવંશીએ ૬૬ બોલમાં ૬૮ રન બનાવ્યા, જ્યારે સિદ્ધેશ લાડે ૪૨ બોલમાં ૪૮ રનની ઈનિંગ રમી.

## ઝારખંડનો ૧૩૩ રને વિજય કેપ્ટન કુમાર કુશાગ્રની સદી

ઝારખંડની ટીમે કેપ્ટન કુમાર કુશાગ્રની સદીની મદદથી પુડુચેરીને ૧૩૩ રનના મોટા અંતરથી હરાવ્યું છે. અમદાવાદમાં રમાયેલી આ મેચમાં કુશાગ્રના ૧૦૫ રન અને અનુકૂલ રોયના અણનમ ૯૮ રનની મદદથી ઝારખંડે ૩૬૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ત્યારબાદ પુડુચેરીની ટીમને ૪૧.૪ ઓવરમાં ૨૩૫ રન પર ઓલઆઉટ કરી દીધી હતી.

## ઉત્તરપ્રદેશે બરોડાને ૫૪ રનથી હરાવ્યું

રાજકોટમાં, ઉત્તર પ્રદેશે ધ્રુવ જુરેલના અણનમ ૧૬૦ રનની મદદથી બરોડાને ૩૭૦ રનનો લક્ષ્યાંક આપ્યો. રિંકુ સિંહે ૬૩ અને અભિષેક ગોસ્વામીએ ૫૧ રન બનાવ્યા. જવાબમાં બરોડા ૫૦ ઓવરમાં ફક્ત ૩૧૪ રન જ બનાવી શક્યું. કેપ્ટન કૃણાલ પંડ્યાએ ૮૨ રન બનાવ્યા, પરંતુ તે પોતાની ટીમને વિજય અપાવી શક્યો નહીં.

# વિકેટકીપરની ફૌજ વચ્ચાળે ત્રણેય ફોર્મેટમાં પ્લેઈંગ- ૧૧માં જગ્યા આપવા અસમંજસ!

### તાજેતરમાં આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં ભારતે ત્રણ વિકેટકીપર રમાડી ભૂલ કરી હતી: વનડે ફોર્મેટમાં કેએલ રાહુલ પ્રથમ પસંદગીના વિકેટકીપર-બેટ્સમેન, જો પંતને બહાર કરવામાં આવશે તો ઈશાન કિશનની બે વર્ષ કરતાં વધુ સમય બાદ વન-ડે ટીમમાં વાપસી લગભગ નિશ્ચિત



**અબતક, નવી દિલ્હી**

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે સિરીઝ ૧૧મીથી ૧૮મી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રમાશે, અને આ અઠવાડિયાના અંત સુધીમાં ટીમની જાહેરાત થઈ શકે છે. જો પંતને બહાર રાખવામાં આવે છે, તો તેને તેના વનડે કરિયરમાં એક અસ્થાયી વિરામ માનવામાં આવશે, કારણ કે ટીમ મેનેજમેન્ટ વર્તમાન ફોર્મને વધુ મહત્ત્વ આપી રહ્યું છે.


ભારતીય ક્રિકેટ ટીમના વનડે ફોર્મેટમાં કેએલ રાહુલ હાલમાં પ્રથમ પસંદગીના વિકેટકીપર-બેટ્સમેન છે. ન્યુઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની હોમ વનડે સિરીઝમાં, જે ૧૧ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે પરંતુ રાહુલના બેકઅપ વિકેટકીપરની જગ્યા માટે હાલ તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે, અને આ ત્રણ મુખ્ય દાવેદારો વચ્ચેની લડત ચર્ચાનો વિષય બની છે જેમાં ઈશાન કિશન, ઋષભ પંત અને ધ્રુવ જુરેલ સામેલ છે.

## વિકેટ કિપર બેટસ્મેન ઈશાન કિશન વાપસી કરશે



જો પંતને બહાર કરવામાં આવશે તો ઈશાન કિશનની બે વર્ષ કરતાં વધુ સમય બાદ વનડે ટીમમાં વાપસી લગભગ નિશ્ચિત છે. ઈશાને છેલ્લે ૧૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ વનડે વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન સામે રમ્યો હતો. ત્યારપછી તેણે ઘરેલુ ક્રિકેટમાં શાનદાર વાપસી કરી છે. ઈશાન કિશને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૫-૨૬માં સૌથી વધુ રન બનાવ્યા અને ઝારખંડને તેનું પ્રથમ ટાઈટલ જીતાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જ પ્રદર્શનના આધારે તેને ટી૨૦ વર્લ્ડ કપની ટીમમાં પણ સ્થાન મળ્યું હતું. આ પછી, વિજય હઝારે ટ્રોફીમાં તેણે કર્ણાટક સામે માત્ર ૩૩ બોલમાં સદી ફટકારી, જે કોઈ પણ ભારતીય બેટર દ્વારા બીજી સૌથી ઝડપી લિસ્ટ-એ સદી હતી.

આ સ્પર્ધા ૨૦૨૭ વનડે વર્લ્ડ કપની તૈયારીઓના સંદર્ભમાં મહત્વની છે, કારણ કે ભારતને મજબૂત વિકેટકીપિંગ વિકલ્પોની જરૂર છે. ઈશાનની વર્તમાન ફોર્મ તેને આગળ રાખે છે, પરંતુ અંતિમ નિર્ણય અજિત અગરકરની આગેવાનીવાળી સિલેક્શન કમિટીનો હશે.



આ સિરીઝ ભારત માટે ૨૦૨૬ની શરૂઆતની મહત્વની સિરીઝ છે, અને વિકેટકીપિંગ વિભાગમાં આ લડત રસપ્રદ જોવા મળી રહી! શુભમન ગિલની વનડે કેપ્ટન તરીકે વાપસી નિશ્ચિત માનવામાં આવી રહી છે. ગરદનની ઈજાને કારણે તે દક્ષિણ આફ્રિકા સિરીઝમાંથી બહાર હતો, પરંતુ હવે તે ફિટ થઈને પાછો ફરી રહ્યો છે. જોકે, વાઈસ-કેપ્ટન શ્રેયસ ઐયરની ઉપલબ્ધતા પર હજુ પણ શંકા છે કારણ કે તેને સંપૂર્ણપણે ફિટ જાહેર કરવામાં આવ્યો નથી. દક્ષિણ આફ્રિકા સામેની સિરીઝમાં કેએલ રાહુલે ટીમની કમાન સંભાળી હતી અને ભારતને ૨-૧થી સિરીઝ જીતાડી હતી.

## ૬૨ રન સ્મૃતિને નવો માઈલસ્ટોન અપાવશે?

### આજના ટી૨૦ મેચમાં સ્મૃતિ મંધાના ૬૨ રન બનાવશે તો ગીલની આગળ નીકળી જશે

**અબતક, નવી દિલ્હી**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ઓપનર અને ઉપકપ્તાન સ્મૃતિ મંધાના ૨૦૨૫ના વર્ષમાં અદ્ભુત ફોર્મમાં છે. તે આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાના રેકોર્ડની નજીક પહોંચી ગઈ છે અને આ રેકોર્ડ માત્ર મહિલા ક્રિકેટરોમાં જ નહીં, પરંતુ પુરુષ અને મહિલા બંનેના આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોમાં સૌથી વધુ રનનો છે.



હાલમાં સ્મૃતિ મંધાનાએ ૨૦૨૫માં તમામ ફોર્મેટ (ટેસ્ટ, વનડે અને ટી-૨૦) મળીને ૧૭૦૩ રન બનાવ્યા છે. આ આંકડો પહેલેથી જ કોઈપણ મહિલા ક્રિકેટર દ્વારા એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રનનો રેકોર્ડ છે. હવે માત્ર ૬૨ રન વધુ બનાવે તો તે પુરુષ ક્રિકેટર શુભમન ગિલના ૧૭૬૪ રનના આંકડાને પાર કરીને ૨૦૨૫ના વર્ષની સૌથી વધુ રન બનાવનાર ક્રિકેટર (પુરુષ કે મહિલા) બની જશે.

આ મહત્વપૂર્ણ મેચ શ્રીલંકા મહિલા ટીમ સામેની પાંચ મેચની ટી-૨૦ સિરીઝની છેલ્લી મેચ છે, જે ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ તિરુવનંતપુરમમાં રમાશે. ભારતીય ટીમે પહેલેથી જ સિરીઝમાં અજેય લીડ મેળવી લીધી છે અને હવે ૫-૦થી કલીન સ્વીપ કરવાનો ઈરાદો છે. આ મેચમાં સ્મૃતિની નજર આ ઐતિહાસિક રેકોર્ડ પર પણ હશે.

## ભૂતાનના સોનમે ટી-૨૦માં ૮ વિકેટ ઝડપી વર્લ્ડરેકોર્ડ બનાવ્યો



**અબતક, નવી દિલ્હી**

ભૂતાનનો ઓફ સ્પિનર સોનમ યેશેએ ઈતિહાસ રચ્યો છે. ૨૨ વર્ષીય સોનમ ટી-૨૦ ક્રિકેટની એક મેચમાં ૮ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો છે. યેશેએ પોતાના કોટાના ચાર ઓવરમાં ૭ રન આપીને ૮ વિકેટ લીધી હતી. જેમાં એક મેડન ઓવર પણ સામેલ હતી. તેની ઈકોનોમી માત્ર ૧.૭૫ રહી હતી.સોનમે ગેલેફુમાં મ્યાનમાર સામે રમાયેલી ત્રીજી ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ૮ વિકેટ ઝડપી હતી. ભૂતાન ક્રિકેટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું- 'આ એક યાદગાર સ્પેલ છે. સોનમ યેશેનો ૪ ઓવરમાં ૮/૭નો દેખાવ વર્લ્ડ રેકોર્ડ બની ગયો છે.

ટી૨૦ ક્રિકેટમાં પહેલીવાર કોઈ બોલરે એક મેચમાં ૮ વિકેટ લીધી છે. આ પહેલા નેધરલેન્ડના કોલિન એકરમેને ૨૦૧૯માં અને અફઘાનિસ્તાનના તસ્કીન અહેમદે ૨૦૨૫માં એક મેચમાં ૭-૭ વિકેટ લીધી હતી. જયારે,ટી૨૦ ઈન્ટરનેશનલમાં પણ બે બોલરો ૭-૭ વિકેટ લઈ ચૂક્યા છે.

સોનમ યેશેની શાનદાર બોલિંગને કારણે ભૂતાને મ્યાનમારને ૧૨૮ રનના લક્ષ્યનો પીછો કરતા માત્ર ૪૫ રનમાં ઓલઆઉટ કરી દીધું. ભૂતાને આ મેચ ૮૨ રનથી જીતી લીધી.

# મુંબઈની બેસ્ટ બસે યુ- ટર્ન લઈ ફૂટપાથ પર ૧૮ ને કચડ્યાં: ૪ના મોત

### અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે, જેમાં ત્રણ મહિલાઓ સામેલ હતી

મુંબઈમાં છેલ્લા ૯૪ વર્ષથી દોડતી અને શહેરની ઓળખ ગણાતી બેસ્ટ બસનો વધુ એક ભયાનક અકસ્માત સામે આવ્યો છે. મુંબઈના ભાંડુપ રેલવે સ્ટેશન બહાર સોમવારે મોડી રાત્રે રૂટ નંબર ૬૦૬ પર દોડતી બેસ્ટની વેટ-લીઝ ઈલેક્ટ્રિક એસી બસ યુ-ટર્ન લેતી વખતે ચાલકના કાબૂમાંથી બહાર થઈ ગઈ અને ફૂટપાથ પર ઉભેલા લોકો પર ચઢી ગઈ. આ અકસ્માતમાં ૪ લોકોના મોત થયા છે અને ૧૪ લોકો ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પહેલા કુર્લામાં પણ આવી જ રીતે બસ અકસ્માત થયો હતો જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.અકસ્માત બાદ બસના કોન્ટ્રાક્ટ ડ્રાઈવર સંતોષ રમેશ સાવંતની પોલીસે અટકાયત કરી હતી અને તેના સામે બેદરકારીપૂર્વક વાહન ચલાવવાના ગુનામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બેસ્ટ પ્રશાસને ડ્રાઈવરને સસ્પેન્ડ કરી દીધો છે અને ઘટનાની આંતરિક તપાસના આદેશ આપ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે ડ્રાઈવરને યોગ્ય તાલીમ આપવામાં આવી હતી કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે. પોલીસે જણાવ્યું કે અકસ્માત માનવ ભૂલના કારણે થયો કે ટેકનિકલ ખામીના કારણે, તે જાણવા માટે સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યું છે.આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે, જેમાં ત્રણ મહિલાઓ શામેલ છે. મૃતકોની ઓળખ માનસી ગુરવ, નાની અભિનેત્રી પ્રણિતા રસમ, વર્ષા સાવંત અને ટ્રાફિક વિભાગના કર્મચારી પ્રશાંત શિંદે તરીકે કરવામાં આવી છે. આ અકસ્માતમાં પ્રણિતાની નવ વર્ષની પુત્રી પણ ઘાયલ થઈ છે. એક વર્ષ પહેલા થયેલા કુર્લા બસ અકસ્માત પછી ફરી આવી ઘટનાએ મુંબઈમાં બસ અને જાહેર પરિવહનની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

## 200 Mbps જેટલી સ્પીડ આપીને 5G અને 4G નું અંતર અન્ય કંપની કરતા અલગ કંડારતું જિયો

**અબતક, નવી દિલ્હી**

ભારતના ટેલિકોમ ક્ષેત્રે 5G સેવાઓમાં રિલાયન્સ જિયોએ ફરી એકવાર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. બ્રોડબેન્ડ નેટવર્ક રિસર્ચ ફર્મ 'ઓપન સિગ્નલ'ના તાજેતરના અહેવાલ મુજબ, સ્પીડ, સિગ્નલની ઉપલબ્ધતા અને સબ્સ્ક્રાઈબર્સ દ્વારા તેના વપરાશના મામલે જિયો અન્ય કંપનીઓ કરતા આગળ છે.સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા ડેટા મુજબ, જિયોની 5G ડાઉનલોડ સ્પીડ ૧૯૯.૭ Mbps નોંધાઈ છે, જે તેના 4G નેટવર્ક કરતા ૧૧ ગણી વધારે છે. તેની સરખામણીમાં ભારતી એરટેલની 5G સ્પીડ ૧૮૭.૨ ખબાત (4G કરતા ૭ ગણી વધુ) અને વોડાફોન-આઈડિયા (Vi) ની સ્પીડ ૧૩૮.૧ Mbps (4G કરતા ૬ ગણી વધુ) નોંધાઈ

જિયો તેના 'સ્ટેન્ડઅલોન' (SA) નેટવર્ક અને ૭૦૦ MHz સ્પેક્ટ્રમની મદદથી ઘરોની અંદર પણ મજબૂત પકડ ધરાવે છે.એરટેલનું નેટવર્ક 'નોન-સ્ટેન્ડઅલોન' (NSA) હોવાથી તે 4G સિગ્નલ પર આધાર રાખે છે, જેના કારણે ગ્રાહકો 5G નો સતત લાભ લઈ શકતા નથી.

ઓપન સિગ્નલે નોંધ્યું છે કે 5G માત્ર ઝડપી સ્પીડ જ નહીં, પરંતુ 4G ની સરખામણીમાં વધુ સ્થિર અને ઓછી અડચણો વાળો અનુભવ આપે છે. રિપોર્ટ અનુસાર, ભારતમાં ૧૦,૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતના 5G સ્માર્ટફોનની વધતી સંખ્યાને કારણે આગામી સમયમાં નેટવર્ક પર દબાણ વધશે. જે કંપની સ્કેલ અને ગુણવત્તા વચ્ચે સંતુલન જાળવશે, તે ડિજિટલ રેસમાં વિજેતા બનશે.

### છેલ્લા એક વર્ષમાં એટીએમની સંખ્યામાં જબરદસ્ત ઘટાડો

## ડિજિટલ કરન્સી રંગ લાવ્યું: એની ટાઈમ મનીના દિવસો ગયાં

### બેંકિંગ સેવામાં સરકારી બેંકો ૬૦%થી વધુ ગામડાઓ તરફ અને ખાનગી બેંકો શહેરોમાં કેન્દ્રિત

**અબતક, દિલ્હી**

આજના ડિજિટલ યુગમાં હવે આપણા ખિસ્સામાં રોકડ કરતા મોબાઈલમાં રહેલું 'ડિજિટલ વોલેટ' વધુ પાવરફુલ બન્યું છે. ભારતીયો જે રીતે યુપીઆઈ અને ઓનલાઈન પેમેન્ટ તરફ વળ્યા છે, તેની સીધી અસર હવે બેંકિંગ સેક્ટર પર પણ દેખાઈ રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના અહેવાલ મુજબ, દેશમાં ડિજિટલ વ્યવહારો વધવાને કારણે એટીએમ પરની નિર્ભરતા ઘટી છે, જેના પરિણામે એટીએમની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. આશ્ચર્યજનક રીતે ભૌતિક બેંક શાખાઓ અને બચત ખાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.ખાનગી બેંકોએ તેમના એટીએમની



સંખ્યા ૭૯,૮૮૪ થી ઘટાડીને ૭૭,૧૧૭ કરી છે. તેવી જ રીતે, સરકારી બેંકોએ પણ ૧.૩૪ લાખથી ઘટાડીને ૧.૩૩ લાખ એટીએમ કર્યા છે. મોટાભાગે જે મશીનો બેંકની બહાર હતા તે બંધ કરવામાં આવ્યા છે. બિન-બેંક કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતા એટીએમની સંખ્યામાં વધારો થયો છે. તે ૩૪,૬૦૨ થી વધીને ૩૬,૨૧૬ થઈ છે. એકતરફ એટીએમ ઘટ્યા છે, પણ બીજી તરફ બેંકની શાખાઓ ૨.૮% વધી છે. હવે દેશમાં કુલ ૧.૬૪ લાખ બેંક શાખાઓ છે. સરકારી બેંકોએ તેમની નવી શાખાઓમાંથી ૬૦% થી વધુ ગામડાઓ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ખોલી છે. જ્યારે ખાનગી બેંકો હજુ પણ શહેરોમાં વધુ સક્રિય છે. દેશમાં બેઝિક સેવિંગ્સ એકાઉન્ટની સંખ્યા વધીને ૭૨.૪ કરોડ થઈ છે. આ ખાતાઓમાં જમા રકમ પણ ૯.૫% વધીને રૂ. ૩.૩ લાખ કરોડ સુધી પહોંચી છે. ભારતની બેંકિંગ વ્યવસ્થા હવે 'મશીન' થી આગળ વધીને 'મોબાઈલ' અને 'ગામડાંની શાખાઓ' સુધી વિસ્તરી રહી છે. આ પરિવર્તન વધુ સુરક્ષિત પાયા નાખી રહ્યું છે.

### શા માટે ATM ઘટ્યા?

આરબીઆઈ મુજબ લોકો હવે નાની-મોટી દરેક ચૂકવણી માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરે છે, જેના કારણે તેમને રોકડ ઉપાડવા માટે એટીએમ જવાની જરૂર ઓછી પડે છે. સરકારી બેંકો ગામડાઓ સુધી પહોંચી રહી છે, જ્યારે શહેરોમાં લોકો રોકડના બદલે ઓનલાઈન વ્યવહારોને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે.

# વોર્ડ નં.૧૨ ના કોર્પોરેટર અસલમ ખીલજી પર રાજકીય વિવાદમાં સરાજાહેર હિચકારો હુમલો

## કાર વડે ટુ-વ્હીલરને ઠોકરે લઈ કોર્પોરેટર અલ્તાફ ખફી સહિત છ શખ્સો તૂટી પડયાં

## બનાવને પગલે હોસ્પિટલે ટોળા ઉમટી પડયાઃ ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

જામનગરમાં ગઈકાલે સાંજના સમયગાળા દરમિયાન જામનગર મહાનગરપાલિકાની કચેરી સામે જ જાહેરમાં વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર ઉપર હુમલો કરાયો હતો. આ મામલે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં જીવલેણ હુમલા મામલે પૂર્વ વિપક્ષી નેતા સહિત ૬ શખ્સો સામે ખૂનની કોશિશ સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધાતા ચકચાર મચી છે.

જામનગરમાં તાજેતરમાં જ આમ આદમી પાર્ટીમાં જોડાયેલા કોર્પોરેટર અસ્લમ ખિલજી ઉપર હિંચકારો હુમલો કરાયો હતો. ગઈકાલે સાંજે સાત વાગ્યાના સમયગાળા દરમિયાન કોર્પોરેટર અસ્લમ ખિલજી પોતાનું ટુ વ્હીલર લઈને જામનગર મહાનગરપાલિકાની કચેરી ખાતેથી પોતાના ઘર તરફ જતા હતા આ વેળાએ શહેરના ટાઉનહોલ નજીક મહાનગરપાલિકાના બીજા ગેટ સામે બાળકોનો મેળો ભરાઈ છે ત્યાં આરોપીઓ એ અસ્લમ ખિલજીના વાહનને ઠોકર મારી હતી.



જેમાં અસ્લમભાઈ માર્ગ પર ઢળી પડ્યા હતાં બાદમાં પાંચ જેટલા અજાણ્યા શખ્સો નગરસેવક પર તૂટી પડ્યા હતા. જે હુમલામાં કોર્પોરેટર અસ્લમ ખીલજીને પગના અને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જીજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જામનગરમાં અસ્લમ ખિલજી પર હુમલા મામલે પુરબીયાની ખડકી પટણી વાડ ખાતે રહેતા શાહનવાઝ મહમદ હનીફ ખીલજી એ આરોપી જુનેદ ઉર્ફે પાવડરીયો ઉર્ફે જુનીયો રજાકભાઈ ચૌહાણ રહે.પટણીવાડ જામનગર, ઈસ્તીયાક ઉર્ફે ચોટલી બોદુભાઈ કુરેશી રહે.મહારાજા સોસાયટી જામનગર, સલીમ વલીભાઈ ખીલજી રહે.પટણીવાડ જામનગર, હબીબ ખફી રહે.શંકર ટેકરી જામનગર, સમીર ઉર્ફે ચોર શકીલભાઈ ચૌહાણ રહે.સીધ્ધનાથ સોસાયટી કસાઈ કબ્રસ્તાનની ગલ્લીમા જામનગર અને આરોપી અલ્તાફભાઈ ખફી (રહે.ક્રિષ્ના પાર્ક અને સુમરા ચાલીની વચ્ચે પટેલ કોલોની જામનગર)ના નામજોગ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેને લઈને પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર કોર્પોરેટર અસ્લમ ખિલજી ગઈકાલે સાંજે પોતાની એકસેસ બાઈક લઈને જતા હોય ત્યારે અલ્તાફભાઈ ખફીએ આરોપી જુનેદ ઉર્ફે પાવડરીયો ઉર્ફે જુનીયો રજાકભાઈ ચૌહાણ રહે.પટણીવાડ જામનગર, ઈસ્તીયાક ઉર્ફે ચોટલી બોદુભાઈ કુરેશી રહે.મહારાજા સોસાયટી જામનગર, સલીમ વલીભાઈ ખીલજી રહે.પટણીવાડ જામનગર, હબીબ ખફી રહે.શંકર ટેકરી જામનગર, સમીર ઉર્ફે ચોર શકીલભાઈ ચૌહાણ ને મોકલ્યા હતા. જેમા આ તમામ આરોપીઓએ પ્રથમ કોર્પોરેટર અસ્લમ ખીલજીની ટુવ્હીલર સાથે કાર અથડાવી અકસ્માત કર્યો હતો.

જેને લઈને અસલમભાઈ માર્ગ પર ઢળી પડ્યા હતા. બાદમાં આરોપી જુનેદ ઉર્ફે પાવડરીયો ઉર્ફે જુનીયો એ તલવાર વડે હુમલો કર્યો હતો. આરોપીએ મારી નાખવાના ઈરાદે માથાના ભાગે તલવારનો ઘા ઝીંકી લીધો હતો. બાદમાં ઈસ્તીયાક ઉર્ફે ચોટલીએ લોખંડનો પાઈપ વડે ધુંટણથી નીચેના ભાગે ઘા માર્યા હતા. તો તથા સલીમ વલીભાઈ ખીલજી એ લોખંડના પાઈપ વડે આડેધડ ઘા માર્યા હતા. જ્યારેસમીર ઉર્ફે ચોરે પણ લાકડાના ધોકા વડે શરીરે જેમફાવે તેમ માર મારી ભુંડી ગાળો ભાંડી હતી. વધુમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. હાલ પોલીસે અસ્લમ ખિલજીના સબંધોની ફરિયાદના આધારે ૬ આરોપીઓ સામે હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# રિલાયન્સના મહેમાન બન્યાં બોલીવુડ ક્વિન શિલ્પા શેટ્ટી સહિતના સેલિબ્રિટીઓ

## ભોજપુરી સુપરસ્ટાર અને લોકસભાના સાંસદ મનોજ તિવારીનું પણ પરિવાર સાથે ક્રિકેટર હાર્દિક પંડ્યાએ ચાહકોને ઓટોગ્રાફ્સ આપ્યો

સવારે રિલાયન્સના ખાસ મહેમાન તરીકે જામનગર એરપોર્ટ પર બોલીવુડ ક્વિન શિલ્પા શેટ્ટીનું આગમન થયું હતું. આ દરમિયાન તેઓ પોતાના પતિ અને સંતાનો સાથે જોવા મળ્યા હતા. જે કાર મારફતે રિલાયન્સ જવા નીકળ્યા હતા. બીજી બાજુ સવારના સમયે જ ભોજપુરી સુપરસ્ટાર અને લોકસભાના સાંસદ મનોજ તિવારીનું પણ પરિવાર સાથે જામનગરમાં આગમન થયું હતું.



રિલાયન્સ ટાઉનશિપ ખાતેના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે હાર્દિક પંડ્યાએ ચાહકોને ઓટોગ્રાફ્સ પણ આપ્યો હતો. જે અંગેની તસવીર પણ સામે આવી છે. ગત રાત્રીએ ફેમસ સિંગર નીતિ મોહને જામનગરની રિલાયન્સ ટાઉનશિપ ખાતે ધમાકેદાર પર્ફોમન્સ આપીને રિલાયન્સના કર્મચારીઓ અને તેમના પરિવારના લોકોને આનંદ કરાવ્યો હતો. જોરદાર પર્ફોમન્સ થકી કલાકારોએ ઉપસ્થિતોના દિલ જીતી લીધા હતા. ઉપરાંત જામનગરમાં રિલાયન્સની પાર્ટીની ભવ્ય ઉજવણી કરી આજે ખુશી કપૂર ફરી મુંબઈ જવા રવાના થઈ હતી.

# નગરસેવક અસલમ ખીલજી પર હુમલાને પગલે પોલીસ એક્શન મોડમાં:સંવેદનશીલ વિસ્તારોમાં 'ફૂટ પેટ્રોલીંગ'

## કાયદો અને વ્યવસ્થા જાળવવા દરબારગઢ નાકા બહારના વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્તઃ સિટી-એ ડિવિઝન અને એલસીબીની ટીમો દ્વારા રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ

ગત રાત્રે, જામનગર શહેરના લાલ બંગલો સર્કલ થી ભીડભજન મંદિર તરફ માર્ગ પર જામનગર મહાનગર પાલિકા ના પૂર્વ વિપક્ષી નેતા તથા આમ આદમી પાર્ટી ના વોર્ડ નં.૧૨ ના નગરસેવક અસલમ ખીલજી પર જીવલેણ હુમલા બાદ જામનગર પોલીસ સક્ર્ક બની છે. ત્યારે, જામનગર શહેર વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ના માર્ગદર્શન હેઠળ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઈ એન.એ.ચાવડા સહિત સર્વેલન્સ ટીમ અને



એલસીબી શાખા ના પીએસઆઈ પી.એન.મોરી સહિત સ્ટાફ દ્વારા દરબારગઢ નાકા બહાર આવેલ પાંચ હાટડી વિસ્તાર, ગુજરાતીવાડ વિસ્તાર, પટણીવાડ વિસ્તાર અને વાઘેરવાડા વિસ્તારમાં ફૂટ પેટ્રોલીંગ યોજી અને સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# સરમત પંથકમાં ખનીજ માફિયાઓ પર તંત્રનો 'સપાટો': ૧ કરોડનો મુદ્દામાલ જપ્ત

## સરમતની સીમમાં ગેરકાયદે ખોદકામ કરતા એક્સાવેટર અને બે ટ્રેક્ટરો ઝડપી લેવાયા

જામનગરમાં થતી ખનિજ ચોરીને રોકવા તંત્ર દ્વારા ખનીજચોરો સામે લાલ આંખ કરાઈ છે. તાજેતરમાં જામનગર જિલ્લાના ખારાબેરાજા અને વાંકિયા પંથકમાંથી ખનીજ ચોરી ઝડપી લેવાયા બાદ આજે જામનગર નજીકના સરમત ગામની સીમમાંથી ગેરકાયદે ખનીજ ચોરીનું કારસ્તાન સામે આવ્યું હતું. બે ટ્રેકટરો, એક્સાવેટર સહિત ૧ કરોડ ઉપરાંતનો મુદામાલ કબ્જે કરાયો હતો.આ અંગેની વિગત મુજબ જામનગર તાલુકાના સરમત ગામની સીમ વિસ્તારમાં ગેરકાયદે ખનીજ ચોરીની બાતમીના આધારે ભુસ્તર શાખા દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં સ્થળ પર તપાસ દરમિયાન



હાર્ડમોરમ/બ્લેકટ્રેપ ખનીજનું ખોદકામ થતું હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન એક્સાવેટર મશીન મારફતે ટ્રેકટરમાં હાર્ડમોરમ ભરી ગેરકાયદે પરિવહનનું ભોપાળું છતું થયું હતું.જેના આધારે તંત્ર દ્વારા સરમત ગામની સીમ વિસ્તારમાંથી એક એસ્કવેટ મશીન અને બે ટ્રેકટર સહિત કુલ રૂા. ૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી સમગ્ર મામલામાં ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરાઈ છે. તંત્ર દ્વારા સપાટો બોલાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ખનિજ ચોરોમાં ફફડાટ ફેલાયો છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન માળખામાં મંત્રીપદે આશાબેન નકુમની વરણી

ગુજરાત પ્રદેશ ભાજપની નવી ટીમમાં જામનગરના મહીલા અગ્રણીને મહત્વનું પદ મળ્યું છે. ૧૪ વર્ષથી પક્ષ સાથે જોડાયેલા આશાબેન નકુમની પ્રદેશ મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેણી પક્ષમાં અગાઉ પણ પ્રદેશકક્ષાએ મહત્વના જુદા-જુદા હોદા પર ફરજ બજાવી ચૂકયા છે.

ભારે ઈન્તેજારી બાદ હાઈકમાન્ડની લીલીઝીંડી મળતા ગુજરાત પ્રદેશ ભાજપની નવી ટીમ જાહેર કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલની નવી ટીમમાં ૧૦ ઉપપ્રમુખ, ૪ મહામંત્રી, ૧૦ મંત્રી અને એક કોષાધ્યનો સમાવેશ કરાયો છે. ભાજપના પ્રદેશ માળખામાં તમામ જિલ્લાને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. ત્યારે જામનગરના મહીલા અગ્રણીને પણ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

છેલ્લાં ૧૪ વર્ષથી પક્ષ સાથે જોડાયેલા અને સંનિષ્ઠ કાર્યકર જામનગરના આશાબેન નકુમની ગુજરાત પ્રદેશ ભાજપની નવી ટીમમાં પ્રદેશ મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. પ્રદેશ ભાજપની ટીમમાં જામનગરના મહીલાને મહત્વનું પદ મળતા



ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

અત્રે નોંધનીય છે કે, આશાબેન નકુમ અગાઉ ભાજપમાં પ્રદેશકક્ષાએ મહત્વના હોદા પર ફરજ બજાવી ચૂકયા છે. જેમાં દીવ-દમણ અને દાદરાનગર હવેલીના પ્રદેશ આઈટી સેલના મીડીયા કન્વીનર, સૌરાષ્ટ્ર ઝોનના આઈટી સહપ્રભારી અને પ્રદેશ મીડીયા ડીબેટ ટીમના પ્રવકતાના હોદાનો સમાવેશ થાય છે. હવે તેણીને પક્ષ દ્વારા પ્રદેશ મંત્રીની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે આ જવાબદારી સુપેરે નિભાવવાની અને પક્ષને વધુને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્યશીલ રહેશે તેમ આશાબેને જણાવ્યું હતું

# 'બ્રાસ સિટી'ની વૈશ્વિક ઉડાનઃ 'ટેક ફેસ્ટ ' ના પ્રમોશનલ ઈવેન્ટમાં ઉદ્યોગ સાહસિકોનો અભૂતપૂર્વ ઉત્સાહ

## ૩૦૦ સ્ટોલ, જર્મન ટેકનોલોજીના ડોમ અને ૨ લાખથી વધુ મુલાકાતીઓના લક્ષ્યાંક સાથે ૭, ૮, ૯ અને ૧૦ જાન્યુઆરીએ યોજાશે ઐતિહાસિક ઔદ્યોગિક પ્રદર્શન

જામનગર, જે સમગ્ર વિશ્વમાં 'બ્રાસ સિટી' તરીકે ગૌરવવંતું સ્થાન ધરાવે છે, તે ફરી એકવાર પોતાની ઔદ્યોગિક તાકાતનું પ્રદર્શન કરવા માટે સજ્જ થઈ રહ્યું છે. આગામી તારીખ ૭, ૮, ૯ અને ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ દરેડ જીઆઈડીસી બાયપાસ રોડ ખાતે, જીઆઈડીસી પ્લોટ અને શેડ હોલ્ડર્સ એસોસિએશનના નેજા હેઠળ 'જામનગર ટેક ફેસ્ટ - ૨૦૨૬' નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ મેગા ઈવેન્ટની પૂર્વતૈયારીના ભાગરૂપે ગઈકાલે સાંજે રણજીતનગર સ્થિત લેઉવા પટેલ સમાજ ખાતે એક શાનદાર પ્રમોશનલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટ ચેરમેન અશોક કાછડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં જામનગરના અગ્રણી ઉદ્યોગપતિઓ, વિવિધ એસોસિએશનના હોદ્દેદારો અને સરકારી અધિકારીઓની વિશાળ ઉપસ્થિતિ જોવા મળી હતી. આ પ્રસંગે જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશનના પ્રમુખ વિષ્ણુંભાઈ એમ. પટેલે તમામ આમંત્રિતોનું હાર્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, આ ટેક ફેસ્ટ માત્ર એક પ્રદર્શન નથી પરંતુ જામનગરના લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો (MSMEs) ને વિશ્વની આધુનિક ટેકનોલોજી સાથે કદમ મિલાવવાનું એક સશક્ત માધ્યમ છે. તેઓએ ગર્વ સાથે ઉમેર્યું હતું કે આ છઠ્ઠું એડિશન (6th Edition) નેશનલ લેવલનું બની રહેશે, જેમાં ૨૫૦ થી ૩૦૦ જેટલા સ્ટોલ્સ અને ૨ લાખથી વધુ મુલાકાતીઓનો અંદાજ છે, જે જામનગરના વિકાસ માટે આપણી એકતા અને પ્રતિબદ્ધતા દર્શાવે છે ઓનલાઈન માર્કેટિંગ અને સ્ટાર્ટ-અપ માટેના વિશેષ સેમિનારો પણ આ વખતના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.અંતમાં, આ પ્રમોશનલ ઈવેન્ટનો સૂર માત્ર વ્યાપાર વૃદ્ધિ પૂરતો સીમિત ન રહેતા, માતૃભૂમિના ઋણ સ્વીકાર તરફ પણ વળ્યો હતો. વકતાઓ દ્વારા એક સમાન લાગણી વ્યક્ત કરવામાં આવી હતી કે, ''અહીં કમાણાં છીએ, તો અહીં જ પાછું આપવું છે.'' જામનગરના ઔદ્યોગિક સંગઠનોની એકતા અને સંપનું આ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કારોબારી સભ્યો, પદાધિકારીઓ અને ઉદ્યોગપતિઓએ સંકલ્પ લીધો હતો કે જામનગરના બ્રાસ ઉદ્યોગને વિશ્વના નકશા પર વધુ મજબૂતીથી અંકિત કરવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા પણ વખાણાયેલા આ 'ટેક ફેસ્ટ' થકી સ્થાનિક ઉદ્યોગકારોને આધુનિક મશીનરીનું જ્ઞાન મળશે અને તેઓ વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે સક્ષમ બનશે. આમ, આ પ્રમોશનલ ઈવેન્ટ આગામી જાન્યુઆરીમાં યોજાનારા મહાકુંભની સફળતાની પારાશીશી સમાન બની રહ્યો હતો, જે જામનગરના ઉદ્યોગ જગત માટે એક નવી સવાર લઈને આવશે.




### બ્રાસ ઉદ્યોગ ૩લાખ લોકોને રોજગારી પૂરી પાડે છેઃચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ રમણીકભાઈ અકબરી

આ પ્રમોશનલ ઈવેન્ટમાં જામનગરના ઔદ્યોગિક વિકાસની દિશા અને દશા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમણીકભાઈ અકબરીએ ઉદ્યોગની કરોડરજ્જુ સમાન કામદારો અને રોજગારીની તકો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, બ્રાસ ઉદ્યોગ સીધી અને આડકતરી રીતે ૩ લાખ જેટલા લોકોને રોજગારી પૂરી પાડે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આપણે મેન્યુફેકચરિંગ હબ તરીકે સ્થાપિત થઈ ચૂક્યા છીએ, પરંતુ હવે સમય આવી ગયો છે કે આપણે ઈનોવેશન અને નવી ટેકનોલોજીમાં પણ હરણફાળ ભરીએ.

### બ્રાસ ઉદ્યોગ માટે રાષ્ટ્રીય સીમાડાઓ પાર કરવાની સુવર્ણ તકઃ પરેશભાઈ હરપાલ

'ટેક ફેસ્ટ - ૨૦૨૬' ની ભવ્યતા અને તેના આયોજનની ઝીણવટભરી વિગતો આપતા પરેશભાઈ હરપાલ અને ઈવેન્ટ મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝર બ્રિજેશભાઈએ આંકડાકીય માહિતી રજૂ કરી હતી, જે ઉપસ્થિત સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા હતા. પરેશભાઈએ જણાવ્યું હતું કે ૨૦૧૬માં જે સફર ૧૦૦ સ્ટોલથી શરૂ થઈ હતી, તે આજે ૩૦૦ સ્ટોલ અને ૩.૫ થી ૪ લાખ સ્કવેર ફૂટના વિશાળ ડોમ સુધી પહોંચી છે. આ વખતે પ્રદર્શનમાં જર્મન ટેકનોલોજીના અધ્યતન ડોમ અને કાર્પેટનો ઉપયોગ કરવામાં આવશે, જે આંતરરાષ્ટ્રીય કક્ષાનો અનુભવ પ્રદાન કરશે. ખાસ કરીને પાર્કિંગ જેવી સમસ્યાઓનું નિવારણ કરીને આ વખતે ૨૦% થી વધુ 'પ્રીમિયમ અને ક્રીમ કસ્ટમર્સ' ને આકર્ષવાનું આયોજન છે. બ્રિજેશભાઈએ ઉમેર્યું હતું કે, નવા ગ્રાહકો પૈકી ૬૦% વર્ગ ગુજરાત બહારનો છે, જે જામનગરના બ્રાસ ઉદ્યોગ માટે રાષ્ટ્રીય સીમાડાઓ પાર કરવાની સુવર્ણ તક છે.

# રોકડિયા પાકમાં શાકભાજીએ મેદાન માર્યું: સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ભીંડાનું ઉત્પાદન

## ૨૦૨૪-૨૫માં સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૪,૦૦૦ હેક્ટરમાં લગભગ ૧.૫ લાખ ટન ભીંડાનું ઉત્પાદન થયું

**અબતક, ગાંધીનગર**

પ્રગતિશીલ નીતિઓ, આધુનિક ખેતી પદ્ધતિઓ અને ખેડૂતોની સક્રિય ભાગીદારીના પરિણામે ગુજરાતનું બાગાયતી ક્ષેત્ર રાજ્યના કૃષિ વિકાસનું શક્તિશાળી એન્જિન બની રહ્યું છે. આ સકારાત્મક ગતિ રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્ર ૨૦૨૬ પૂર્વે રાજ્ય માટે ઉત્સાહજનક પૃષ્ઠભૂમિ ઊભી કરે છે, જ્યાં સૌરાષ્ટ્ર અને કચ્છની કૃષિ તથા બાગાયતી સિદ્ધિઓને વિશેષ રૂપે રજૂ કરવામાં આવશે.

ગુજરાત સરકારના બાગાયતી નિયામકના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભીંડાના વાવેતર ક્ષેત્રફળ અને કુલ ઉત્પાદનમાં ગુજરાતે દેશભરમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રાજ્યમાં આશરે ૯૩,૯૫૫ હેક્ટર વિસ્તારમાં ભીંડાનું વાવેતર થતું હતું, જેના પરિણામે ૧૧.૬૮ લાખ ટન ઉત્પાદન નોંધાયું હતું.



આ કુલ આંકડામાંથી સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. પ્રદેશ રાજ્યના કુલ ભીંડા વાવેતર વિસ્તારનો આશરે ૧૫ ટકા અને કુલ ઉત્પાદનનો લગભગ ૧૩ ટકા હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ જિલ્લાઓમાં ૧૪,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ભીંડાનું વાવેતર થયું હતું, જેમાંથી આશરે ૧.૫ લાખ ટન ઉત્પાદન પ્રાપ્ત થયું છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ભારતના કુલ શાકભાજી ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૭.૬૬ ટકા રહ્યો હતો. તે જ ગાળામાં, સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશે ૨,૩૨,૫૮૪ હેક્ટર વિસ્તારમાં ખેતી કરીને ૪૭,૯૧,૫૦૪ મેટ્રિક ટન ઉત્પાદન હાંસલ કર્યું હતું. પ્રતિ હેક્ટર ૨૦.૬૦ મેટ્રિક ટનની ઉત્પાદકતા ખેડૂતોની વધતી કાર્યક્ષમતા, સુધારેલી ખેતી પદ્ધતિઓ અને મજબૂત કૃષિ માળખાનું પ્રતિબિંબ છે.

### કૃષિ વિસ્તારના ૨૦ ટકામાં બાગાયતી પાકો ઉગાડવામાં આવે છે

ઉચ્ચ ઉત્પાદકતા અને વધુ આવકના કારણે બાગાયતી પાકો રાજ્યના કૃષિ વિકાસમાં અભિન્ન અંગ બની ગયા છે. રાજ્ય સરકારના સક્રિય પગલાં અને ખેડૂતમૈત્રી નીતિઓના પરિણામે, આજે બાગાયતી પાકો ગુજરાતના કુલ કૃષિ વિસ્તારના આશરે ૨૦ ટકા વિસ્તારમાં ઉગાડવામાં આવે છે, જે તેમના વધતા મહત્વને દર્શાવે છે.

### કેન્દ્ર અને રાજ્ય યોજનાઓથી મજબૂત આધાર

ગુજરાતનો બાગાયતી વિભાગ સંકલિત બાગાયતી વિકાસ માટેનું મિશન/રાષ્ટ્રીય બાગાયતી મિશન જેવી કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓ સાથે અનેક રાજ્યસ્તરીય પ્રોત્સાહન યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી રહ્યો છે. આ યોજનાઓ હેઠળ વિસ્તાર આધારિત ક્લસ્ટર વિકાસ, સંરક્ષિત ખેતી, લણણી પછીની માળખાકીય સુવિધાઓ, કોલ્ડ-ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વચ્છ પ્લાન્ટ સામગ્રી પહેલ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. એમઆઈડીએચ અંતર્ગત ખેડૂતો અને એફપીઓને હાઈ-ટેક બાગાયતી, પોલીહાઉસ, પેકહાઉસ, ગ્રેડિંગ-પેકિંગ લાઇન, તાલીમ, બજાર જોડાણો અને પ્રદર્શન માટે સબસિડી પૂરી પાડવામાં આવે છે.

આ મજબૂત પ્રદર્શન એક મહત્વપૂર્ણ ક્ષણે આવ્યું છે જ્યારે ગુજરાત જાન્યુઆરી ૨૦૨૬ ના

(અનુ. આઠમા પાને)

# મતદારો માટેના ખાસ કેમ્પમાં બે દિવસમાં ૩.૯૮ લાખ ફોર્મ ભરાયા

## હવે આગામી શનિ-રવિ યોજાશે ફરી એકવાર ખાસ કેમ્પ

**અબતક, રાજકોટ**

ચૂંટણી પંચ દ્વારા ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિધ્ધ કરાયા બાદ ગત શનિવાર અને રવિવારે મતદાર યાદીમાં નામ ઉમેરવા અને કમી કરાવવા માટે ખાસ કેમ્પ યોજાયા હતા. જેમાં ૩.૯૮ લાખ ફોર્મ ભરાયા હતા.

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ ૧૯ ડિસેમ્બરના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. હવે તા. ૧૮ જાન્યુઆરી સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઈ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે.

આ દરમિયાન ગત શનિવાર અને રવિવારના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં મતદારોની સુલભતા માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ઉપસ્થિત સ્ટાફે નાગરિકોને નવા મતદાર તરીકે જોડાવવા માટે ફોર્મ નં ૬, મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટે ફોર્મ નં ૭ અને નામ ટ્રાન્સફર તથા અન્ય સુધારા માટે ફોર્મ નં ૮ ભરવામાં મદદ કરી હતી. આ બંને દિવસો દરમિયાન લગભગ ૧૦ લાખ લોકોએ કેમ્પની મુલાકાત લઈને માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં તા. ૨૭ ડિસેમ્બરે આ ખાસ કેમ્પ અંતર્ગત કુલ ૧.૨૨ લાખથી વધુ જ્યારે તા. ૨૮

(અનુ. આઠમા પાને)

# અંબાજી મંદિર પર પાંચ મીટર સુધીની ધ્વજા ચઢાવી શકાશે

## માંઈ ભક્તોની સલામતીને ધ્યાનમાં રાખી લેવાયો નિર્ણય: વિવાદની પણ સંભાવના: ગુરૂવારથી નવો નિયમ અમલી

**અબતક, રાજકોટ**

અંબાજીમાં આઠમની પુજાના દર્શન હવે તમામ લોકો કરી શકશે કોર્ટના આ નિર્ણય સામે ફાટી નીકળેલો વિવાદ હજી શાંત પડયો નથી. ત્યાં મંદિર ટ્રસ્ટ દ્વારા વધુ એક વિવાદિત નિર્ણય લેવામાં આવ્યો છે અંબાજી મંદિરના શીખર પર હવે પાંચ મીટર લંબાઈ સુધીની જ ધ્વજા ચઢાવી શકાશે ભક્તોની સલામતી માટે લેવાયેલા આ નિર્ણયથી આગામી દિવસોમાં વિવાદ ઉભો થવાના એંધાણ વર્તાય રહ્યા છે.

વિશ્વપ્રસિદ્ધ શકિતપીઠ અંબાજી ખાતે આવતા લાખો માઈભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્ત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. મંદિરના સુવર્ણ શિખરની સુરક્ષા અને યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખીને, હવેથી શિખર પર વધુમાં વધુ ૫ મીટર લંબાઈની જ ધજા ચઢાવી શકાશે. આ નવા નિયમનો અમલ આગામી પહેલી જાન્યુઆરીથી કરવામાં આવશે. ધજા ચઢાવવા માટે ભક્તોએ પૂર્વનિર્ધારિત ઓનલાઈન અથવા ઓફલાઈન સ્લોટ બુક કરાવવાના રહેશે.

મંદિર વહીવટીતંત્ર અને ટેકનિકલ નિષ્ણાતોના સર્વેક્ષણ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મંદિરના મુખ્ય શિખર પર રહેલા ધ્વજદંડને આશરે ૧૫ વર્ષ પૂર્ણ થયા છે. ટેકનિકલ તપાસમાં જાણવા મળ્યું છે કે દૈનિક સ્તરે ચઢતી ૫૦થી ૬૦ ધજાઓના વજન અને પવનના દબાણને કારણે ધ્વજદંડને નુકસાન પહોંચી શકે તેમ છે.ખૂબ જ લાંબી ધજાઓ જ્યારે પવનમાં લહેરાય છે, ત્યારે તે સુવર્ણમય શિખરના કવચ સાથે ઘસાય છે, જેનાથી સોનાના કવચને ઘસારો પહોંચતો હોવાનું નોંધાયું છે. ઘણી વખત ભક્તો ૫૦ ગજ કે તેથી વધુ લાંબી



ધજાઓ લાવતા હોય છે. આવી લાંબી ધજાઓ જમીનને અડતી હોવાથી ચાલતા યાત્રિકોના પગમાં આવે છે, જેનાથી અકસ્માતનો ભય રહે છે અને અન્ય ભક્તોની ધાર્મિક

(અનુ. આઠમા પાને)

### થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે અનુંસંધાને

# રાજકોટ ગ્રામ્ય પોલીસ એલર્ટ મોડમાં: ત્રણ એએસપી સહિત ૧૬૪૫ જવાનોનો ચાંપતો બંદોબસ્ત

## ત્રણ ડીવાયએસપી, ૨૭ પીઆઈ, ૪૨ પીએસઆઈ, ૬૨૦ પોલીસ જવાનો, ૭૦૦ જીઆરડી, ૨૫૦ હોમગાર્ડ જવાન ત્રણ દિવસ ખડેપગે

## ગ્રામ્ય વિસ્તારમાં બે પાર્ટીઓને મંજૂરી: ફાર્મ હાઉસ, ફેકટરી, નદી કાંઠે થતાં મેળાવડા પર પોલીસની બાજ નજર રહેશે

### નાઈટ વિઝન ડ્રોનથી પાર્ટીઓમાં સર્વેલન્સ: નશેડીઓને ઝડપી લેવા ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે ટીમો મેદાને

થર્ટી ફર્સ્ટની પાર્ટીઓ ઉપર હવે દારૂ કે ડ્રગ્સની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર શખ્સો ચોક્કસથી પકડાઈ જશે, કેમ કે, રૂરલ પોલીસ ફાર્મ હાઉસ, ખેતરો, નદીના કિનારા સહિતના બહારના વિસ્તારમાં થતી પાર્ટીઓ પણ નજર રાખવા માટે ખાસ નાઈટ વિઝન ડ્રોન કેમેરાથી સર્વેલન્સ કરવાની છે અને સાથે સાથે પોલીસની ટીમ ડ્રગ્સ ટેસ્ટીંગ કીટ અને બ્રેથએનેલાઈઝર સાથે પણ ઉતરશે જેથી ગેરકાયદેસર પ્રવૃતિ કરવાવાળા શખ્સો બચી શકશે નહીં.

**અબતક, રાજકોટ**

નવા વર્ષના વધામણાં કરવાં સમગ્ર દેશની સાથે સાથે રાજકોટ પણ થનગની રહ્યું છે. ત્યારે ૩૧ ડિસેમ્બર એટલે કે વર્ષના અંતિમ દિવસે રાત પડતાં જ લોકો પાર્ટીઓ કરી નવા વર્ષના વધામણાં કરવા ઉજવણીમાં પડી જતાં હોય છે. પરંતુ આ ઉજવણીમાં ખાસ યુવાનો અતિરેક કરી દારૂ-ડ્રગ્સનું સેવન કરે છે અને યુવતીઓની છેડતીના બનાવો પણ સામે આવતાં હોય છે. ત્યારે રાજકોટ રૂરલ પોલીસ પણ હવેના બે દિવસ માટે એલર્ટ મોડમાં આવી ગઈ છે અને જમીનની સાથે આકાશી નજર પણ રાખશે. જે માટે ૩ એએસપી, ૩ ડીવાયએસપી સહિત ૧૬૪૫ પોલીસ અધિકારી-જવાનોનો જંબો પોલીસ બંદોબસ્ત ફાળવ્યો છે.



જે અંગે રાજકોટ ગ્રામ્ય એસપીએ વિગતવાર જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ નવા વર્ષ પહેલાં છેલ્લા ત્રણ દિવસ લોકો ઉજવણીના નામે દારૂ-ડ્રગ્સ સેવન કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ પણ કરતાં હોય છે.

જેમાં ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં બે સ્થળો પર પાર્ટી યોજવાની મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત અનેક ફાર્મ હાઉસ, ફેકટરી, નદીના કિનારે તેમજ ખેતરોમાં પાર્ટીનું આયોજન પણ થતાં હોય છે. જ્યાં પણ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ ન થાય તે માટે

(અનુ. આઠમા પાને)

### પ્રજાજનોને નવા વર્ષની શુભકામના: એસપી વિજયસિંહ ગુર્જર

નવા વર્ષના આગમન પહેલા જ રાજકોટ ગ્રામ્ય એસપી વિજય સિંહ ગુર્જર દ્વારા લોકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે અને સાથે સાથે અપીલ પણ કરી છે કે, કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિથી દૂર રહી નવા વર્ષની હર્ષોલ્લાસની સાથે સાથે સુરક્ષિત ઉજવણી કરો.

### અનિચ્છનીય ઘટનાને ટાળવા કંટ્રોલ રૂમ સ્પેશિયલ વોર રૂમમાં તબદીલ: '૧૧૨'નુ સતત મોનીટરીંગ

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા મુજબ થર્ટી ફર્સ્ટની પાર્ટીઓ પર થતી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે ખાસ યોજના ઘડી કાઢવામાં આવી છે. જેમાં કંટ્રોલ રૂમને સ્પેશિયલ વોર રૂમ બનાવવામાં આવ્યો છે. જેમાં ૧૧૨ ની ટીમના આવતા કોલ પર સતત નજર રાખવામાં આવશે અને જ્યાં જ્યાં પણ સૂચના મળશે ત્યાં પોલીસ દોડી જઈ કાર્યવાહી કરશે.

# એમપીથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા ખુદ પોલીસ પાયલોટીંગ કરતી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

## દારૂના દુષણને ડામવા ગાંધીનગર સુધીકુચ કરવાની કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાની જાહેરાત

**અબતક, રાજકોટ**



ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગલ પર જ ધમધમી રહી છે. મધ્યપ્રદેશથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે ખુદ પોલીસ જ પાયલોટીંગ કરતી હોવાનો સનસનીકેજ આક્ષેપ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ લગાવ્યો છે.

જન આક્રોશ યાત્રાના નવમાં દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે ભાજપના રાજમાં મનરેગા અને નલ સે જલ યોજનામાં વ્યાપક કૌભાંડ થયું છે. છોટાઉદેપુર જિલ્લાના કટકાવાંટ, ચીમળી સહિતના અનેક ગામોમાં ૧૦ વર્ષ અગાઉ નલ સે જલ યોજના હેઠળ નળ નાખવામાં આવ્યા હતા, પરંતુ આજદિન સુધી નળોમાં પાણી પહોંચ્યું નથી. આથી સ્પષ્ટ થાય છે કે યોજનાના નામે કરોડો રૂપિયાની રકમ ખર્ચવામાં આવી હોવા છતાં ગ્રામજનોને પીવાનું પાણી મળતું નથી, જે ગંભીર ભ્રષ્ટાચાર અને વહીવટી નિષ્ફળતાનું જીવતું ઉદાહરણ છે.

વિકાસના નામે આદિવાસી સમાજના જળ, જમીન અને જંગલ છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં મોટાપાયે ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે. ગ્રામજનોની મંજૂરી વગર જ બારોબાર તલાટીઓ દ્વારા લીઝ ફાળવવામાં આવી રહી છે અને સ્પષ્ટ વિરોધ હોવા છતાં ખનન માફિયાઓ સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી નથી, કારણ કે આ ભાજપના જ મળતિયાઓ છે જે ખનન કરી રહ્યા છે. ઉપરાંત,

(અનુ. આઠમા પાને)

# હવે ઠંડી નહીં જ પડે કે શું ?

## ડિસેમ્બર પુરો થવા પર છતાં હજી શિયાળા જેવું લાગતું નથી: હવે માવઠાની પણ વકી

**અબતક, રાજકોટ**

આ વર્ષ જાણે કુદરતના કેલેન્ડરમાંથી શિયાળાની સિઝન ગાયબ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ડિસેમ્બર માસ પૂર્ણ થવા પર છે. પરંતુ હજી શિયાળા જેવું લાગતું નથી. નવા વર્ષ માવઠાની પણ શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. વહેલી સવારે અને રાત્રિ દરમિયાન ઠંડીનો અહેસાસ થાય છે. બપોરે ઉનાળા જેવી ગરમી પડે છે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર અમદાવાદનું લઘુતમ તાપમાન આજે ૧૪.૮ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૧૩.૨ ડિગ્રી, બરોડાનું તાપમાન ૧૫ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૧૫.૬ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૫.૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૧૩.૬ ડિગ્રી, દિવનું તાપમાન ૧૪.૭ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૮.૫ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૪ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૬.૫ ડિગ્રી, નલીયાનું તાપમાન ૧૨.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૪.૨ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૪.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૧૫.૭ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૧૮ ડિગ્રી અને જુનાગઢનું તાપમાન ૧૩.૮ ડિગ્રી નોંધાયું છે. ડિસેમ્બર માસ પુરો થવા છતાં કડકડતી ઠંડી પડતી નથી. હવે આ વર્ષે ઠંડી પડશે કે કેમ તેની સામે પણ લોકોના મનમાં પ્રશ્નો ચકરાવે ચડયા છે. દરમિયાન આગામી ગુરૂવારથી વાતાવરણમાં પલટો આવવાની પણ શકયતા છે. અને માવઠું પડે તેવી સંભાવના પણ હવામાન શાસ્ત્રી દ્વારા વ્યકત કરાય.

# વિધાનસભાના ઉપાધ્યક્ષનું પદ મેળવવા રાજકોટના ધારાસભ્યનું લોબિંગ ?

## સંગઠન અને સરકારમાં સ્થાન મેળવવા કરેલી અથાગ મહેનત નિષ્ફળ જતા હવે છેલ્લી આશમાં પણ લડી લેવાનું મન બનાવ્યું

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મંત્રીમંડળ બાદ પ્રદેશ ભાજપના સંગઠન માળખામાં પણ રાજકોટ શહેરનો સંપૂર્ણ સફાયો થઈ ગયો છે. દરમિયાન જેઠાભાઈ ભરવાડે અચાનક રાજીનામું આપતા ગુજરાત વિધાનસભાનામ ઉપાધ્યક્ષનું પદ ખાલી પડયું છે. સરકાર અને સંગઠનમાં સ્થાન મેળવવા માટે રાજકોટના એક શકિતશાળી ધારાસભ્યએ અથાગ મહેનત કર્યા બાદ પણ સ્થાન ન મળતા હવે આ ધારાસભ્યએ વિધાનસભાના ઉપાધ્યક્ષ બનવા માટે લોબિંગ શરુ કરી દીધું હોવાનું ચર્ચાય રહ્યું છે.

રાજકોટને સ્થાપના કાળથી જ ભાજપના ગઢ માનવામાં આવે છે. ગુજરાતમાં ભાજપની સરકાર બન્યા બાદ એક પણ વખત એવું બન્યું નથી કે રાજય સરકારના મંત્રી મંડળમાં શહેરમાં એકપણ ધારાસભ્યનો સમાવેશ કરવામાં આવ્યો ન હોય, સરકારમાં રાજકોટના સફાયા બાદ સંગઠનમાં પણ એક પણ નેતાને સ્થાન આપવામાં આવ્યું નથી. સરકાર અને સંગઠનમાં રાજકોટ માટે શૂન્યાવકાશ સર્જાય ગયો છે. ભાજપના એક શકિત શાળી ધારાસભ્યએ સૌ પ્રથમ પ્રદેશ ભાજપ પ્રમુખ બનવા માટે પોતાની તાકાત કામે લગાડી હતી. જેમાં સફળતા મળી ન હતી. મંત્રી મંડળના વિસ્તરણમાં પણ મંત્રી પદ મેળવવા માટે દિલ્હી સુધી છેડા લગાવ્યા હતા. પરંતુ તેમાં પણ પછડાટ મળી હતી. સંગઠનમાં મહામંત્રી પદ, ઉપપ્રમુખ પદ અને છેલ્લે મંત્રી પર મેળવવા માટે ભારે મહેનત કરી હતી. પરંતુ તેમાં પણ આ તાકતવર ધારાસભ્ય પાછા પડયા હતા. શહેરના કાર્યકરોમાં ભલે ભારોભાર નિરાશા હોય પરંતુ આ ધારાસભ્ય હજી હિંમત હારવા તૈયાર નથી. જેઠાભાઈ ભરવાડે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દેતા આ જગ્યા ખાલી પડી છે. બજેટ સત્ર પૂર્વ આગામી મહિને જ

(અનુ. આઠમા પાને)

## ભાજપની વિચારધારા છેવાડાના માનવી સુધી પહોચાડો: નવી ટીમને હોમવર્ક

### 'કમલમ' ખાતે ભાજપના નવા નિયુકત હોદેદારોની પરિચય બેઠક: પક્ષને મજબૂત કરવા ૨૪ કલાક કામ કરવાની કટીબધ્ધતા વ્યકત કરતા સંગઠનના સારથીઓ



ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા ગત શનિવારે સંગઠન માળખું જાહેર કર્યુ હતું. જેમાં મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી, કોષાધ્યક્ષ, સહકોષાધ્યક્ષ અને કાર્યાલય મંત્રી ઉપરાંત અલગ અલગ મોરચાના પ્રમુખની વરણી કરવામાં આવી હતી. દરમિયાન ગઈકાલે ભાજપના નવ નિયુકત હોદેદારોની કમલમ ખાતે પરિચય બેઠક યોજાઈ હતી. જેમાં તમામને સત્વરે સંગઠનલક્ષી કામગીરી માટે કામે લાગી જવા માટે હાંકલ કરવામાં આવી હતી. ટીમના સભ્યોએ પણ ભાજપની વિચારધારા છેવાડાના માનવી સુધી પહોચાડવા રાઉન્ડ ધ કલોક કામગીરી કરવાની કટીબધ્ધતા વ્યકત કરી હતી.

ગુજરાતમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા ચૂંટણીની તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. સંગઠનની નવી ટીમ જાહેર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ચારેય મહામંત્રીઓને ઝોનની પણ ફાળવણી કરી દેવામાં આવશે. હવે ગમે ત્યારે શહેર અને જીલ્લાની ટીમની ગમે ત્યારે

(અનુ. આઠમા પાને)